بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-જુન-૨૦૧૦**

જમાદીઉલ આખર-રજબુલ મુરજ્જબ

હિજરી સન : ૧૪૩૧

વર્ષ : ૦૭, અંક : ૦૬, સળંગ અંક : ૭૮



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | મીડિયા આ આતંકવાદીઓની વિગતો દર્શાવતાં કેમ શરમાય છે ?! | ૦૨ |
| ૦૨ | **બેહયાઈ તથા બુરાઈથી બચવાનો શ્રેષ્ઠ કુર્આની ઉપાય !** *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૫ | શિફા શરીફ | ૧૩ |
| ૦૬ | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین | ૧૫ |
| ૦૭ | પર્દાના વિરોધી મુસલમાન પોતાના ઈમાનની જાંચ કરે! | ૧૭ |
| ૦૮ | એલાને હક્ક સંબંધે બુઝુર્ગોનો કિરદાર અને આપણે | ૨૩ |
| ૦૯ | અમીરૂલ મોમિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને તેમની સાદગી તથા ઉદારતા | ૨૯ |
| ૧૦ | હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના ઈશ્કની નિરાલી કૈફિયત | ૩૬ |
| ૧૧ | વર્તમાન યુગમાં બદ્‌મઝહબિયતની પ્રગતિના સબબો અને તેનો ઈલાજ | ૪૧ |
| ૧૨ | બરકાતે ખ્વાજાની ટપાલ... | ૪૫ |
| ૧૩ | લેખ હરીફાઈનું પરિણામ.... | ૪૮ |



**યા રબ મેરી સોઈ હૂઈ**

યા રબ ! મેરી સોઈ હૂઈ તક્દીર જગા દે
આંખેં મુઝે દી હૈ તો મદીના ભી દિખા દે
સુનને કી જો કુવ્વત મુઝે બખ્શી હૈ ખુદાવંદ
ફિર મસ્જિદે નબવી કી અઝાનેં ભી સુના દે
મુદ્દત સે મૈં ઈન હાથોં સે કરતા હૂં દુઆએં
ઈન હાથો મેં જાલી વો સુનહરી ભી થમા દે
હુરોં કી ન ગિલ્માં કી ન જન્નત કી તલબ હૈ
મ-દ-ફ-ન મેરા સરકાર કી બસ્તી મેં બના દે
મુંહ હશ્ર મેં મુઝકો ન છુપાના પળે યા રબ
મુઝકો તેરે મેહબૂબ કે દામન મેં છુપા દે
**'ઈશ્રત'** કો ભી અબ ખૂશ્બૂ એ હસ્સાન અતા કર
જો લફ્ઝ કહે વોહ ઉસે તૂ નઅત બના દે

**:: નમ્ર વિનંતિ ::**

એહલે સુન્નત વ જમાઅતના પ્રચાર માટે કલમી જેહાદ ચલાવી રહેલ આપના પ્યારા માસિક **"બરકાતે ખ્વાજા"**ના મેમ્બરોમાં વધારો કરી ઈલ્મે દીનની ખિદમતમાં જોડાઈ જાવ ! અલ્લાહ તઆલા જઝાએ ખૈર આપે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

મુસ્લિમ નામી કહેવાતા આતંકવાદીઓના સમાચારો લચકદાર બનાવી રજૂ કરતું....



# મીડિયા આ આતંકવાદીઓની વિગતો દર્શાવતાં કેમ શરમાય છે ?!

કાર્યાલય

આ સમાચારો ક્યાં તો એમની નજરમાં ત્રાસવાદના નથી અથવા તો જે લોકો ત્રાસવાદી પ્રવૃતિમાં ઝડપાઈ ગયા તેમનાં નામો જાણી તેઓ અતિ ઉદાસ થઈ ગયા લાગે છે ! નહીં તો અત્યાર સુધી જે પણ આતંકવાદીઓની તપાસ ચાલતી રહી તેની રજે રજની નવી નવી વિગતો રોજ મીડિયામાં સતત પ્રદર્શિત થતી, વર્તમાન પત્રોમાં છપાતી, પણ અત્યારે **આટલી ગંભીર તપાસ ચાલી રહી છે છતાં કોઈ પણ છાપામાં ક્યાંય ટુકડો સમાચાર પણ નથી જોવા મળતા ?! આવો પક્ષપાત શાથી ?!** આ ત્રાસવાદીઓથી તેમને શું હમદર્દી છે ?!

તાજા સમાચાર છે કે, "અજમેર શરીફની હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની દરગાહમાં ઓક્ટોબર–૨૦૦૭માં થયેલા બોમ્બ વિસ્ફોટની તપાસ કરી રહેલ ATS ની ટીમને ચાર દિવસ પછી એક મહત્વપૂર્ણ સિદ્ધિ મળી છે. એ. ટી. એસ. દ્વારા પકડાયેલા સંઘ પ્રચારક દેવન્દ્ર ગુપ્તા, ચંદ્રશેખર લેવે અને વિષ્ણુ પાટીદારની પૂછપરછ દરમ્યાન કાવતરાનો પર્દાફાશ થયો હતો. કાવતરામાં કટ્ટરવાદી સંગઠન સાથે સંકળાયેલા દસથી વધુ લોકો સામેલ છે. વિસ્ફોટ માટે બોમ્બ હૈદરાબાદમાં તૈયાર કરવામાં આવ્યો હતો ત્યારબાદ બોમ્બને ઈન્દોરના માર્ગે અજમેર શરીફ મોકલવામાં આવ્યો હતો. ATS આ કાવતરામાં સામેલ તમામ આરોપીઓનાં નામ કોઈપણ સમયે જાહેર કરી શકે છે. *(ગુજરાત ટુડે, ૪/૫/૨૦૧૦)*

એ પણ સમાચાર છે કે, "સાક્ષીઓએ લેફટન્ટ કર્નલ પુરોહિતને આમ કહેતાં સાંભળ્યો હતો કે તેણે સેનાના શસ્ત્ર ભંડારમાંથી ૫ કિ.ગ્રા. આર.ડી.એક્સ. ચોર્યું હતું જેનો ઉપયોગ "સમઝૌતા એક્સપ્રેસ" ટ્રેનના ધડાકામાં કરાયો હતો. એક પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે અમારી પાસે દયાનંદ પાંડેનું કબૂલાતનામુ છે જેમાં તેણે કહ્યું છે કે ઓગષ્ટ–૨૦૦૭માં દેવલાલીમાં યોજાયેલી એક બેઠકમાં માલેગાંવ વિસ્ફોટના આરોપી સુધાકર ચુતર્વેદી પુરોહિત, સેવા નિવૃત્ત મેજર રમેશ ઉપાધ્યાય, પાણીપતમાં ઉર્સના પ્રસંગે હુમ્લો કરવાનું કાવતરૂ ઘડી રહ્યા હતા તથા અહીં પણ પુરોહિતે વિસ્ફોટની વ્યવસ્થા કરવાનુ વચન આપ્યુ હતું. જ્યારે ચતુર્વેદીએ તે બોમ્બ ગોઠવનાર વ્યક્તિની વ્યવસ્થાની જવાબદારી સ્વીકારી હતી. *(ગુજરાત ટુડે, ૪–૫–૨૦૧૦)*

વધુમાં છે કે, "મે–૨૦૦૭માં હૈદરાબાદમાં થયેલા મક્કા મસ્જિદ બ્લાસ્ટ અને ઓકટોબર–૨૦૦૭માં અજમેર દરગાહના બ્લાસ્ટમાં સંબંધ હોવાની બાબત સપાટી ઉપર આવી છે. બંને બોમ્બ બ્લાસ્ટના મામલામાં કડી એક સમાન છે તેવો દાવો સી. બી. આઈ. દ્વારા કરવામાં આવ્યો છે. સીબીઆઈના ડિરેક્ટર અ□નીકુમારે કહ્યું કે અમારા અધિકારીઓ એવા તારણ ઉપર પહોંચ્યા છે કે મક્કા મસ્જિદ બ્લાસ્ટ હૈદરાબાદ અને અજમેર દરગાહ બ્લાસ્ટ વચ્ચે ખૂબ જ સમાનતા છે. તેમજ એ પણ સમાચાર છે કે રાજસ્થાનના એક "નાગરિક અધિકાર સમૂહે" સોમવારે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ (RSS) પર 'ગેરકાયદેસર ગતિવિધિ નિવારણ' કાયદા હેઠળ પ્રતિબંધ લાદવાની માંગ કરી છે. આ માંગ અજમેર શરીફ વિસ્ફોટમાં સંઘના સક્રિય પ્રચારકોની ધરપકડ બાદ કરાઈ છે. ૨૦૦૮ના જયપુર બોમ્બ વિસ્ફોટની નવેસરથી તપાસની પણ માંગ કરાઈ છે. અહીં આયોજિત પત્રકાર પરિષદમાં "રાજસ્થાન સદભાવ મંચ"ના સંયોજક સવાઈ સિંહે જણાવ્યું હતું કે, હવે આ વાતના પુરાવા છે જે દર્શાવે છે કે આર. એસ. એસ.ના વડપણ હેઠળ કામ કરનાર 'અભિનવ ભારત' નામક સંગઠને જ અજમેર શરીફ, માલેગાંવ તથા હૈદરાબાદની મક્કા મસ્જિદમાં વિસ્ફોટ કર્યા હતા. *(ગુજરાત ટુડે, ૫/૫/૨૦૧૦)*

મોડે મોડે પણ હવે સાડા ત્રણ વરસોના લાંબા અરસા બાદ પણ રહસ્ય ખુલ્યું કે આ ધમાકાના માસ્ટર માઈન્ડ પણ **આર. એસ. એસ.**ના એક પ્રચારક સાધ્વી પ્રજ્ઞા ઠાકર તથા લેફટન્ટ કર્નલ શ્રીકાંત પ્રસાદ પુરોહિતના નેટવર્કનો એક વધુ પેજ નં. **૧૬**.....પર

# બેહયાઈ તથા બુરાઈથી બચવાનો શ્રેષ્ઠ કુર્આની ઉપાય !

તંત્રી લેખ

***ઝિંદગી ઝિંદા દિલી કા નામ હૈ-મુર્દા દિલ ક્યા ખાક જીયા કરતે હૈં***

**પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** માણસને અલ્લાહ તઆલાએ 'અશરફુલ મખ્લૂક઼ાત' એટલે સર્વ સર્જનોમાં શ્રેષ્ઠ બનાવ્યો છે. પથ્થરો, વનસ્પતિ, વાનર, કૂતરાં, ગધેડાં, બળદ, સુવ્વર વગેરે સૌ જાનવરો કરતાં શ્રેષ્ઠ માનવને દર્શાવ્યો છે. માનવમાં સૌથી અધિક બુધ્ધિ રાખી, સારા નરસાનો એહસાસ તથા અનુભૂતિ માનવીને જ બખ્શી છે, નીતિ અનીતિ તથા માન અપમાનની સમજ માનવને જ અર્પી છે, એના સીનામાં એક નાનો સરખો ગોશ્તનો ટુકડો (દિલ) મૂક્યો છે પણ તે લાગણીઓ તથા ભાવનાઓના, પ્રેમ તથા મહોબ્બતના મહા પુરને તેમાં સમાવી શકે છે અને કશાકથી નારાજ થાય તો નફરતોની આગ તેમાં જ્વાળામુખી જેમ ફાટી નીકળે છે, સારાંશ કે એહસાસોથી ભરપુર દિલ તેના સીનામાં છે. અને વિચાર શક્તિ માટે ભલા બુરાનુ જજમેન્ટ લેવા માટે વિચારશીલ દિમાગ અતા કર્યું છે. દિલો દિમાગના સમન્વયથી માનવી ક઼દમ ભરે છે અને સાથોસાથ સૌથી મોટુ અલ્લાહનુ એહસાન એ છે કે તેણે આપણને જિંદગી સારી રીતે કામયાબ રીતે જીવવા માટે એક **"જીવન બંધારણ"** આપ્યું તે છે **"કુર્આન"** ! અને તેની સમજણ આપવા આપણને તેના પ્યારા મહબૂબ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ અર્પણ કર્યા જેમના કથનોને **"હદીષ"** કહીએ છીએ. અને તેમના જાહેરી પર્દો કર્યા બાદ હવે ક઼યામત સુધી ઉલમાએ હક઼્ક઼ની જમાઅત એને (કુર્આન હદીષને) સમજાવતી રહેશે.

### ★ જાનવરથીય બદતર કોણ ? ★

સારાંશ એ નીકળે છે કે કુર્આન હદીષને અનુસરનાર જ 'અશરફુલ મખ્લૂક઼ાત'ના લક઼બને પાત્ર છે, કારણ કે **જાનવરો કુર્આન હદીષને નથી સમજતાં નથી અનુસરતાં, તો જે માનવી કુર્આન હદીષનાં ફર્માનો વિરૂદ્ધ જીવશે તે જાનવરથી બદતર ગણાશે,** કારણ કે જાનવરમાં ન સમજ શક્તિ છે ન બુધ્ધિ છે અને ન તેને એના પર ચાલવાનો હુકમ છે. તો **દરેક માનવી પોતાની હૈસિયત આ આઈનામાં જોઈ લે કે પોતે શું છે ?** 'અશરફુલ મખ્લૂક઼ાત'ના લક઼બને પાત્ર છે કે જાનવરથીય ગયો ગુજર્યો છે ?! અને જો એકાંતમાં દિલમાંથી અવાજ આવે, દિમાગ ક઼બૂલી લે કે તું બીજા પ્રકારમાંથી છે, તો હે ઈન્સાન ! શા માટે તારી દુનિયા તથા આખેરત ખરાબ કરે છે ?! આવી જા ! સીધા માર્ગ પર ! આવી જા ! અલ્લાહ વ રસૂલના માર્ગ પર ! આવી જા ! આવી જા ! અને તૌબા કરી લે ! શૈતાન રાજી થાય તેવાં કુકર્મોને ત્યજી દે અને રબની રઝામાં લાગી જા, અને તારી દુનિયા તથા આખેરત બંનેવમાં સુકૂન તથા ઈત્મિનાન ભરી લે. દિલમાંથી દુનિયાની જૂઠી મહોબ્બતોને હાંકી કાઢ અને તારા ખાલિક઼ માલિક તથા તેના પ્યારા મહબૂબ ﷺની મહોબ્બતને જગા આપી દે, પછી જો જીવવાની મજા !

### ★ ક્યાં જશે આ ક઼ૌમ ? કોણ બચાવશે એને ?! ★

હે લોકો ! આજે દિલોનો એહસાસ મરી પરવાર્યો લાગે છે ! દિલોમાં મુર્દાપન છવાઈ ગયું છે ! એકદમ ગંભીર બનીને તમે તમારી આસપાસના માહોલ પર પરીક્ષણની તીવ્ર દષ્ટિ દોડાવો, તમારા ઘરમાં,

તમારા પડોશમાં, તમારા સમાજમાં સવારથી રાત સુધી અને રાતથી સવાર સુધી ૨૪ કલાકમાં ક્યાં ક્યાં અને કેવાં કેવાં ગુનાહોનાં કામો થઈ રહ્યાં છે. **"મુસલમાન"** નો અર્થ તો **"રબના હુકમ સાથે ગરદન નમાવી દેનાર"** થાય, પણ રબના હુકમ સામે તેની ગરદન કેટલી નમેલી છે તે જોઈ લો ! તમારા ઘરમાં જ જુઓ ! ફજરનો સમય થયો, રોજીની વહેંચણીની મુબારક બરકતી ઘડીઓ આવી, અલ્લાહના મુનાદીએ એલાન કર્યું **"આવો ભલાઈની તરફ !" "નમાઝ ઊંઘથી બેહતર છે !"** પણ દરેક ઘરમાં સન્નાટો છે ! યુવાન, વડીલ, ભાઈઓ, બહેનો સૌને ભલાઈની જાણે જરૂરત નથી ! **અલ્લાહ તરફથી એલાન છે કે "નમાઝ ઊંઘથી બેહતર છે !"** છતાં તેને અવગણીને ઊંઘને એવી ગળે લગાડવામાં આવે છે કે તડકો થતા સુધી બલ્કે ૧૦–૧૨ વાગતાં સુધી લોકો ઊંઘનારા છે ! ક્યાં છે મુસલમાની ?! રાતભર ઘરે ઘરમાં નિત્યક્રમ પ્રમાણે T.V. પર લગભગ સૌ ભાઈઓ, બહેનો બેહયા ફિલ્મો, સિરિયલો અથવા મેચો જુએ છે, જેમાં ભાડુતી સુંદર સ્ત્રીઓ "ચિયર્સ ગર્લ્સ !" થોડી થોડીવારે પોતાની ઈજ્જતને લીલામ કરી રહી હોય છે, તો વળી જાહેરાત કરતી મોડેલ થોડી થોડીવારે અર્ધ નગ્ન હાલતમાં નાચે છે, ફાસિક, ફાજિર તથા કાફિર ખેલાડીઓ રમત રમી પોતાની કમાણી કરી રહ્યા હોય છે, ઓર્ગેનાઈઝરો પૈસા કમાઈ રહ્યા હોય છે, **તેના સ્કોરની ફિકરમાં મુસલમાન કાનૂને ઈસ્લામથી બગાવત કરી રાત રાતભર જાગે છે ! તેને ખૂદ પોતાના નેકી ગુનાના સ્કોરની ફિકર નથી કે તેનો સ્કોર તથા રકોર્ડ પણ પળ પળનો નોંધાઈ રહ્યો છે !** અને જ્યાં અસંખ્ય ગુનાહનાં કામો થઈ રહ્યાં છે તથા ફુઝૂલ નાણા વેડફાઈ રહ્યાં છે તે રમતોને જોઈને ફર્માને રસૂલ ﷺ પ્રમાણે પોતાની આંખમાં કયામતમાં આગના સળીયા ભોંકાવવાની તૈયારી કરીને પણ કહી રહ્યાં છે કે "મજા આવી ગઈ !" હે મુસલમાન ! તૌબા કર ! નહીં તો કયામતમાં એની મજા જોઈ લે જે ! **આમાં કોઈ અપવાદ પણ નથી ! ઘણા બધા હાફિઝો, મૌલાના પણ, ઈમામો પણ અને કહેવાતા પીર તથા ખલીફા હઝરાત પણ ! ટી. વી. ના શોખિન છે !** (ઈલ્લા માશાઅલ્લાહ !) ક્યાં જશે આ કૌમ ?!

***દિન લહ્વમેં ખોના તુઝે – શબ સુબ્હ તક સોના તુઝે***
***શર્મે નબી ખૌફે ખુદા – યહ ભી નહીં વહ ભી નહીં !*** *(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

### ★ નેક કામના પ્રસંગમાં મહાન ગુનોહ ! ★

ઘરની બહાર નીકળો તો એ સ્થિતિ છે કે નજર ઉઠી નથી ને ગુનોહ થયો નથી ! **કુર્આનમાં મુસલમાન સ્ત્રીને પર્દામાં રહેવાનો હુકમ છે,** પોતાના શરીરનાં સર્વ અંગો તેમજ બહાર નીકળે તો ચહેરાને ઢાંકવાનો આદેશ ! છતાં સામાન્યતઃ પહેરવેશો એવા બની ગયા કે જાણે ઠેર ઠેર સુંદરીઓની હરીફાઈ રચાઈ છે ! અને શાદી પ્રસંગે ! અલ્લાહુ અકબર ! **એવું જણાશે જાણે કે આ કોઈ મુસલમાન કૌમ નથી બલ્કે કોઈ ગૈર કૌમ છે જેમને કુર્આનનો એ હુકમ લાગુ નથી પડતો !** શાદીના ફંકશનમાં શું કે ૧૧મી શરીફની કે અન્ય ન્યાઝ જમવાના ફંકશનમાં શુ ?! સર્વ સમાન જ લાગે ! જ્યારે કે **બંનેવ નેકીનાં કામો છે !** નિકાહ તથા વલીમો પણ સુન્નતે રસૂલ પર અમલ કરવાનો દિવસ છે અને ન્યાઝ જમાડવું પણ વલીની બારગાહમાં સવાબનું નઝરાણુ છે, પણ બંને નેક કામોમાં બેપર્દગીનો માહોલ, સ્ત્રી પુરૂષોની ભેળસેળ ગુનાહોની ભરમાર ખડી કરી આપે છે, કોઈ બંદાને સ્ત્રી પુરૂષો વચ્ચે પાર્ટીશન કરવાની કે સ્ત્રીઓમાં ૧૦–૧૨ વર્ષના માઈનોર છોકરા થકી કે બહેનો થકી જ ખાવાની વહેંચણી કરવાની સુઝ પડતી નથી અને **સુઝ પાડવા છતાં અમલ કરવો નથી !** બલ્કે એને લફરુ સમજે છે ! આ મુસલમાનો છે જેમને ઈસ્લામી કાનૂનથી જાણે અણગમો છે ! આટલો મહાન ગુનો ! તે પણ આવાં નેક કામોમાં મુસલમાનો જ કરી રહ્યા છે, અસ્તગફિરુલ્લાહ ! ક્યાં સુધી વર્ણન કરવામાં આવે ?

## ★ બેહયાઈ તથા બુરી વાતોથી બચવું છે ?! ★

દરેક બેહયાઈ તથા બુરાઈથી બચવું ફર્ઝ છે. આવો ! કુર્આનને જ પૂછીએ કે આ બેહયાઈ તથા બુરી વાતોથી બચવાનો ઈલાજ શું છે ? રબ જે ઈલાજ બતાવશે એનાથી શ્રેષ્ઠ ઈલાજ કોનો ?! ફર્માને ખુદાવંદી છે, **اِنَّ الصَّلٰوةَ تَنۡهٰى عَنِ الۡفَحۡشَآءِ وَ الۡمُنۡكَرِ "બેશક ! નમાઝ બેહયાઈ (બેશરમી) તથા બુરી વાતોથી રોકનાર છે."** *(સૂ. અનકબૂત, આ. ૪૫)*

**તફસીર** : એટલે શરીઅતે મના કરેલી બાબતોથી. માટે જે માણસ નમાઝનો પાબંદ બને છે એને સારી રીતે પઢે છે પરિણામે એક દિવસ એવો આવે છે કે તે બધી બુરાઈઓને ત્યજી દે છે, જેમાં તે પહેલાં સપડાયેલો હતો. હઝરત અનસ رضی اللہ એ બયાન કર્યું છે કે, એક અન્સારી યુવાન હુઝૂર ﷺ સાથે નમાઝ પઢયા કરતો હતો અને ઘણા બધા કબીરા ગુનાહો પણ કરતો હતો. હુઝૂર ﷺને એ બાબતે કહેવામાં આવ્યું ત્યારે આપે ફર્માવ્યું કે, એક દિવસ તેની નમાઝ તેને આ વાતોથી રોકી લેશે. પછી ટૂંકા ગાળામાં જ તેણે એ વાતોથી તૌબા કરી લીધી અને તે સુધરી ગયો. હઝરત હસન رضی اللہ એ ફર્માવ્યું છે કે, જેની નમાઝ તેને નિર્લજજતા અને મનાઈ કરેલી બાબતોથી અટકાવે નહીં તે નમાઝ જ નથી. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

સહીહ નમાઝ જે પાબંદી તથા હુઝૂરે (હાજર) દિલથી પઢવામાં આવે તે જરૂર બુરી આદતો છોડાવી આપે છે. જે નમાઝી લોકો બુરી આદતો નથી જ છોડતા તેઓ સાચા અર્થમાં નમાઝ જ નથી પઢતા. નમાઝને તેના કાનૂન પ્રમાણે શરીઅતના સૂચવેલ તરીકા પ્રમાણે પઢવામાં આવે.

## ★ ફજરમાં મસ્જિદથી સદાય ગાયબ ! ★

પ્યારા દીની ભાઈઓ ! સાંભળો ! રસૂલે પાક ﷺને પોતાની ઉમ્મતની હમેશાં ફિકર રહી, જેથી આપણે પણ **ઉમ્મતે મુસ્લિમાની દુનિયા તથા આખેરતના ભાવિની ફિકર ચિંતામાં, તેના ગમમાં રહેવું એ નબી કરીમ ﷺની "સુન્નત" છે.** માટે હે દીની ભાઈઓ ! બહેનો ! તમે પણ આ ફિકરને ગળે લગાડી લો તો એક મહાન સુન્નત પર અમલનો સવાબ મળશે. હવે સમજો કે, આજે મોટા ભાગે ફજરની નમાઝમાં તમો કોઈ મસ્જિદમાં ચાલ્યા જાવ, **જો તમારા દિલમાં તમારી કૌમની લાગણી તથા ફિકર હશે તો તમારું જિગર કપાઈ જશે ! પૂરી બે નસલો** (પેઢીઓ) **મસ્જિદથી કટ** થયેલી જણાશે, એક **"ટીનેજર્સ (અંડર ૨૦)"** અને ત્યાર પછીની **"યંગ પેઢી"** મસ્જિદથી ફજરમાં સદા ગાયબ છે ! (ઈલ્લા માશાઅલ્લાહ !) **એટલું જ નહીં !** વૃદ્ધોમાં પણ અમુક જ આવે છે, પણ કેટલાય એવા છે કે જેમણે કબ્રમાં પગ નાખ્યા છે છતાં ખુદાનો ખૌફ નથી દિલમાં પેદા થતો ! **એટલું જ નહીં ! સો વાર માફી સાથે વર્ણવું છું ! માફ કરજો !** પણ આપણા હુફ્ફાઝે કિરામમાંથી ઘણા ખરા તથા કેટલાક મૌલાના પણ અને ઘણા ખરા કહેવાતા સૂફીઓ "પીરે તરીકત અને રહબરે શરીઅત" લકબો સાંભળી પોતે દિલમાં ખુશ થનારા પણ મસ્જિદથી અદશ્ય હોય છે ! (જેઓ શરઈ મઅઝૂર હશે તેમની વાત નથી) અને ઈશામાં પણ સંખ્યા ઓછી જણાય છે. ઈશાના સમયે T.V. પર કે ટોળીઓમાં ઠેર ઠેર ઘેર ઘેર મનોરંજન કે લચ્છેદાર વાતો કે ગીબતોનો નિત્ય કોર્સ ચાલુ હોય છે કે પછી રાત્રિ મેચો જોવા કે રમવા પાછળ દોડતા હોય છે. તો મસ્જિદથી દૂર રહેનારાઓ સાંભળી લો ! તમે આશિકે રસૂલ ﷺ હોવાનો દાવો કરો છો ને ! નબી ﷺને હાઝિર નાઝિર જાણો છો ને ! તો જાણી લો કે હુઝૂર તમને જુએ છે, તમે મસ્જિદે નથી જતા તે તથા અન્ય તમારા સારા અમલો તથા બુરાં કરતૂતો પર તેમની નજર છે ! તો હવે દિલ પર હાથ રાખીને સાંભળો ! રસૂલે ખુદા ﷺ શું ફર્માવે છે ?!

## ★ મસ્જિદે ન આવનાર પર નબી ﷺનો જલાલ ! ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, એ ઝાતની કસમ ! જેના કબજામાં મારી જાન છે, મેં ઈરાદો કર્યો કે કેટલાક લોકોને લાકડીઓ જમા કરવાનો હુકમ આપુ, પછી નમાઝના માટે અઝાન કહેવાનો હુકમ આપુ, પછી કોઈને હુકમ આપુ કે તે ઈમામત કરે, ત્યાર બાદ એને છોડીને **એ લોકો તરફ જાઉં જેઓ જમાઅતમાં હાજર નથી થતા, અને તેમનાં ઘરોને સળગાવી દઉં !** કસમ છે એ જાતની જેના કબજામાં મારી જાન છે ! આ લોકો જો એવું જાણતા કે તાજુ હાડકુ તથા ઉમદા ગોશ્ત ભરેલાં હાડકાં પામશે તો જરૂર ઈશામાં શરીક થતા ! *(બુખારી, ૧/૮૯ બહવાલા નુઝહતુલ કારી શરહે બુખારી, ભાગ–૩, હદીષ–૪૨૫)*

ઘરમાં કોઈ અણગમતુ કામ બને અને બાપ ગુસ્સે થઈ જાય તો સૌમાં ભાગદોડ મચી જાય, પણ આ કહેવાતા આશિકે રસૂલ ભાઈઓ છે કે જેમને રસૂલથી મહોબ્બત બાપથી વધુ હોવાનો દાવો છે બલ્કે પોતાની જાનથી વધુ હોવાનો દાવો છે ! છતાં હાલત એ છે કે તે રસૂલ જમાઅતમાં ન આવનારાઓને "તેમનાં ઘરો સમેટ સળગાવી દઉં !" એવો જલાલ પ્રદર્શિત કરી રહ્યા છે, છતાં ભાઈ નિરાંતે પોતાના ખેલમાં મસ્ત છે ! આ કેવી મુસલમાની છે ? અને આ કેવો ઈશ્ક છે ?! કાંઈ સમજ પડતી નથી !

## ★ મુનાફિકો માટે ફજર તથા ઈશાથી અઘરી કોઈ નમાઝ નથી ! ★

ભાઈઓ ! ત્યારે ઈશા તથા ફજરમાં કોણ આવતુ ન હતું જાણો છો ?! કેમ કે સહાબા તો સર્વ નમાઝી હતા, કોઈ ફાસિક ન હતા. તો તેનો ખુલાસો આ હદીષમાં વાંચો અને કાંપી ઉઠો ! અને તમારામાં ઈમાની ગૈરત બાકી હોય તો હુઝૂરના જલાલને સમજો !

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ ફર્માવ્યું કે નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મુનાફિકો પર ફજર તથા ઈશાથી અધિક અઘરી કોઈ નમાઝ નથી, **જો તેઓ જાણતા કે આ બંનેવમાં શો સવાબ છે તો આ બંનેવમાં જરૂર આવતા, ભલે ઘસેડાતા ઘસેડાતા.** મેં નિશ્ચય કરી લીધો છે કે મોઅઝ્ઝિનને ઈકામત કહેવાનો હુકમ આપુ પછી કોઈ શખ્સને હુકમ આપુ કે લોકોની ઈમામત કરે, પછી આગના અંગારા લઈને **તે લોકોને સળગાવી દઉં** જેઓ અત્યાર સુધી નમાઝના માટે ઘરેથી નથી નીકળ્યા. *(બુખારી, ૧/૯૦ સલાત, હવાલો ઉપર મુજબ, હદીષ–૪૩૨)* ભાઈઓ ! કાંઈ સમજ પડે છે ! જે "રહ્મતુલ્લિલ્ આલમીન" છે તે રહમતવાળા રસૂલ ﷺ નમાઝની જમાઅત છોડનાર પર કેટલા ખફા છે ?! કોઈનુ ઘર કોઈ ક્યારે સળગાવી આપે ?! કેટલો સખત નારાજ થાય તો સળગાવી દે ?! તો એ જ કાર્ય કરવાનુ તમારા પ્યારા રસૂલે ખુદા ﷺ કહે છે, છતાં તમારું દિલ નથી ધ્રુજતુ કે નથી પીગળતું ?! તો દિલમાં ઈમાન કઈ ચીજને તમે કહો છો ?! ઈમાની ગૈરત શરમ હોય તો જરૂર તમે શરમાઈ જશો, ગભરાઈ જશો અને મસ્જિદ તરફ દોડશો. વળી "મુનાફિક" એટલે કોણ ? તેમનું ઠેકાણુ ક્યાં છે, તે જાણો છો ?! સાંભળો "મુનાફિક" એટલે જાહેરમાં કલ્મા ગો મુસલમાન કહેવાય પણ દિલથી ઈસ્લામનો દુશ્મન, વિરોધી, નબીનો વિરોધી, અને કુર્આનમાં "મુનાફિક"નું સ્થાન તથા અંજામ શું છે તે જાણી લો !

"બેશક ! **મુનાફિકો જહન્નમના સૌથી નીચલા સ્તરમાં હશે** અને તેમના માટે કોઈ હરગિઝ મદદગાર ન હશે." *(સૂ. નિસાઅ–૧૪૫)* હે લોકો ! હવે તો સમજો અને પાકો નિશ્ચય કરી લો કે હવે અમો નમાઝ તે પણ બાજમાઅત હમેશાં પઢીશું. ઈન્શાઅલ્લાહ ! વળી નમાઝ બાજમાઅત પઢનારને શું શું ઈનામો મળે છે તે પણ જોતા ચાલો.

## ★ કયામતના ભયાનક હંગામામાં અર્શનો સાયો કોને મળશે ? ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું, સાત માણસોને અલ્લાહ ﷻ તે દિવસે પોતાના સાયામાં રાખશે જે દિવસે તેના સાયા સિવાય કોઈ સાયો હશે નહીં. ઈન્સાફ કરનાર બાદશાહ, અને તે જે પોતાના પરવરદિગારની ઈબાદતમાં બચપનથી યુવાન થયો, અને **તે શખ્સ જેનું દિલ મસ્જિદમાં લાગેલુ રહે છે,** અને તે બે શખ્સો જેમણે આપસમાં અલ્લાહના માટે મહોબ્બત કરી, એના માટે જ ભેગા થયા અને એના માટે જ જુદા પડયા, અને **તે શખ્સ જેને કોઈ મોભાદાર સુંદર સ્ત્રીએ બોલાવ્યો તો તેણે કહી આપ્યું કે હું અલ્લાહથી ડરું છું.** અને તે શખ્સ જેણે છુપી રીતે **સદકો કર્યો** ત્યાં સુધી કે તેના ડાબા હાથને ખબર નથી કે તેનો જમણા હાથ શું ખર્ચ કરે છે, અને તે શખ્સ જેણે એકાંતમાં **અલ્લાહની યાદ કરી** તો તેની **આંખો વહેવા લાગી.** *(બુખારી, ૧/૯૧, નુઝહતુલ કારી શરહે બુખારી, ભાગ–૩, હદીષ–૪૩૩)*

પ્યારા દીની ભાઈઓ ! એક ઈમાનવાળાની જિંદગીની ઈસ્લાહ માટે આ એક હદીષ જ પૂરતી થઈ પડે તેમ છે, એને વારંવાર વાંચો અને મનન કરો અને દિલને ખુદાના ખૌફથી ભરી દો. બીજી વાતોને છોડી કેવળ આપણા વિષયને લગતી વાત કે, "જેનું દિલ મસ્જિદમાં લાગેલુ રહે તેને અર્શનો સાયો નસીબ થશે." અને આ તેની નજાતની બશારત છે જેથી આપણે એક નમાઝ પછી બીજી નમાઝના ઈંતેઝારમાં રહેવું જોઈએ, ભલે અન્ય કામોમાં રહીએ પણ એક નમાઝ બાદ બીજી નમાઝે મસ્જિદે જવા આવવાનો સતત દિલમાં ખયાલ રાખવો જોઈએ.

## ★ મસ્જિદે જનાર અલ્લાહનો મહેમાન છે ! ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું, જે સવારે અથવા સાંજે મસ્જિદમાં જાય તો અલ્લાહ ﷻ જન્નતમાં તેની મહેમાનીનો સામાન પૂરો પાડે છે, જ્યારે જ્યારે જાય. *(હવાલો ઉપર મુજબ, હદીષ–૪૩૪)* પ્યારા દીની ભાઈઓ ! કોઈ મોભાદાર વ્યક્તિને ત્યાંથી તમને દા'વત આવે તો તમે ફુલાઈ જાવ છો અને અચૂક જાવ છો કે જો નહીં જાઉં તો દા'વત આપનારને ખોટુ લાગશે ! તે નારાજ થઈ જશે, જ્યારે અહીં તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ખૂદ તમને પાંચ ટાઈમ દા'વત આપે છે અને તમારી મહેમાનીનો ઈન્તેઝામ જન્નતમાં કરે છે, તો શું રબની દા'વત તમને મન્ઝૂર નથી ?! અને જન્નતમાં મહેમાની માણવાની ઈચ્છા નથી ? અને તમારી દા'વત ઠુકરાવવાથી રબના ગઝબની તમને જરાય બીક નથી ?!

## ★ ટેન્શનો દૂર કરવાનો ઈલાજ નમાઝ ! ★

કેટલાક કહે છે કે, "હું ટેન્શનમાં છું એટલા માટે નમાઝ પઢવા નથી આવતો ! મારી પરેશાની જરા દૂર થાય તો કાંઈ સમજ પડે !" તો એવો માણસ જાણી લે કે ટેન્શન દૂર કરવાનો ઈલાજ જ નમાઝ છે.

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **બેશક ! અલ્લાહને પોતાના બંદાથી શરમ આવે છે જ્યારે જમાઅતમાં નમાઝ અદા કરે છે, પછી પોતાની હાજતને પૂર્ણ કરવાની માંગ કરે છે ત્યાં સુધી કે એ એને પૂરી કરી આપે.** *(ઈબ્ને નજ્જાર, બહવાલા તોહફાએ નજાત, ભાગ–૧૫, અઝ : મૌલાના યૂનુસ મિસ્બાહી)*

હે લોકો ! તમારી હાજતો માટે દર દરની ઠોકરો ન ખાવ ! તમારાં ટેન્શનો દૂર કરવા માટે આને પેલાને ન કહ્યા કરો, બલ્કે રબ્બે કરીમના દરબારમાં આવો, બાજમાઅત નમાઝ પઢો અને નબી પાક ﷺ ના વસીલાથી દુઆ કરો, જરૂર તમારાં કામો બની જશે અને ટેન્શનોમાં સારો માર્ગ નીળકશે. (ઈન્શાઅલ્લાહ !)

હદીષે પાકમાં એ પણ છે કે એકલા નમાઝ પઢવી એના કરતાં મસ્જિદમાં જમાઅતથી નમાઝ ૨૭ ગણી વધુ ફઝીલત ધરાવે છે, તથા એ પણ છે કે, "જો લોકોને ઈલ્મ હોતું કે પ્રથમ સફમાં શું છે (કેટલો સવાબ છે) તો એના માટે (એવી પડાપડી થાત કે) ચિઠ્ઠીઓ ફેંકવામાં આવતી." *(ઈબ્ને માજહ, હવાલો : ઉપર મુજબ)* હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **"ફજરની બે રકાત (સુન્નત) મને સઘળી દુનિયાથી વધીને પ્રિય છે."** *(ઈમામ અહમદ)* **"દુનિયા અને જે કાંઈ એમાં છે એનાથી અધિક ઉત્તમ છે."** *(મુસ્લિમ, તિર્મિઝી)* હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **"જે ફર્ઝ નમાઝની જમાઅત માટે જાય તો એ હજ્જ માફક છે અને જે નફ્લ નમાઝ માટે જાય તો એ નફ્લ ઉમરા માફક છે."** *(તિબ્રાનીએ કબીર)* સારાંશ કે અગણિત ફઝીલતો નમાઝ તથા જમાઅતની અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના ફર્માનો થકી જાહેર થયેલી છે જેમાં બંને દુનિયાની દરેક સમસ્યાના ઈલાજો સમાયેલા છે.

### ★ દરેકને તેના હાથ નીચેનાં વિશે સવાલ થશે ! ★

હે મુસલમાનો ! તમારી ઔલાદ તથા તમારાં ઘરવાળાં તમારા માટે જન્નતનો સબબ પણ બની શકે છે અને જહન્નમનો પણ ! તમોએ તેમને હલાલ રોજી ખવડાવી હશે, દીની તા'લીમ આપી હશે તથા સારી આદતો પાડી હશે તો તેઓ નેક રાહે, ઈસ્લામની રાહે જીવશે તેનો અજર તમને કબ્રમાં પણ મળશે. અને જો તમે તેમને હરામ ખવડાવ્યું હશે અને નેક કામોની, દીની ઈલ્મની તા'લીમ નહીં આપી હોય, તેમને નમાઝની, શરીઅતની પાબંદીની તાકીદ નહીં કરી હોય બલ્કે તેમને દુનિયાવી તા'લીમમાં ઊંચી ઊંચી ડિગ્રીઓ સુધી પહોંચાડી દીધા હશે, ફક્ત દુનિયાવી શિક્ષણ પાછળ તમે ભાગદોડ કરી તેમને એંજિનિયર, ડોક્ટર, વકીલ કે વૈજ્ઞાનિક પણ બનાવી દીધા હશે, પણ દીની તા'લીમના અભાવે તેઓ દીનથી અકીદાથી ગાફેલ રહેશે, નમાઝથી બેપરવા રહેશે, અને દુનિયાની રંગરેલીઓમાં ડૂબી જશે તો એનો અઝાબ એઓ તો ભોગવશે જ પણ તમારે પણ તેનો અઝાબ વેઠવો પડશે. કેવળ તમે નમાઝી બની જશો અને ઔલાદ તથા ઘરવાળાનું ધ્યાન નહીં રાખો, બલ્કે તેમને ઘરમાં T.V. હાઈ ક્વોલિટીના મોબાઈલ જેમાં ગુનાહિત ચેનલો જોઈ શકે એવી સગવડ કરી આપી હશે અને ઔલાદ તેમાં ફસાઈ જશે તો એનો વબાલ તમારા માથે પણ આવશે. ભલે તમે નમાઝી છો પણ તમારી ઔલાદની પણ ખબર રાખો કે તેની ચાલચલન કેવી છે, ક્યારે રાત્રે ઘરે આવે છે, ક્યાં જાય છે, કોની સાથે ફરે છે, નમાઝમાં આવે છે કે નહીં, ફજરમાં ઉઠે છે કે નહીં.......વગેરેની ખબર રાખો, તેને દીની કિતાબો વાંચવાનો શોખ પેદા કરો, દીન, ઈમાન, અકીદા, નેક અમલો વિશે તેની સાથે મહોબ્બતથી મિત્ર જેમ ચર્ચા કરો, સુન્ની ઉલમા તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી તથા મુબલ્લિગીનનાં અકીદા તથા અમલ સંબંધી ઈન્કિલાબી બયાનો–નઅતો સાંભળવાની આદતો પાડો જેથી તેનામાં દીની સમજ આવે. જાતે પણ સમજાવો, પતાવો ! ઈસ્લામનું મહત્વ, મહબ્બતે રસૂલ ﷺ નું મહત્વ, ખુદાની ફર્માંબરદારીનું મહત્વ સમજાવો અને દુનિયાની ખરાબીઓથી ચેતવો, તમે ખૂદ જોઈ રહ્યા છો કે વર્તમાન માહોલ અતિ ખરાબ થઈ રહ્યો છે, દુનિયા જહન્નમ તરફ તેજીથી દોડી રહી છે ! જેથી ઔલાદને ખરાબ સોહબતોથી દૂર રહેવા મહોબ્બતથી સમજાવો. કારણ કે હદીષે પાક ﷺ માં છે, "દરેક મર્દ હાકિમ છે અને દરેક હાકિમને તેની હુકૂમત હેઠળનાંઓ વિશે સવાલ થશે." તો તમારી ઔલાદ બેહયાઈ તથા બુરાઈના રસ્તે ન જાય તેની જવાબદારી તમારી છે. જો દરેક બાપ પોતાના ઘરની જિમ્મેદારી ચિવટથી સાચવી લે તો આપણી મસ્જિદો નમાઝીઓથી ભરાઈ જશે અને માહોલમાં એક ઈસ્લામી ક્રાંતિ સર્જાઈ જશે, બેહયાઈ તથા બુરાઈનો પણ ખાત્મો થશે અને મુસલમાન એક ઝિંદાદિલ કૌમ જણાઈ આવશે. રબ્બે કરીમ સૌને નેક હિદાયત આપે. (આમીન)

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَمَا تُنفِقُوا مِنْ خَيْرٍ فَإِنَّ اللَّهَ بِهِ عَلِيمٌ ۝
الَّذِينَ يُنفِقُونَ أَمْوَالَهُم بِاللَّيْلِ وَالنَّهَارِ سِرًّا
وَعَلَانِيَةً فَلَهُمْ أَجْرُهُمْ عِندَ رَبِّهِمْ وَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ ۝ الَّذِينَ يَأْكُلُونَ
الرِّبَا لَا يَقُومُونَ إِلَّا كَمَا يَقُومُ الَّذِي يَتَخَبَّطُهُ
الشَّيْطَانُ مِنَ الْمَسِّ ذَٰلِكَ بِأَنَّهُمْ قَالُوا إِنَّمَا
الْبَيْعُ مِثْلُ الرِّبَا وَأَحَلَّ اللَّهُ الْبَيْعَ وَحَرَّمَ الرِّبَا

**ત.....ર્જુ.....મો.....**

અને જે કાંઈ તમે ખર્ચ કરશો (પોતાના) માલથી તો યક઼ીનન અલ્લાહ તઆલા એને સારી રીતે જાણનાર છે. જે લોકો ખર્ચ કર્યા કરે છે પોતાના માલ રાતમાં અને દિવસમાં, છુપાઈને તથા એલાનિયા તો એમના માટે એમનો બદલો છે પોતાના રબની પાસે, અને ન તેમને કોઈ ડર છે અને ન તેઓ ગમગીન થશે. જે લોકો ખાયા કરે છે વ્યાજ[૩૭૨] તેઓ નહીં ઉભા રહેશે પણ જેવી રીતે ઉભો રહે છે તે જેને પાગલ બનાવી દીધો હોય શૈતાને સ્પર્શીને[૩૭૩] આ હાલત એટલા માટે થશે કે તેઓ કહ્યા કરતા હતા કે વેપાર પણ વ્યાજની જેમ છે.

**તફસીર..............**

**૩૭૨.** પ્રથમ સખી તથા દયાવાન લોકોનું વર્ણન કર્યું જેઓ કેવળ અલ્લાહ તઆલાને રાજી કરવાના માટે લોકોની ઈમદાદ કરે છે અને કોઈ બદલાની બલ્કે આભારની પણ આશા નથી રાખતા. હવે એ લોકોનું વર્ણન છે જેઓ માલદાર હોવા છતાં એટલા સંકૂચિત દિલવાળા બલ્કે સંગદિલ છે કે પોતાના મજબૂર તથા લાચાર ભાઈની મદદ તો દૂર રહી, કરજ પણ આપે છે તો વ્યાજની માંગણી પ્રથમ કરે છે. આ આયતોમાં વ્યાજને હરામ ઠરાવી દેવામાં આવ્યું. હવે આપણે એ જોવાનું છે કે એ સમયના અરબવાસીઓ કઈ ચીજને વ્યાજ (રિબા, સૂદ) કહ્યા કરતા હતા ? અને એની કેવી કેવી સિસ્ટમો રિવાજ પામેલ હતી ? અરબી શબ્દકોશમાં રિબા (વ્યાજ)નો અર્થ "વધારો" છે. શરીઅતની બોલીમાં આ નિશ્ચિત વધારાને વ્યાજ કહેવામાં આવતુ હતું જે કોઈ રકમને અદા કરવામાં મોડુ કરવા પર અદા કરવામાં આવતુ હતુ. એની રિવાજ પામેલ સિસ્ટમો એ હતી કે કોઈએ કોઈ ચીજ ખરીદી, જો તે રોકડી કિંમત અદા ન કરી શકતો તો એક મુદ્દત નિશ્ચિત કરવામાં આવતી. જો તે મુદ્દત પર પણ કિંમત અદા ન કરી શકતો તો મુદ્દત પણ લંબાવી દેવામાં આવતી અને કિંમતમાં પણ વધારો કરી દેવામાં આવતો. અદા ન કરી શકતો તો મુદ્દત પણ લંબાવી દેવામાં આવતી અને કિંમતમાં પણ વધારો કરી દેવામાં આવતો. દા.ત. રૂા. ૧૦ની કોઈ ચીજ લીધી અને એક મહિના પછી કિંમત અદા કરવાનો વાયદો કર્યો. મહિનો પસાર થયા બાદ જો એને રૂા. ૧૦ મયસ્સર ન થયા તો એક મહિનાની અધિક મોહલત માંગતો અને રૂા. ૧૦ને બદલે રૂા. ૧૨ અદા કરવાની હા પાડતો. એક સિસ્ટમ એવી પણ હતી કે કોઈની પાસેથી દા.ત. રૂા. ૧૦૦ કરજ લીધા અને નક્કી એ થયું કે કરજદાર દરેક વરસે સોની સાથે રૂા. ૧૦ અધિક અદા કરશે. આ બંનેવ સ્થિતિઓને તે સમયે રિબા (વ્યાજ) કહેવામાં

આવતું. અહીં એક ચીજ અધિક તેહકીકને પાત્ર છે કે શું એ સમયના લોકો કેવળ અંગત જરૂરત માટે જ વ્યાજવાળુ કરજ લીધા કરતા હતા કે કારોબાર કરવા માટે પણ વ્યાજમય કરજ લેતા રહેતા હતા ? અમુક લોકો જેમને અરબના હાલાત તથા વિગતે અભ્યાસની ફુરસદ ન મળી તેઓ કહે છે કે એ વખતે કેવળ અંગત જરૂરત માટે જ કરજ લેતા રહેતા હતા અને વેપાર માટે કરજ લેવાની એ પૂરાણી અસંસ્કૃત સમાજમાં કલ્પના પણ ન હતી. પરંતુ જો તેઓ દુનિયાના નક્શાનો અભ્યાસ કરે તો તેમને જાણ થઈ જશે કે તે સમયે જ્યારે કે સુએઝ નહેર ન ખોદી હતી, જ્યારે મોટા મોટાં દરિયાઈ જહાઝો અસ્તિત્વમાં આવ્યાં ન હતાં ત્યારે પૂર્વ પશ્ચિમનો વેપાર સૂકા જમીની માર્ગે ચાલતો હતો. તે વખતે વ્યાપારી કાફલાઓનો માર્ગ અરબ દ્વીપ હતો. સામાન્ય રીતે અરબના લોકો અને ખાસ કરીને મક્કાના લોકો વેપારમાં ખૂબ જ ભાગ લેતા હતા. અને એ બાબતનો ઉલ્લેખ તો ખૂદ કુર્આનમાં છે કે મક્કાવાસીઓના વ્યાપારી કાફલા ઠંડીઓમાં મીન તથા ફારસની તરફ અને ગરમીઓમાં શામ તથા રોમની તરફ બાકાયદા જતા હતા અને એ જ એમની રોજીનો ઝરીયો હતો. અને ઈતિહાસ એના પર અટલ સાક્ષી છે કે જે કાફલો શામથી અબૂ સુફયાનની સરદારી હેઠળ મક્કા પરત જઈ રહ્યો હતો, જેનો મુસલમાનોએ મદીના તયબાહથી નીકળી ઘેરાવ કરવાનો ઈરાદો કર્યો હતો, એમાં સર્વ મક્કાવાસીઓનો સરમાયો હતો. મક્કામાં કોઈ ઘર એવું ન હતું જેણે એમાં પોતાનો હિસ્સો ન નાખ્યો હોય અને હિસ્સાની બંનેવ વિવિધ સિસ્ટમો રિવાજ પામેલ હતી. ક્યાં તો સરમાયો આપનાર નફામાં શરીક થતો હતો અથવા તે પોતાનો નિશ્ચિત હિસ્સો ઠરાવી લીધા કરતો, ચાહે કરજ લેનારને નફો થાય કે નુકસાન. આ ઐતિહાસિક વાસ્તવિક્તાઓની મૌજૂદગીમાં એવું ધારી લેવું કઈ રીતે યોગ્ય થશે કે એ સમયના અરબવાસીઓ કારોબારના માટે વ્યાજમય કરજ લેતા ન હતા. કુર્આને દરેક વ્યાજને હરામ કર્યું, ક્યાંય વ્યાપાર માટે વ્યાજની ઈજાઝત નથી બતાવી શકતા.

**૩૭૩.** આ શબ્દોમાં વ્યાજખોરની કૈફિયત દર્શાવવામાં આવી રહી છે. ફર્માવ્યું, જેમ કે જિનની અસરવાળો અને પાગલ માણસ ચિત્ર વિચિત્ર હરકતો કરે છે જેને જોઈને માણસ હાસ્ય નથી રોકી શકતો, એ જ પ્રમાણે વ્યાજખોરો જાહોજલાલ તથા દૌલતની મહોબ્બતમાં એ રીતના માર્યા માર્યા ફરે છે અને એમના થકી એવી અયોગ્ય વાતો અને અસભ્ય હરકતો ઉદ્દભવે છે કે જોનારાને ગુમાન થાય છે કે કદાચ એમના પર કોઈ ચીજે પ્રભાવ જમાવી લીધો છે. એમનું દુનિયાવી જીવન પણ એવું જ ગુજરશે અને કયામતના દિવસે તેમનો એવો જ અંજામ થશે.

પેજ નં. ૧૪ નું ચાલુ...

عليه السلام અને સૈયદના મુહમ્મદ ﷺને ખલીલ ગણવું એ કારણથી છે કે : (૧) આ હઝરાત عليهم السلام ખુદાની તરફ ફંટાઈ ગયા પોતાની તમામ આવશ્યક્તાઓને તેની ઝાતે બારી તઆલાના હવાલે કરીને બીજાથી સંબંધો તોડી નાખ્યા અને જાહેરી સાધનો અને સામાનથી પણ મોં ફેરવી લીધું. (૨) બીજું કારણ એ હોઈ શકે છે કે બંને હઝરાત عليهم السلامને ખૂબ જ વિશેષતાઓ અને ગુપ્ત મહેરબાનીઓ અર્પણ કરી હતી જેના કારણે અલ્લાહનાં રહસ્યો અને અલ્લાહની મઅરેફતથી દિલ ઉભરાઈ ગયાં. (૩) ત્રીજુ કારણ એ પણ હોઈ શકે છે કે આ બંને હઝરાત عليهم السلامને અલ્લાહ તઆલાએ પોતાના માટે પસંદ કરી લીધા હતા. અને તેમનાં દિલોને તેના સિવાયની મહોબ્બતથી એટલી હદે ખાલી કરી દીધાં હતાં કે તેમનાં દિલોમાં ખુદાની મહોબ્બતના સિવાય બીજા કોઈની મહોબ્બતની કોઈ જ શક્યતા બાકી રહેવા પામી ન હતી. આ જ કારણે ઉલ્માએ કહ્યું છે કે ખલીલ તે હોય છે જેના દિલમાં ખુદા સિવાય બીજાની મહોબ્બત માટે કોઈ શક્યતા જ ન રહે. તે હઝરાતોના દાવાની દલીલ તે છે જે રિસાલતનું ફર્માન છે. જેમાં આપે ફર્માવ્યું છે, જો હું ખુદાના સિવાય કોઈને પણ ખલીલ પકડતો તો તે જનાબ અબૂબક્ર હોતા. (رضی اللہ عنہ) પરંતુ બીજાઓના સાથે તો ઈસ્લામી દોસ્તી છે.

**હદીષ** : હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે તે હુઝૂર ﷺથી રિવાયત કરે છે જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ આવ્યા. અર્ઝ કરી, અમે યહૂદીઓની કેટલીક વાતો સાંભળીએ છીએ જે અમને ભલી લાગે છે, શું હુઝૂર ઈજાઝત આપે છે કે અમુક લખી પણ લીધા કરીએ ? ફર્માવ્યું, શું તમે યહૂદીઓ તથા ઈસાઈઓની જેમ આશ્ચર્યમાં છો ?[૧] હું તમારી પાસે રોશન તથા સાફ શરીઅત લાવ્યો.[૨] અને જો હઝરત મૂસા હયાત હોત તો તેમને મારી પયરવી વિના માર્ગ ન હોતો.[૩] એને અહમદ તથા બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે પાક તથા હલાલ ખાય, સુન્નત પર અમલ કરે અને લોકો તેના ફિત્નાથી મેહફૂઝ છે, તે જન્નતમાં જશે.[૪] એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આજકાલ ઘણા એવા લોકો છે. ફર્માવ્યું, મારા પછીના જમાનામાં પણ હશે.[૫] *(તિર્મિઝી)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે એવા જમાનામાં છો જે શરીઅતના હુકમોનો દસમો ભાગ છોડી આપે તો તે બર્બાદ થઈ જાય. પછી એવો જમાનો આવશે કે જે હુકમોના દસમા હિસ્સા પર અમલ કરશે તે નજાત પામશે.[૬] *(તિર્મિઝી)*

હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે, ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે કોઈ કૌમ હિદાયત પર રહ્યા બાદ ગુમરાહ નથી થઈ પણ એમનામાં ઝઘડા પેદા થઈ ગયા. પછી રસૂલુલ્લાહ ﷺએ આ આયત તિલાવત કરી કે, એ લોકો તમારા માટે દષ્ટાંત નથી બયાન કરતા પણ ઝઘડવાના માટે, બલ્કે એ કૌમ ઝઘડાળુ છે.[૭] *(અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

## સ....મ....જૂ....તી....

**૧.** કે કુર્આન તથા સુન્નતને પોતાના માટે પૂરતાં નથી સમજતા એટલા માટે બીજાઓની પાસે ઈલ્મ તથા હિદાયત લેવા માટે જાવ છો ? જેવી રીતે યહૂદ તથા નસારાએ પોતાની કિતાબો છોડીને પાદરીઓ અને જોગીઓનું અનુસરણ શરૂ કરી આપ્યું. આ હદીષ દીન તથા હિદાયતના સંબંધે છે. **જે કોઈ ઈસ્લામને પૂરતો ન સમજે તે બેઈમાન છે.** દુનિયાવી ચીજો દરેક જગાએ શીખી શકાય છે એના માટે એ હદીષ છે કે હિકમતની વાત મુસલમાનથી ગુમ થયેલ દૌલત છે એ જ્યાંથી મળે લઈ લો. જેથી હદીષ ટકરાવવાળી નથી. **આના પરથી એ લોકો બોધ ગ્રહણ કરે જેઓ બેદીનોની કિતાબો તથા બદમઝહબોના જલ્સાઓમાં જવાથી રોકાતા નથી, જ્યારે કે હુઝૂરે ફારૂકે આ'ઝમ જેવા મોમિનને અહલે કિતાબના ઉલમાની સોહબતથી મના કરી આપ્યું.**

**૨.** જેમાં ન કોઈ કમી છે ન કાંઈ છુપુ પછી બીજી તરફ શા માટે જાવ છો ?

**૩.** કેમ કે અલ્લાહ તઆલાએ સર્વ નબીઓથી હુઝૂરની પયરવીનો વાયદો લઈ લીધો હતો. لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ પછી તમે તેમની ઉમ્મત પાસે મારા હોવા છતાં હિદાયત પામવા શા માટે જાવ છો ? સૂર્યની

મૌજૂદગીમાં દીવાઓથી પ્રકાશ નથી લેવામાં આવતો. આજે મુસલમાન પોતાને ભૂલી ગયા એટલા માટે બીજી કૌમના સંસ્કાર (અખ્લાક–આદતો) તથા અમાનતદારીની પ્રશંસાઓ કરે છે, અસલમાં એ આપણા ખિસ્સાના વેરાયેલાં મોતીઓ છે જે ગૈરોએ ઉઠાવી લીધાં છે.

**૪.** આ હદીષ ઈબાદત તથા મામલાની દુરુસ્તગીથી ભરપુર છે. બે શબ્દોમાં બંને જહાન સંભાળી દેવામાં આવ્યાં فِیْ سُنَّۃٍમાં નિર્દેશ રૂપે દર્શાવવામાં આવ્યું કે કોઈ પણ સુન્નતને મામૂલી ન સમજે, ત્યાં સુધી કે બેસીને પાણી પીવું, માર્ગમાંથી તકલીફ દાયક ચીજ દૂર કરવી. ક્યારેક એક ઘૂંટડો પાણી જાન બચાવી લે છે. اَمِنَ ફર્માવીને બતાવ્યું કે મુસલમાનના અખ્લાક઼ એવા પાકીઝા હોય કે લોકોને કુદરતી તૌર પર એના પ્રત્યે એવી સલામતી જણાય કે એ તકલીફ નથી પહોંચાડતો.

**૫.** એટલે કે મારો ફયઝાન કેવળ આ જમાના સાથે ખાસ નથી બલ્કે ક઼યામત સુધી મારી ઉમ્મતમાં આવા પરહેઝગારો થતા રહેશે, ઈન્શાઅલ્લાહ ! આ ઉમ્મત નેક લોકોથી ખાલી ન હશે. હા ! જેટલા પ્રમાણમાં જમાનો દૂર થશે તેમ એવા લોકો ઓછા થતા જશે. અલ્હમ્દુલિલ્લાહ ! હુઝૂરની આ પેશનગોઈ તદ્દન દુરુસ્ત થઈ.

**૬.** યાદ રાખશો કે અહીં એહકામથી મુરાદ તબ્લીગ તથા સુન્નતો તથા નવાફિલ વગેરે છે ન કે ફર્ઝો તથા વાજિબો. એટલે કે આજે કેમ કે તબ્લીગ તથા સર્વ નેકીઓના માટે કોઈ રુકાવટ નથી, હવે કાંઈ પણ છોડવું આપણો કુસૂર છે. આખર જમાનામાં રુકાવટો ખૂબ હશે એ સમયે આજના લેહાઝથી દસમા હિસ્સા પર અમલ કરવો મહાન બહાદુરી ગણાશે. જેથી હદીષ સાફ છે, એના પર એ વાંધો નથી કે હવે એક જ નમાઝ અને હજારમો હિસ્સો ઝકાત અને રમઝાનના ત્રણ રોઝા પૂરતા છે. અથવા આ સરખામણી સમગ્ર હુકમોના લેહાઝથી છે, જેમ કે આજે ઈસ્લામી જેહાદ, ક઼ઝા (ન્યાય બાબતના) અહકામ પર પૂર્ણપણે અમલ શક્ય નથી, આપણે ચોરના હાથ નથી કાપી શકતા, વ્યભિચારીને સંગસાર નથી કરી શકતા વગેરે.

**૭.** એટલે જે લોકો સાચા દીનથી ભટકી જાય છે તે પોતાના બાતિલ દીનને ફેલાવવાના માટે પૂર્વગ્રહ, દુશ્મની તથા ઝઘડાઓથી કામ લે છે કેમ કે રબના તરફથી તેમની મદદ નથી થતી. જેમ કે આજે પણ બેદીનોની કાર્ય પધ્ધતિથી જાહેર છે કે તેઓ કુર્આન હદીષને જબરદસ્તી પોતાના પ્રમાણે કરવા ચાહે છે, ખૂદ એના માફક નથી બનતા. જે આયત રજૂ કરવામાં આવી છે એનું શાને નુઝૂલ એ છે કે જ્યારે આયતે કરીમા اِنَّکُمْ وَمَا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰہِ حَسَبُ جَہَنَّمَ નાઝિલ થઈ. એટલે "હે કાફિરો ! તમે તથા તમારા સર્વ મઅબૂદ દોઝખનું બળતણ છો." તો કાફિરોએ હુઝૂરને અર્ઝ કરી કે ત્યારે તો હઝરત ઈસા علیہ السلام તથા હઝરત ઉઝૈર علیہ السلام પણ દોઝખી થશે કે એમની પણ અહલે કિતાબે પૂજા કરી હતી. ત્યારે આ આયતે કરીમા ઉતરી અને ત્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો. એટલે કે કાફિરો જાણે છે કે مَا બેઅક્લ ચીજોના માટે આવે છે પછી તે અંબિયાએ કિરામ તેમાં કઈ રીતે દાખલ થશે ?! પણ તેમ છતાં ટેઢી વાત કરતાં પોતાની વાત હાંક્યે રાખે છે. આજે એનાં દષ્ટાંત ઘણા જોવા મળે છે.


**જરૂરી એલાન** નવા ગ્રાહક નંબર વિશે સૂચના

તમારું **"બરકાતે ખ્વાજા"** (માસિક) જે ખાખી કવરમાં આવે છે તેના પર એડ્રેસની સફેદ પટ્ટી જે લગાડેલ હોય છે તેના પર દા.ત. આ પ્રમાણે એડ્રેસ હોય :–

**ગ્રા. નં. (૭૮૬) / (૯૨)** → **નવો નંબર** (૭૮૬), **જૂનો નંબર** (૯૨)

દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા
ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે,
મુ.પો. આમોદ, તા. આમોદ, જિ. ભરૂચ
ફોન : ૦૨૬૪૧–૨૪૬૧૯૨

આમાં ગ્રા. નં. જે **૭૮૬ / ૯૨** છે તેમાં **૭૮૬** એ **નવો નંબર** છે. અને **/** આડી લીટી પછીનો **૯૨** નંબર **જૂનો** છે. તો દરેકે નવો નંબર નોંધ કરી લેવો અને એના આધારે નવો નંબર આપી દરેક જાતનો પત્ર વ્યવહાર કરવા વિનંતિ. *–તંત્રી*



# શિફા શરીફ

વિભાગ : ૨

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝૂલ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## નબી કરીમ ﷺની મહોબ્બત તથા દોસ્તીના સાથે ફઝીલત

આ વિષયમાં સહીહ હદીષો આવેલી છે અને આપને એ વિશેષતા અપર્ણ કરવામાં આવી છે કે મુસલમાનો જીભ પર આપનો લક્બ હબીબે ખુદા હમેશાં બોલતા રહે. કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અમારાથી અબૂ કાસિમ બિન ઈબ્રાહીમ અલ્ખતીબ رحمۃ اللہ علیہએ પોતાની સનદના સાથે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જો હું મારા રબના સિવાય કોઈ બીજાને દોસ્ત બનાવતો તો જરૂર હું અબૂબક્ર رضی اللہ عنہને દોસ્ત બનાવતો.'' બીજી હદીષમાં છે કે, ''તમારા આ સાહબ (નબી કરીમ ﷺ) અલ્લાહ તઆલાના દોસ્ત છે.''

હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ رضی اللہ عنہماના તરીકા પ્રમાણે રિવાયતમાં છે કે, ''અલ્લાહ તઆલાએ તમારા સાહબને ખલીલ (દોસ્ત) બનાવ્યા છે.''

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે તે ફર્માવે છે કે રસૂલલ્લાહ ﷺના અસ્હાબ એટલે શખ્સે રિસાલતના કેટલાક પરવાના એક જગ્યાએ એકઠા થયા હતા અને આપની રાહ જોઈ રહ્યા હતા કે આપ તશરીફ લઈ આવ્યા. જ્યારે આપ નજીક આવ્યા તો તેમનામાંથી એકે કહ્યું કે આ વાત કેવી આશ્ચર્યજનક છે કે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامને પોતાના ખલીલ (દોસ્ત) બનાવ્યા હતા. બીજાએ કહ્યું એનાથી વધુ નવાઈ તો એ નથી કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامથી વાર્તાલાપ કર્યો. અને એકબીજા સાહબે ફર્માવ્યું કે હઝરત ઈસા علیہ السلام તો એક કલ્મા અને અલ્લાહ તઆલાના તરફની એક રૂહ છે. આખરમાં એ કે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلامને પસંદ (તમામ મનુષ્યના બાપ બનાવવાના લીધે) કરી લીધા હતા.

આ સમય દરમ્યાનમાં ફખ્રે દો આલમ ﷺ નજીક આવી પહોંચ્યા. આપે ફર્માવ્યું કે મેં તમારી વાતચીત સાંભળી લીધી છે અને તમારું નવાઈ પામવું યોગ્ય છે. કેમ કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ખરેખર અલ્લાહના દોસ્ત છે, અને તેણે હઝરત મૂસા علیہ السلام થી વાત કરી, તે પણ બરાબર છે કે ખરેખર હઝરત ઈસા علیہ السلام રૂહુલ્લાહ છે, અને એ હકીકત છે કે હઝરત આદમ علیہ السلامને અલ્લાહ તઆલાએ પસંદ કરી લીધા હતા. પરંતુ તમે જાણતા હોવા જોઈએ કે **હું અલ્લાહ તઆલાનો હબીબ છું અને આ ગર્વની રીતે કહેતો નથી, અને કયામતના દિવસે લિવાએ હમ્દનો ઉઠાવવાવાળો હું જ છું અને આ ગર્વથી કહેતો નથી. અને સૌથી પ્રથમ શફાઅત કરવાવાળો અને જેની સૌ પ્રથમ શફાઅત★ કબૂલ થશે તે હું છું, અને આ ગર્વથી કહેતો નથી, અને તે હું છું જે સૌ પ્રથમ જન્નતનો દરવાજો ખટખટાવીશ, પછી અલ્લાહ તઆલા તેને મારા માટે ખોલી દેશે,**

*★ શફાઅતના મસ્અલામાં વહાબી પોતાના ઈમામ અલલ ઈત્લાક અને દેવબંદી નવા ધર્મના સ્થાપક એટલે કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીના અનુસરણમાં એવો ખયાલ ધારણ કરેલ છે જે આખિરત માટે ફાયદાકારક નથી બલ્કે સરાસર નુકસાન છે. કેમ કે અલ્લાહના મહબૂબ ﷺની શફાઅતથી કોઈપણ વ્યક્તિ અપવાદ હોઈ શકતી નથી. શફાઅત જે રીતે થશે તેના આ હઝરાતો ઈન્કાર કરનારા છે. અને જે કોઈની શફાઅતનો સ્વીકાર કરે છે તે અસલમાં શફાઅત જ નથી. મુજદ્દિદે મિઅતે હાઝિરા ઈમામ અહમદ રઝાખાન બરેલ્વી رحمۃ اللہ علیہએ આ સિલસિલામાં આ સ્પષ્ટતા કરી છે, ઘણી બધી હદીષો સાક્ષી છે કે આ (મૌલ્વી મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વી)ના ઘડેલા અર્થો મુજબ કદાપિ પણ બનશે નહીં, ત્યારે તેણે આ પડદામાં*

**ત્યારે હું તેમાં દાખલ થઈ જઈશ અને મારા સાથે ગરીબ મુસલમાનો હશે, અને ગર્વથી કહેતો નથી. અને હું તમામ આગળના અને પાછળનાથી વધુ ઈજ્જતવાળો છું, આ ગર્વથી કહેતો નથી.**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ નબી આખીરુઝ્ઝમાં صلی اللہ علیہ وسلمને ફર્માવ્યું છે કે, "મેં તમને પોતાના દોસ્ત બનાવ્યા છે. અને તૌરતમાં તમારા વિશે લખી દેવામાં આવ્યું છે કે તમે રહમાનના હબીબ છો."

ક઼ાઝી અબુલ ફઝ્લ અયાઝ અલ્લાહની મહેરબાનીથી ફર્માવે છે કે ખુલ્લત (મહોબ્બત)ની તફસીરમાં મતભેદ છે. કેટલાક ઉલ્માએ કહ્યું છે કે ખલીલ તે છે જે અલ્લાહ તઆલાની તરફ બીજાઓથી ખંડિત થઈ જવાવાળો છે અને બીજાઓથી દૂર થઈ જનાર અને અલ્લાહ તઆલાથી મહોબ્બત રાખવામાં કોઈ પ્રકારનો વિક્ષેપ ન હોય. કેટલાક ઉલ્મા કહે છે કે ખલીલ ખુલ્લત (દોસ્તી)ના માટે ખાસ હોય છે અને આ કથનને કેટલાયે ઉલ્માએ સ્વીકારેલ છે. કેટલાક હઝરતોનું કથન છે કે ખુલ્લત (દોસ્તી)ની અસલ ચહીતાપણુ ઈચ્છે છે અને હઝરત ઈબ્રાહીમ علیہ السلامને તે માટે "ખલીલુલ્લાહ" કહેવામાં આવ્યા છે કે તે અલ્લાહના માટે દોસ્તી કરતા હતા અને અલ્લાહના માટે દુશ્મની રાખતા હતા. અને અલ્લાહ તઆલાનું ઈબ્રાહીમ علیہ السلامને ખલીલ બનાવવું એ છે કે તેમની (ખાસ) મદદ કરવામાં આવી અને તેમના પછી આવવાળા ઈન્સાનના ઈમામ બનાવવામાં આવ્યા.

એક કથન એ છે કે ખલીલ અસલમાં એવા મોહતાજ ફકીરને કહે છે જેનો કોઈનાથી સંબંધ ન હોય અને "ખુલ્લત"નો આ શબ્દ જરૂરિયાત સાથે પકડાયેલો છે. પછી હઝરત ઈબ્રાહીમ علیہ السلامને એટલા માટે ખલીલ કહેવામાં આવ્યા કે તેમણે પોતાની હાજત (જરૂરિયાતો) પોતાના રબ તઆલાના જ તરફ લક્ષ કરી રાખી હતી અને તમામથી સંબંધ તોડીને તેના તરફ ધ્યાનીત થયેલા હતા, અને તે મુશ્કેલ સમયમાં પણ આપે આપનું ધ્યાન બીજા તરફ કર્યું ન હતું જ્યારે કે આપની બારગાહમાં હઝરત જિબ્રઈલ علیہ السلام હાજર થયા, જ્યારે કે આપને ગોફણમાં બેસાડી આગમાં ફેંકવામાં આવી રહ્યા હતા. જિબ્રઈલ علیہ السلامએ પૂછયું, શું કોઈ હાજત છે ? ફર્માવ્યું, હાજત તો છે પરંતુ આપનાથી નહીં !

અબૂબક્ર બિન ફવરક رحمۃ اللہ علیہનું કથન છે કે ખુલ્લતથી મુરાદ બિલકુલ સ્વચ્છ દોસ્તી છે જે કેવળ મહોબ્બતનો જ તકાદો કરે છે અને તે મહોબ્બતની ગુપ્ત વાતો સાથે સંબંધિત છે. કેટલાક ઉલ્મા ફર્માવે છે કે મહોબ્બત જ ખુલ્લતની અસલિયત છે અને અર્થ મુરાદનું પૂરું કરવું છે. નરમી સાથે મદદ કરવી, દુનિયાની ઉચ્ચતા અને તેની શફાઅત કરવી છે અને આ વાત અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં આ ઈર્શાદથી સ્પષ્ટ કરી દીધી છે :–

**وَقَالَتِ الْيَهُوْدُ وَالنَّصَارٰى نَحْنُ اَبْنٰٓؤُا اللّٰهِ وَاَحِبَّآؤُهٗ ؕ قُلْ فَلِمَ يُعَذِّبُكُمْ بِذُنُوْبِكُمْ**

"અને યહૂદીઓ તેમજ ખ્રિસ્તીઓ બોલ્યા કે, અમે અલ્લાહના પુત્રો અને તેના પ્રિય છીએ. તમે કહી દો, પછી તમને શા માટે અઝાબ કરે છે તમારા ગુનાહ પર ?!" (સૂરએ માઈદા, આ. ૧૮)

મહબૂબના માટે એ વાજિબ છે કે મુહિબ્બને તેના ગુનાહ પર ન પકડે તે માટે તો એ કહ્યું છે, અને મહોબ્બત તો નબુવ્વતથી પણ વધીને છે. કેમ કે નબુવ્વતમાં તો અદાવત પણ હોય છે જેવું કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : **اِنَّ مِنْ اَزْوَاجِكُمْ وَاَوْلَادِكُمْ عَدُوًّا لَّكُمْ فَاحْذَرُوْهُمْ** "તમારી અમુક પત્નીઓ અને બાળકો તમારા શત્રુ છે તો તેમનાથી સાવચેત રહો." *(સૂરએ તગાબુન, આ. ૧૪)*

એ માટે મહોબ્બતના સાથે અદાવતનું હોવું શક્ય છે. હવે હઝરત ઈબ્રાહીમ વધુ પેજ નં. ૧૦.....પર

*શફાઅતના મૂળથી ઈન્કાર કર્યો, જે માને છે તે બનશે જ નહીં, અને જે તે માનતો નથી તે બનશે. જેવું કે કોઈ કહે કે હું મનુષ્યના અસ્તિત્વનો ઈન્કાર કરતો નથી પરંતુ લોકો જેને ઈન્સાન કહે છે તે નાશવંત છે. હયાત તે છે કે તેના પાંચ હાથ હોય અને ૨૨ કાન અને ૨૭ નાક અને ૪૫ મોં અને તેના પર ચઢીને પેટ પર રાત્રે કહેતો હોય. દરેક અક્કલવાન જાણશે આ ખોટું છે. તે મનુષ્યનો જ ઈન્કાર કરનાર છે. જો કે છળકપટના વિચારે "મનુષ્ય" શબ્દનો એકરાર કરવાવળો છે. (તજલ્લીયુલ્યક઼ીન, પેજ–૬)*



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### મજલિસ : ૫

### સદક઼ો આપવાની ફઝીલત

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ)*

હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે સદક઼ાના બારામાં ચર્ચા શરૂ થઈ. આપે (હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ) ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ખ્વાજા સાહબ યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہના ફતાવામાં મેં લખેલું જોયું કે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં અર્ઝ કરી કે, "સર્વ અમલોથી સારો અમલ કયો છે?" તો આં હઝરત صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "સદક઼ો આપવો દોઝખની આગના માટે પર્દો બને છે." પછી ફર્માવ્યું કે એકવાર આં હઝરત صلی اللہ علیہ وسلمને પૂછવામાં આવ્યું કે, "સદક઼ા પછી બીજા દરજાએ કયો નેક અમલ છે?" આપે ફર્માવ્યું, "કુર્આનને પઢવું." પછી ફર્માવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકે કહ્યું કે મેં સિત્તેર વરસો સુધી મારા નફ્સ સાથે મુજાહિદો કર્યો છે. મને જણાયું કે મેં ખૂબ મુસીબતો ઉઠાવી છે પરંતુ બારગાહે ઈલાહીનો દરવાજો નથી ખુલ્યો. જેવો મેં મારા પ્રતિ વિચાર કર્યો અને જે માલ મારી માલિકીમાં હતો તે સર્વ ખુદાની રાહમાં ખર્ચી કાઢયો તો દોસ્ત એટલે ખુદા મારો બની ગયો અને જે દોસ્તની મિલ્કત હતી તે સર્વ મારી મિલ્કત બની ગઈ.

પછી ફર્માવ્યું કે ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہએ "આષારે અવલિયા"માં લખ્યું છે કે, "એક દિરહમ સદક઼ો આપવો એક વરસની ઈબાદતથી બેહતર છે, જેમાં દિવસમાં રોઝા રાખવામાં આવે અને રાત્રે ઉભા રહીને ઈબાદત કરવામાં આવે." પછી ફર્માવ્યું કે જે દિવસે અમીરુલ મો'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક઼ે એંસી હજાર દીનાર ખુદાની રાહમાં ખર્ચ કર્યા અને ગોદડી પહેરીને સૈયદે આલમ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થયા તો આં જનાબે પૂછયું, હે અબૂબક્ર ! દુનિયાવી ઝખીરામાંથી કાંઈ બાકી રાખ્યું છે ? આપે અર્ઝ કરી કે, "યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ખુદા તથા રસૂલ !" એટલે કે ખુદા અને તેનો રસૂલ પૂરતા છે. જેવું કે અબૂબક્રએ આ પ્રમાણે કહ્યું તરત જ હઝરત જિબ્રઈલ علیہ السلام સિત્તેર હજાર મુક઼ર્રબ ફરિશ્તાઓની સાથે ગોદડી પહેરીને رحمۃ اللہ تعالی علیہم اجمعین નાઝિલ થયા અને સલામ બાદ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અલ્લાહનો હુકમ એ પ્રમાણેનો છે કે આજે અબૂબક્રએ અમારી રાહમાં પોતાનો માલ ખર્ચ કર્યો છે એને અમારા સલામ આપો અને કહો કે તેં તે કામ કર્યું જેમાં અમારી રઝા હતી અને અમે તે કરીએ છીએ જેમાં તારી રઝા છે, અને મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) તથા તમામ ફરિશ્તાઓને હુકમ આપો કે અબૂબક્રની માફક કરવા માટે સૌ ગોદડી પહેરે, કેમ કે ક઼યામતના દિવસે ગોદડી પહેરાનારાઓને અબૂબક્રની ગોદડીના સદક઼ામાં અમે બખ્શી દઈશું.

પછી ફર્માવ્યું કે એકવાર અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریمએ પૂછયું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કુર્આન શરીફ પઢવું બેહતર છે કે સદક઼ો આપવું ? તો આં હઝરત صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે સદક઼ો આપવો બેહતર છે કેમ કે સદક઼ો દોઝખની આગથી બચાવે છે. પછી ફર્માવ્યું કે, એકવાર એક યહૂદી રસ્તામાં ઊભો રહીને એક કૂતરાને રોટલીનો ટૂકડો ખવડાવી રહ્યો હતો તો સંજોગોવસાત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ ત્યાંથી પસાર થયા. આપે તેને પૂછયું કે તારો છે કે પરાયો ?

તેણે કહ્યું કે પરાયા મર્દનો છે. આપે કહ્યું, જ્યારે આ હાલત છે તો તું શું કરે છે ? કેમ કે એ કૃબૂલ નથી. તેણે કહ્યું કે જો એ કૃબૂલ નથી તેમ છતાં પણ તે (ખુદા) તો જુએ છે કે હું શું કરી રહ્યો છું. કેટલાક અરસા પછી હઝરત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ મક્કા મોઅઝ્ઝમામાં પહોંચ્યા તો પરનાલાની નીચેથી અવાજ આવ્યો કે, રબ્બી ! (એટલે હે મારા રબ !) પછી ગયબથી અવાજ આવ્યો કે "લબ્બૈક અબ્દી" (હે મારા બંદા ! હું હાજર છું !) ખ્વાજા હસન બસરી આશ્ચર્યમાં પડી ગયા કે ચાલીને જોઉં તો ખરો કે તે કેવો નેકબખ્ત બંદો છે ! જેવા આપ ત્યાં પહોંચ્યા તો શું જુએ છે કે એક શખ્સ સજદામાં માથુ રાખીને રબ્બી ! (હે મારા રબ !) પુકારે છે. આપ થોડીવાર ત્યાં રોકાયા એટલામાં એ શખ્સે માથુ ઉઠાવ્યું અને ખ્વાજા હસન બસરીને કહ્યું, શું તું મને ઓળખે છે ? ખ્વાજા સાહબે કહ્યું, નહીં ! તેણે કહ્યું, હું તે જ માણસ છું જેને તું કહેતો હતો કે તારી નેકી કૃબૂલ નથી ! જોયું ! મારી ચીજને તેણે કૃબૂલ કરી લીધી (ઈમાનવાળો બનાવ્યો) અને મને બોલાવી લીધો !

પછી ફર્માવ્યું કે "આષારે અવલિયા"માં મેં લખેલું જોયું છે કે, "સદકૃો નૂરી છે અને હૂરોની ખૂબસૂરતીનો સબબ, અને સદકૃો હજાર રકાત નમાઝથી બેહતર છે." પછી ફર્માવ્યું કે, "જ્યારે કૃયામતનો દિવસ થશે તો સદકૃો આપનારાઓનું એક ટોળુ અર્શની નીચે સ્થાન પામશે, અને જે લોકોએ મૃત્યુથી પહેલાં સદકૃો આપ્યો છે તે મૌત પછી તેમના માટે ગુંબદ બનશે."

પછી ફર્માવ્યું કે, "સદકૃો જન્નતનો સીધો રસ્તો છે, અને જે શખ્સ સદકૃો આપે છે તે ખુદાની રહમતથી દૂર નથી થતો."

પછી ફર્માવ્યું કે ખ્વાજા હાજી رحمۃ اللہ علیہના જમાઅતખાનામાં મેં તે શખ્સોમાંથી જેઓ સવાર સાંજ આવતા હતા તેમાં કોઈપણ એવો ન જોયો જે કાંઈ ખાઈને ન જતો હોય. અને જો તે વખતે કોઈ ચીજ ઉપલબ્ધ ન હોતી તો ખાદિમને આપ ફર્માવતા કે પાણી પીવડાવો જેથી દિવસ આપવાથી ખાલી ન જાય.

પછી ફર્માવ્યું, "હે દરવેશ ! જમીન સખી માણસ પર ફખ્ર કરે છે, અને રાતે તથા દિવસે જ્યારે તે જમીન પર ચાલે છે તો તેના આમાલનામામાં નેકીઓ લખવામાં આવે છે.

પછી ફર્માવ્યું કે સખી લોકો એક હજાર વરસ સૌથી પહેલા જન્નતથી ખૂશ્બૂ સૂંઘશે અને દરરોજ તેમને પયગંબરીનો સવાબ મળતો રહેશે. જેવા કે આ ફાયદાઓ ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે ખત્મ કર્યા લોકો તથા દુઆગો (ગરીબ નવાઝ) પરત આવ્યા. الحمد اللہ علی ذٰلک

પેજ નં. ૦૨ નું ચાલુ...

મહત્વનો સભ્ય દેવેન્દ્ર ગુપ્તા હતો અને તેની સાથે મધ્ય પ્રદેશના શાજાપુરનો એક ખુડૂત વિષ્ણુ પાટીદાર અને આર. એસ. એસ.નો એક સક્રિય કાર્યકર ચંદ્રશેખર લેવે શરીક હતા. ખ્વાજા ગરીબ નવાઝની દરગાહમાં બોમ્બ વિસ્ફોટના માસ્ટર માઈન્ડ આર. એસ. એસ. સક્રિય કાર્યકર દેવેન્દ્ર ગુપ્તાની ચાલાકી તથા શૈતાની વૃત્તિનો અંદાજો એના પરથી લગાડી શકાય છે કે બોમ્બ ધમાકાથી બે દિવસ પહેલાં તે અજમેર શરીફ છોડીને ઝારખંડ ચાલ્યો ગયો હતો અને વિસ્ફોટ તેના નિશ્ચિત કરેલા ચેલાઓએ અંજામ આપ્યો જેમનો સંબંધ મધ્ય પ્રદેશ સાથે હતો. શું આ યોગાનુયોગ નથી કે માલેગાંવના બોમ્બ વિસ્ફોટો પણ મધ્ય પ્રદેશથી સંબંધ રાખનારા નવયુવાનોએ અંજામ આપ્યા હતા જ્યારે કે તેની માસ્ટર માઈન્ડ સાધ્વી પ્રજ્ઞા ઠાકર મહારાષ્ટ્ર છોડીને ગુજરાતના એક આશ્રમમાં જઈને બેઠી હતી, જ્યાંથી બાદમાં તેણીની ધરપકડ કરવામાં આવી. સવાલ એ છે કે આ સંસ્થાઓ પર હજી સુધી કેમ પ્રતિબંધો નથી લદાયા જેમના માટે આ કાર્યકરો કામ કરી રહ્યા છે ?! તપાસ કેવળ નાની માછલીઓ સુધી જ સીમિત શાથી રખાઈ છે ? શું એમના પાછળના મગર મચ્છો પર ક્યારેક હાથ નાખવામાં આવશે કે તેઓને દેશ તથા સમાજને તોડવાની, દેશની એક્તા તથા અખંડિતતાને તોડવાની પ્રવૃતિઓને ચાલુ રાખવા યથાવત છૂટ હાંસલ રહેશે ?! *(નઈ દુન્યા અઠવાડિક ઉર્દૂ, ૧૦ થી૧૬–મે, ૨૦૧૦, પેજ–૩)*

સારાંશ કે જો અધિક તપાસ આગળ વધે તો અન્ય પણ ભારતભરમાં થયેલા બોંબ ધડાકાઓની લિંક આ જ ત્રાસવાદીઓને જઈને મળવાની પૂરી સંભાવના જોવા મળે છે અને સત્ય પબ્લિક સમક્ષ આવી શકે છે કે હિંદુસ્તાનની શાંતિના માટે જોખમરૂપ અસલ આતંકવાદીઓ કોણ છે ?



# પર્દાના વિરોધી મુસલમાન

# પોતાના ઈમાનની જાંચ કરે !

લેખક : **હઝરત અલ્લામા અબ્દુલ મુબીન નોઅ્માની–મુબારકપુર (યુ.પી.)**

અનુવાદક : **મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી, લેસ્ટર–યુ.કે.**

*આજે વિશ્વમાં વિશેષતઃ યૂરોપ અમેરિકામાં ઈસ્લામના ઝડપી ફેલાવાથી ગભરાઈ ઉઠેલા વિરોધીઓ કાંઈ ન થઈ શકતાં ઈસ્લામી નિશાનીઓ જેમ કે મસ્જિદના મીનારા, દાઢી, અઝાન વગેરેની પાછળ પડીને તેનો વિરોધ કરવા અવારનવાર હંગામા ખડા કરે છે, તે જ પ્રમાણે ઈસ્લામ પ્રતિ સ્ત્રીઓના આર્કષણથી ગભરાયને સ્ત્રીઓને ભડકાવવા માટે તેમની ઈજ્જતના રક્ષક ઈસ્લામી પર્દા વિરૂધ્ધ ગલત પ્રોપેગન્ડા કર્યા કરે છે અને દરરોજ વિવિધ દેશોમાં પર્દા પર પ્રતિબંધની ચર્ચાઓ ચાલી રહી છે. તો એમાં કાંઈ આશ્ચર્યની વાત નથી, કારણ કે તેઓ તો ઈસ્લામના નૂરથી, ઈમાનની દૌલતથી વંચિત જ છે જેથી એવું કરે એ સ્વભાવિક છે, પણ* **આજકાલ કહેવાતા મુસ્લિમો ક્યાંક ક્યાંક પર્દા વિરૂધ્ધ બેવકૂફીભર્યો બકવાસ કરે છે** *તો તેમને નસીહત માટે તથા પોતાની ભૂલોની તૌબાની દાવત સાથે અત્રે પર્દા વિશે કુર્આન હદીષ શું ફર્માવે છે તે રજૂ કરીએ છીએ. હિદાયત આપનાર અલ્લાહ છે. ✍............................................–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

આજકાલ સ્ત્રી આઝાદીના પોકારો ખૂબ જ ઉઠી રહ્યા છે. આ પોકાર એક તો પશ્ચિમી વિચારશ્રેણી ધરાવનાર ઈસ્લામના દુશ્મનો લગાડી રહ્યા છે અને બીજા પશ્ચિમી વિચારો ધરાવનાર તે નામચીન મુસલમાન સ્ત્રી તથા પુરુષો લગાડી રહ્યા છે જેમને ધર્મ તથા શરીઅતથી દૂર દૂર સુધી કાંઈ જ વાસ્તો નથી, જેમણે ન ધાર્મિક જ્ઞાન મેળવ્યું અને ન તો દીનદારોની સોહબત પામી, બસ ! મુસલમાનના ઘરમાં જન્મ પામ્યા અને પોતાને મુસલમાન કહેવા લાગ્યા. અંગ્રેજી ઢબનું જ્ઞાન મેળવ્યું અને તેને જ પોતાની જિંદગીમાં અપનાવી લીધું. જ્યારે પણ નજર ઉઠાવી દીનદારોને નિહાળ્યા અને ઉલમાથી સામનો થયો તો તેમનો તોર તરીક઼ો અને રહેણી કરણી જોઈ સમજ્યા કે આ કોઈ ઓર જ મખ્લૂક છે જે ક્યાં તો જમીન નીચે રહે છે ક્યાં તો આસમાન ઉપર રહે છે ! જેવો કોઈ દાઢી અને ટોપીવાળાને જોયો તો પોતાનું મોઢુ બગાડવા લાગ્યા, અને વળી મોક઼ો મળ્યો તો બેચાર શબ્દો પણ વ્યંગમાં કહી નાખ્યા. આવા જ નામના મુસલમાનો પોતાના નવા તોર તરીક઼ા, ખોટા ખયાલો અને પશ્ચિમી ગુલામીના કારણે ઈસ્લામના અમુક પાયાના કાનૂનોનો પણ ઈન્કાર કરી નાખે છે અને તેમને ખયાલ પણ નથી આવતો કે તેઓ કોની સાથે મઝાક અને ઠઠ્ઠા કરી રહ્યા છે અને કોના હુકમોમાં હેરફેર કરવાનું વિચારી રહ્યા છે ?!

## પર્દા વિશે કુર્આની હુકમો

ઈસ્લામના એવા જ અમુક ક઼ાનૂનોમાંથી એક "સ્ત્રી માટે પર્દો" છે. કુર્આની આયતો તથા મુક઼દસ હદીષોથી સ્પષ્ટપણે ષાબિત છે કે સ્ત્રીએ પર્દામાં જ રહેવું જોઈએ. આથી અલ્લાહ તબારક વ તઆલા પોતાના પ્યારા નબી ﷺની પાક પત્નીઓને સંબોધન કરી ઈર્શાદ ફર્માવે છે : "અને પોતાના ઘરોમાં સ્થાયી રહો અને બેપર્દા ન રહો જેમ કે આગલી અભણતા (જહાલત)ની બેપર્દગી." *(સૂરતે અહઝાબ–૩૩, પા. ૨૨)*

આગલી અભણતા (જહાલત)થી મતલબ "ઈસ્લામ પહેલાંનો જમાનો" છે કે તે જમાનામાં સ્ત્રીઓ ખૂબ બની સંવરીને નીકળતી હતી અને પોતાની

સુંદરતાનું પ્રદર્શન કરતી હતી જેથી પર પુરુષો તેણીઓને જોઈ તેમના તરફ આકર્ષાય અને વસ્ત્રો પણ એવાં પહેરતી જેનાથી શરીરનાં અંગો સંપૂર્ણપણે ન ઢંકાય. *(તફસીરે ખઝાઈન)*

જેથી આજે પણ જે સ્ત્રીઓ એવું કરે તે ફોરવર્ડ નહીં, પણ બેકવર્ડ કહેવાશે, એજ્યુકેટેડ નહીં જાહિલ (અજ્ઞાન, અભણ) કહેવાશે.

અહીં આયતમાં ખાસ સંબોધન અઝવાજે મુતહ્હરા (નબીની પાક બીવીઓ) માટે છે પણ આયતનો હુકમ સામાન્ય રીતે બધા જ માટે છે, દરેક મુસલમાન સ્ત્રી આ આયતના હુકમ હેઠળ દાખલ છે, **અને આ જ ઈસ્લામી સંસ્કાર છે કે એક મુસલમાન સ્ત્રી પર્દામાં રહે, પોતાની ઈજ્જત તથા શરાફતને ભર બજારમાં લીલામ ન કરતી ફરે.** માટે મુસલમાન બહેનો અને માઓને અપીલ છે કે જો તેઓ પોતાને મુસલમાન કહે છે તો કુર્આને મજીદના હુકમનું પાલન કરવાની ભરપૂર કોશિશ કરે, પશ્ચિમી રીત રિવાજ અને કાફિરો જેમ રહેણી કરણીથી પોતાને બચાવે કે એમાં જ દુનિયા તથા આખિરતની ભલાઈ છે.

આ જ સૂરએ અહઝાબમાં આગળ રબ તઆલાનું ફર્માન છે : "હે અલ્લાહના નબી ! પોતાની પત્નીઓ, બેટીઓ તથા ઈસ્લામની સ્ત્રીઓ ને કહી આપો કે પોતાની ચાદરોનો એક ભાગ પોતાના મોઢા પર રાખે, આ એથી ખૂબ જ નજીક છે કે તેમને ઓળખી લેવામાં આવે (એટલે કે આ રીતે તેમનું મુસલમાન હોવું જાણી લેવાશે) તો તેમને સતાવવામાં નહીં આવે અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂરએ અહઝાબ, ૩૩, ૪૯)*

એટલે કે કોઈ કારણસર મુસલમાન સ્ત્રીને બહાર નીકળવાનું થાય તો પોતાના માથા અને મોઢાને ચાદર વડે ઢાંકી લે જે તેમના મુસલમાન હોવાની ઓળખ છે, કાફિરા સ્ત્રીઓ જેમ બેપર્દા ન નીકળે.

## મુસલમાન થઈને પર્દા વિરૂધ્ધ કોણ બોલશે ?!

ઈસ્લામના સ્પષ્ટ હુકમ અને અલ્લાહની સાચી કિતાબ **કુર્આને પાકના ખુલ્લા ફર્માન પછી પણ જો કોઈ આઝાદીની તલબ રાખે તો એનો ખુલ્લો અર્થ એ છે કે તેને અલ્લાહ અને તેના પ્યારા રસૂલ તથા કુર્આનનું ફર્માન કબૂલ નથી!** અને આ કોઈ સાચા મુસલમાનનું કામ નથી હોઈ શકતું. હા ! **કુર્આનના આટલા સ્પષ્ટ હુકમ પછી તે જ માણસ પર્દા વિરૂધ્ધ બોલવા અથવા વિચારવાની કોશિશ કરશે જે ઈસ્લામ તથા શરીઅતથી પોતાનો રિશ્તો તોડી ચૂક્યો હશે અને માત્ર નામનો જ મુસલમાન હશે.** અને આ વાત પણ કેટલી અસરકારક તથા સમજવા જેવી છે કે ઉપરોક્ત હુકમો પ્રથમ ખાસ અલ્લાહના પ્યારા નબી ﷺની પત્નીઓને સંબોધીને બયાન કરવામાં આવ્યા ! તો જયારે પ્યારા નબી ﷺની પાક પત્નીઓ માટે આ હુકમ છે તો પછી સામાન્ય મુસલમાન સ્ત્રી માટે કેટલો સખત હુકમ હશે ?! આ વાત પણ કેટલી સખત રીતે બયાન કરવામાં આવી છે, રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે : અર્થાત **"જ્યારે અલ્લાહ અને તેના રસૂલ તરફથી મુસલમાન મર્દ તથા ઔરત વિશે કોઈ હુકમ આવી જાય તો તેમને પોતાના મામલામાં કોઈ જ ઈખ્તિયાર નથી હોતો, અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ ન માને તે સખત ગુમરાહીમાં છે."** *(અહઝાબ, ૩૩, ૩૬)*

હવે જે લોકો અલ્લાહ અને તેના પ્યારા નબી ﷺના હુકમ આગળ પોતાનો હુકમ ચલાવવા ઈચ્છે છે તેઓ ઉપરોક્ત આયતની રોશનીમાં પોતાનો હુકમ જાણી લે કે શું તેઓ સીધા રસ્તા પર છે અથવા સખત ગુમરાહીમાં છે ?!

## મોમિન કુર્આનના હુકમનો વિરોધ નથી કરી શકતો

મારી ઈસ્લામી માંઓ તથા બહેનો એ પણ વિચારે કે ઈસ્લામ તથા કુર્આનનો કાનૂન પ્રથમ છે અથવા ફેશનના પૂજારીઓનો પોતે બનાવેલ કાનૂન પ્રથમ છે ? ઈમાનવાળા મર્દો તથા ઔરતોએ કેવું રહેવું જોઈએ, તેમની જિંદગીનો તરીકો શું હોવા જોઈએ, તો સ્પષ્ટ રીતે આનો હક્ક માત્ર અલ્લાહ તઆલાને

જ છે જેણે કાએનાત (સૃષ્ટિ)ને પેદા કરી અને દરેક મર્દ તથા ઔરત તેની જ મખ્લૂક઼ છે, એક માલિક જ પોતાની મમલૂક (પ્રજા) પર હુકમ ચલાવી શકે છે. જો કોઈ એવા દાવો કરે કે અલ્લાહ તઆલા અમારો ખાલિક઼ તથા માલિક નથી તો તે માણસ મુસલમાન નહીં રહે. અને **જો ઈમાન સલામત છે તો કોઈ પણ મોમિન મુસલમાન પોતાને અલ્લાહની મિલ્કિયત તથા તેના હુકમના પાલનથી વંચિત તથા આઝાદ નહીં માને,** તો પછી આ મનમાની કઈ રીતે ચાલી શકે ?

કદાચ આઝાદીનો દાવો કરનારાઓ વિચારતા હોય કે પર્દો તથા હયા (શરમ)ના બધા હુકમો મોલ્વીઓના બનાવેલા છે, તો આ તેમની ભૂલ જ નહીં બલ્કે અજ્ઞાનતા તથા જહાલત છે, સૂરએ અહઝાબની ઉપરોક્ત આયતોને સામે રાખી દરેક માણસ કહી શકે છે કે આ અલ્લાહ તઆલાનો જ હુકમ છે તેની કોઈ મખ્લૂક઼નો હુકમ નથી. હવે કોઈ પણ મોમિન મોમિન રહીને કુર્આને પાકના હુકમનો વિરોધ નથી કરી શકતો.

## પુરુષો નજરો નીચી રાખે !

મુસલમાન સ્ત્રીઓને તો પર્દાનો હુકમ છે જ સાથો સાથ મુસલમાન મર્દો માટે પણ હુકમ છે કે જો કોઈ જરૂરત માટે મુસલમાન ઔરત બેપર્દા તેની સામે આવે અથવા કોઈ સ્ત્રી ખુલ્લે આમ બેપર્દા થઈ તેની સામે નીકળી આવે તો મુસલમાન મર્દો પોતાની નજરો જરૂર નીચી કરી લે, તેણીને ધારી ધારીને જુએ નહીં, તેણીની બેપર્દગીની મજા ન માણે, બલ્કે પોતે હયા (શરમ)ના પયકર બની જાય અને નજર જે શૈતાનનાં તીર છે તેની સંપૂર્ણપણે દેખરેખ રાખે જેથી નિગાહો બેહકી ન જાય. આ વિશે પણ કુર્આને પાકનું સ્પષ્ટ ફર્માન સાંભળો : અર્થાત "મુસલમાન મર્દોને હુકમ આપો કે પોતાની નિગાહો નીચી રાખે અને પોતાની શરમગાહની હિફાઝત રાખે, આ તેમના માટે ખૂબ જ પાકી છે. બેશક ! અલ્લાહને તેમના કામોની ખબર છે. અને મુસલમાન સ્ત્રીઓને હુકમ આપો કે પોતાની નિગાહો નીચી રાખે તથા પોતાની પારસાઈની હિફાઝત કરે." *(સૂરએ નૂર, ૨૪/૩૦, પા. ૧૮)*

## સ્ત્રી પણ પર પુરુષોને ન જુએ

અહીં એ વાત સમજવાની છે કે આ હુકમ માત્ર પુરુષો માટે જ નથી બલ્કે ઔરતોને પણ પોતાની નિગાહો નીચી રાખવાનો હુકમ છે અને તેણીઓને હુકમ છે કે પર પુરુષો પર નજર ન નાખે, કારણ કે ઘણીવાર સ્ત્રીનું પુરુષને જોવું પણ મહાન ફિત્નાનું કારણ બને છે. યાદ રહે કે અહીં તે બધા જ પુરુષો મુરાદ લેવામાં આવ્યા છે જેમનાથી સ્ત્રી નિકાહ કરી શકે, એટલે કે જે નામહરમ છે ભલે ને નજીકના સગા સંબંધી હોય, કારણ કે મહરમ હોવું અલગ વસ્તુ છે અને સગા સંબંધી હોવું અલગ છે. દા.ત. સાળી માટે બનેવી નામહરમ છે, પિત્રાઈ ભાઈઓ, દિયર, જેઠ તથા તેમના પુત્રો, નણંદના પુત્રો, નણદોઈ, મસ્યાયો, મોરાઈઓ, ફોયાઈઓ વગેરે, તેમનાથી પર્દો જરૂરી છે, ભલે ને તે સગા સંબંધી છે. વળી પીરથી પણ પર્દો જરૂરી છે, જે પીર સામે બેપર્દા જશે એનો પીર બેપર્દા મળશે તો એવી છૂટ આપનાર પીર ફિસ્ક઼માં પડશે અને "ફાસિક઼ પીર જ રહેશે નહીં !" ભલે લોકોમાં પીરે તરીક઼ત તરીકે મશ્હૂર હોય !

ઉપરોક્ત આયત સૂરએ નૂર શરીફની છે જેની શરૂઆતમાં **ઝિનાની** સજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને ત્યાર પછી તે રસ્તાઓને બંધ કરવામાં આવી રહ્યા છે જેના કારણે માણસ ઝિના નજીક જાય છે. **કોઈપણ બદકારી તથા અત્યાચારની જડ બુરી નજર છે.** હદીષે પાકમાં તેને **શૈતાનના તીરોમાંનું એક તીર** કહેવામાં આવ્યું છે. એટલા માટે ઈસ્લામ પ્રથમ નજર પર પાબંદી લગાડે છે કે કોઈપણ નજર ખરાબ રીતે કોઈના પર ન ઉઠે, ન સ્ત્રી પરાયા પુરુષને જુએ અને ન તો પુરુષ સ્ત્રીને. ઘણીવાર સ્ત્રી પુરુષના ગુણો પર ફિદા થઈ જાય છે તો માણસનું તેના ચુંગલમાંથી નીકળવું મુશ્કેલ થઈ જાય છે. એટલા માટે જ તો ઈસ્લામે દરેકને એક બીજાને જોવા તથા અડકવાથી રોક્યા છે.

## દુનિયા મુસલમાન માટે કેદખાનુ

આ વાતો આઝાદીના નારા પોકારવાવાળાઓને એટલા માટે કઠણ લાગે છે કે હવે આઝાદીના નામ

પર બેહયાઈ તથા બેશરમીને ખૂબ ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે, એટલે કે દરેક માણસ આઝાદ છે, મરજી મુજબ કાંઈપણ કરે, કોઈપણ માણસને બીજાને ગુનાહથી રોકવાનો કોઈ જ હક્ક઼ નથી. આનું જ બીજુ નામ અધર્મતા છે, એટલે કે માણસ દરેક પ્રકારના ધાર્મિક બંધનથી બિલકુલ મુક્ત તથા આઝાદ છે, અને આ સ્પષ્ટ કુફ્ર છે, પરંતુ પશ્ચિમી ખયાલો ધરાવનાર મુસલમાનો તેને અપનાવતા જઈ રહ્યા છે, કારણ કે આ બેશરમી તથા બેહયાઈ ઉપર આઝાદી તથા સ્વતંત્રતાનું લેબલ લાગેલ છે, પણ મુસલમાનોએ વિચારવું જોઈએ કે આ આઝાદી આપણા માટે કોઈ જ ફાયદામંદ નથી, આ આઝાદીના ના'રા તમને મઝહબથી પણ મુક્ત કરી દેશે અને અધર્મી બનાવી દેશે. આથી જ તો હદીષે પાકમાં છે કે, "દુનિયા એક મુસલમાનના માટે જેલ છે (જ્યાં કેદી આઝાદ નથી હોતો) અને કાફિર માટે જન્નત છે." કારણ કે તેના માટે હલાલ તથા હરામનો કોઈ જ પ્રશ્ન નથી હોતો. માટે આ આઝાદી પાછળ શૈતાનની ઘણી જ મોટી ચાલ છે, એટલે કે મુસલમાનોને ગુમરાહ કરી ઈસ્લામથી તેમનો રિશ્તો તોડવા ચાહે છે.

## સ્ત્રીની મર્યાદાઓમાં તેની જ ભલાઈ છે

આજકાલ આઝાદીની કંઈક એવી ચર્ચાઓ છે કે દરેક માણસ બસ છૂટછાટ અને આઝાદી જ ઈચ્છે છે જ્યારે કે દરેક વસ્તુની કોઈ હદ તથા સીમા હોય છે જેમાં રહીને જ તે સારી લાગે, જ્યાં આઝાદી હોવી જોઈએ ત્યાં આઝાદીની ઈચ્છા બરાબર છે અને જ્યાં આઝાદી ખતરનાક હોય છે ત્યાં કોઈ પણ રીતે આઝાદી આપવામાં નહીં આવે. દા.ત. એક લેબર અને મજૂરને તેના કામના સમયમાં એટલી જ આઝાદી અને રજા આપવામાં આવશે કે તે પોતાની જરૂરી હાજતો પૂરી કરી શકે, પણ તેને એટલી છૂટછાટ આપવામાં નહીં આવે કે જ્યારે પણ તેની ઈચ્છા થાય તો કામ છોડી પોતાની ઈચ્છાઓ પૂરી કરવા નીકળી પડે, જ્યારે ઈચ્છા થાય કામ છોડી પોતાના મિત્રને મળવા ચાલ્યો જાય, અને જ્યારે ચાહે પોતાના ઘરની જરૂરિયાત પૂરી કરવા નીકળી પડે. ખરેખર આઝાદીના નારા પુકારનારાઓ ઉપરોક્ત સંજોગોમાં મજૂરને ગમે તેમ ગમે ત્યારે પોતાની ઈચ્છાઓ પૂરી કરવાની આઝાદી તથા રજા નહીં આપે. અને જો આમ છૂટછાટ અને રજા આપવામાં આવે તો દુનિયામાં અવ્યવસ્થા ફેલાઈ જશે, જેથી આવી આઝાદી કરતાં પાબંદી વધુ બેહતર હશે.

સ્ત્રીનો મામલો પણ આનાથી કાંઈ અલગ નથી, એટલે કે ઉપરોક્ત વસ્તુને સ્વીકાર્યા પછી કોઈ પણ બુદ્ધિમાન એ વાતને નહીં નકારે કે સ્ત્રી જે એક ઘણી જ નાઝુક વસ્તુ છે તેને પણ અમુક હદીષમાં રહીને જ આઝાદી આપવામાં આવશે, એને એથી અધિક આઝાદી નહીં આપવામાં આવે. બધી જ હદબંદીઓ તોડી સંપૂર્ણપણે સ્ત્રી આઝાદીની વાત કરવી એ ખરેખર ઈન્સાફ વિરુદ્ધ છે અને આમાં સ્ત્રી સાથે હમદર્દી નહીં, પણ જુલ્મ તથા નાઈન્સાફી છે.

સ્ત્રી આઝાદ છે, શરીઅતની હદોમાં રહીને પોતાના ઘરમાં રહી જે ઈચ્છે તે કરે, જે ખાવાની ઈચ્છા થાય તે બનાવે, જ્યારે ઈચ્છા હોય કામ કરે અને મરજી થાય ત્યારે આરામ કરે તેણીને એની પણ આઝાદી છે કે મહરમ મર્દોમાંથી જેને ચાહે પોતાના ઘરમાં આવવાની રજા આપે અને જેને ઈચ્છે ન આવવા દે, પણ તેને આ વાતની છૂટ નથી કે પર પુરૂષો તથા પોતાના કોઈ પણ રિશ્તેદારોને ખુલ્લે આમ પોતાના ઘરમાં આવવાની રજા આપે, તેમની સાથે છૂટછાટથી વાતો તથા મસ્તી મજાક કરે, બેપર્દા તેમની સામે આવે. હા ! શરઈ કોઈ જરૂરત હોય તો કોઈને આવવાની રજા આપી શકે છે અને તે પણ બની શકે ત્યાં સુધી પર્દા સાથે જ. દા.ત. ડોક્ટરને ઈલાજ માટે એ જ રીતે વિના કારણે ઘરમાંથી બહાર જવા, બાગ બગીચાઓમાં ફરવા તથા વિના કારણે લોકોની મુલાકાત વગેરેની રજા આપવામાં નહીં આવે. આપણા પ્યારા નબી ﷺનું ફર્માન છે, "સ્ત્રીની બેહતરીન મસ્જિદ તેણીના ઘરની ચાર દીવારી છે." *(તિબરાની, બયહકી, સહીહુલ બુખારી, ભા-૨૫, ૧૩૭, અત્તરગીબ લિલ મુન્ઝરી, ભાગ-૧, પેજ-૩૦૩)*

આ વિશેની બીજી ઘણીયે હદીષો છે જેને અહીં

ઉલ્લેખ કરવાનો અમારો મક્સદ નથી, આ રિવાયતોનો હેતુ માત્ર એટલો છે કે પ્યારા નબી ﷺએ સ્ત્રીઓને ઘરમાં નમાઝ પઢવાનો હુકમ કર્યો છે બલ્કે અમુક રિવાયતોમાં તો છે કે સ્ત્રીનું ઘરમાં નમાઝ પઢવું મસ્જિદમાં નમાઝ પઢવાથી વીસ (૨૦) દરજા અફઝલ તથા બેહતર છે. *(જામેઉસ્સગીર, સલાતુલ મર્અહ)*

## ખુશ્બુ લગાડી બહાર ફરનાર સ્ત્રી વિશે હુકમ

પ્યારા સહાબાએ કિરામ આ વાતમાં એટલા સખત હતા કે જે સ્ત્રી સુગંધ લગાડી આવતી તેને પાછી ઘરે મોકલી આપતા. એકવાર હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ પાસેથી એક સ્ત્રી પસાર થઈ જેના વસ્ત્રો ખુશ્બુના કારણે મહેકી રહ્યાં હતાં, આપે તેણીને પૂછયું! હે અલ્લાહની બંદી ! તું ક્યાંથી આવી રહી છે ? તેણીએ જવાબ આપ્યો, મસ્જિદથી. આપે પૂછયું, તેં ખુશ્બુ લગાડી છે ? તેણીએ કહ્યું, હા ! આપે ફર્માવ્યું કે તું પાછી ઘરે જા અને ગુસલ કર, કારણ કે મેં અલ્લાહના રસૂલને ફર્માવતા સાંભળ્યું છે કે જે સ્ત્રી ખુશ્બુ લગાડી એ હાલમાં મસ્જિદથી નીકળે કે તેની ખુશ્બુ ફેલાઈ રહી હોય તો અલ્લાહ તઆલા તેણીની નમાઝ કૃબૂલ નહીં ફર્માવે, ત્યાં સુધી કે તેણી પરત ફરી જનાબતની જેમ ગુસલ ન કરી લે. એટલે કે પોતાના બદનથી ખુશ્બુની અસર ખતમ કરી લે. *(અબૂ દાઊદ, ૨/૫૭૫)*

તો જ્યારે મસ્જિદમાં નમાઝ માટે જવાનો આટલો સખત હુકમ હતો તો સામાન્ય મજલિસો, શાદીના ફંકશનોમાં તથા બજારોમાં બની ઠનીને, ખુશ્બુ લગાડીને જવું કઈ રીતે જાઈઝ થઈ શકે ?! એટલે કે જરૂરતથી જવું અને વિના જરૂરત તો જવું જ મના છે, જેમ કે એક રિવાયતમાં છે : "તે દરેક આંખ ઝાનિયા (વ્યભિચારી) છે જે સ્ત્રીને જોવા માટે ઉઠે અને જે સ્ત્રી ખુશ્બુ લગાડી મસ્જિદ પાસેથી પસાર થાય (અથવા જરૂરત માટે મજલિસમાં આવે) તે તેણી ઝાનિયા છે." *(તિર્મિઝી અને અબૂ દાઊદ, પેજ–૫૭૫, મિશ્કાત, પેજ–૯૬)*

કારણ કે સ્ત્રીનું ખુશ્બુ લગાડી ગૈર મર્દો પાસેથી પસાર થવું તેઓને પોતાના તરફ આકર્ષવાનું કારણ છે અને તેમની વાસનાને ભડકાવવું છે જે ગુનાહનું કારણ છે, અને જે વસ્તુ ગુનાહનું કારણ બને તે પણ ગુનોહ ગણાય છે. વળી સ્ત્રી તો આમ જ પસાર થઈ જાય તો પણ તેણીમાં એટલુ આકર્ષણ હોય છે કે માણસ તેણી તરફ ધ્યાનિત થઈ જાય છે અને શૈતાન ભડકાવે છે, તો જો ખુશ્બુ લગાડી, બની સંવરી, બેપર્દા થઈને તેણી નીકળે તો તેની હલાકત તથા નુકસાનનો અંદાજો કોણ લગાડી શકે ?! એટલા માટે જ તો હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, "સ્ત્રી છુપાવાની વસ્તુ છે, જ્યારે તેણી પોતાના ઘરેથી નીકળે છે તો શૈતાન તેણીને જુએ છે અને સ્ત્રી પોતાના રબથી નજીક તે સમયે હોય છે જ્યારે તેણી પોતાના ઘરની ચાર દિવારીમાં હોય છે. એટલે કે ફિત્નાથી જેટલી દૂર હોય છે એટલી જ રહમતે ઈલાહીથી નજીક હોય છે." અને ખરેખર સૌ જાણે સમજે છે કે આજે સ્ત્રી વિના રોકટોક અવનવા અંગ પ્રદર્શન કરતા ડ્રેસો પહેરી ગૈરો સાથે આઝાદીથી ફરતી થઈ ગઈ, સ્વચ્છંદતાથી ફરતી થઈ ગઈ જેનાં પરિણામો રોજબરોજ બહાર પડી રહ્યાં છે કયાંક લફરાં થતાં તલાકોના, ક્યાંક બળાત્કાર, ક્યાંક પત્ની ભાગી જવાના, પુત્રી ભાગી જવાના તથા ગર્ભ રહી જતાં આપઘાતના બનાવો બની રહ્યા છે. આ સમાજની બર્બાદી નથી તો શું છે ?!

## મુસલમાન બેપર્દગીની વકાલત કરે તો એનુ ઈમાન ખતરામાં છે

આ રિવાયત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી પણ મરવી છે અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہماથી મરવી છે.

ઉપરોક્ત રિવાયત તથા નબી ﷺના સ્પષ્ટ ફર્માનના હોવા છતાં કોઈ ઈચ્છા ધરાવે કે સ્ત્રીઓને ખુલ્લી છૂટછાટ આપવામાં આવે અને તેણીઓને બિલકુલ આઝાદ છોડી દેવામાં આવે જેથી તેણી જ્યાં ઈચ્છે જે રીતે ઈચ્છે ફરતી રહે. આ પશ્ચિમીઓની ઈચ્છા કહી શકાય પરંતુ ઈમાન તથા ઈસ્લામનો તકાઝો નહીં ગણાય. જો ગૈર ઈસ્લામી લોકો જેમનો ઈસ્લામ તથા શરીઅતથી કોઈ જ વાસ્તો નથી તેઓ આવી આઝાદી તથા છૂટછાટની માગણી કરે તો કોઈ

તાજજુબની વાત નથી પરંતુ **આશ્ચર્ય તો તે મુસલમાન સ્ત્રી તથા પુરુષો પર છે જેઓ ઈસ્લામનું પણ નામ લે છે અને ઈસ્લામની ઈચ્છા વિરૂદ્ધ બેપર્દગી તથા છૂટછાટનો આગ્રહ કરે છે!** માણસ ગુનાહ કરે પરંતુ પછી શર્મથી પાણી પાણી થઈ જાય તો બહું અફસોસની વાત નથી, તેનાથી ઉમ્મીદ રાખી શકાય છે કે કાલે પોતાના ગુનાહથી તૌબા કરી લેશે. પરંતુ જે ગુનાહનો આગ્રહ કરવા લાગે અને તેને જ હક્ક સમજી લે તો પછી તેનું સીધા રસ્તા પર આવવું ઘણું જ મુશ્કેલ છે. આજનો તે સમાજ જે પોતાને જ્ઞાની તથા મોડર્ન (**Modern**) કહે છે તેમની ઈચ્છાઓ તથા આગ્રહ કંઈક આ જ પ્રકારના છે કે સ્ત્રીને સંપૂર્ણપણે આઝાદી આપવામાં આવે. સ્પષ્ટ છે કે આ પણ તેમની અભણતાની ખુલ્લી દલીલ છે, કારણ કે માણસ જેના વિશે પોતાના ખયાલો બયાન કરવાની ઈચ્છા ધરાવતો હોય તો જરૂરી છે કે તેના વિશે જરૂરી જાણકારી પણ મેળવી લે. જેઓને ઈસ્લામની 'અલિફ' તથા 'બા'નું પણ જ્ઞાન નથી તેઓ ઈસ્લામ પર આક્ષેપો લગાડવાની કોશિશ કરી રહ્યા છે, જાણે તેઓ પોતે જ પોતાના હાથે પોતાના દીનનું ખૂન કરી રહ્યા છે અને પોતાના ઈમાનની બર્બાદીનો સામાન તૈયાર કરી રહ્યા છે. આજે કોઈ ડોક્ટર ન હોય અને ડોક્ટરોને સલાહ મશ્વરો આપે તો તેની સમજ તથા બુધ્ધિ પર ખેરખર લોકો ઠઠ્ઠા કરશે, પરંતુ આશ્ચર્યની વાત છે કે જેને દીનનું જ્ઞાન જ નથી તે દીન વિશે પોતાના ખયાલો જાહેર કરવા તથા તેને મનાવવા પોતાનો પેદાઈશી હક્ક સમજે છે!

ખરેખર ઈન્સાન તથા દરેક મખ્લૂકને અલ્લાહ તઆલાએ જ પેદા ફર્માવ્યા તથા તેમના માટે કાનૂન બનાવવાનો અધિકાર માત્ર તેને જ છે, ન તેનાથી વધુ કોઈ હિકમતવાળો છે અને ન તો તેના મુકાબલામાં કોઈ જ્ઞાનવાળો. તે જ બંદાઓને ઈલ્મ તથા હિકમતના ખજાનાથી માલામાલ કરે છે. તેણે ઈન્સાનોમાં મર્દ પણ બનાવ્યા તથા સ્ત્રીઓને પણ પેદા કરી અને બંને માટે અમુક હદો તથા સીમાઓ બનાવી ઈર્શાદ ફર્માવ્યો, "પુરુષ સ્ત્રીઓનો હાકેમ છે." તેનું જ ફર્માન છે, "મર્દના હાથમાં નિકાહની ગાઠ છે." એટલે કે જ્યાં સુધી ઈચ્છે પોતાના હાથમાં રાખે અને જ્યારે ઈચ્છે ખોલી આપે, મતલબ તલાક આપે.

હવે કોઈ કહેવાતો બુદ્ધિજીવી અને એડવાન્સ કહેવાતો માણસ ઉપરોક્ત આયતોના સ્પષ્ટ હુકમ વિરૂદ્ધ પોતાની ફિલોસોફી ચલાવે તથા અક્કલના ઘોડા દોડાવે અને કહે કે, "સ્ત્રીઓ પણ હાકેમ છે અને તેણીઓને પણ તલાકનો હક્ક છે, અને આમાં બંનેને બરાબરનો હક્ક છે." તો આ તેની હલકી કક્ષાની બેવકૂફી અને છેલ્લા દરજાની અજ્ઞાનતાની દલીલ તથા પુરાવો છે, ભલે ને તે પોતાને ઘણો જ મોટો ફિલોસોફર સમજતા હોય.

## ઈસ્લામી કાનૂન મોલ્વીઓના ઘડેલા નથી !

એક મહાન ભૂલ પશ્ચિમી હવા લાગેલ લોકો એ કરે છે કે ઈસ્લામના પવિત્ર કાનૂનને મોલ્વીઓના પોતે બનાવેલ કાનૂન ગણાવે છે. જ્યારે કે ઈસ્લામ અલ્લાહનો પસંદીદા મઝહબ છે અને તેના કાનૂન રબના બનાવેલા કાનૂન છે, કોઈ માણસના બનાવેલા નથી. ખૂદ અલ્લાહના પ્યારા નબી ﷺએ જે અહકામ બયાન ફર્માવ્યા તે પણ ખુદા તરફથી જ હતા. કુર્આને પાક સાફ ઈર્શાદ ફર્માવે છે : "અને તે કોઈપણ વાત પોતાની ઈચ્છાથી નથી કહેતા, તે માત્ર વહી છે જે તેમને કરવામાં આવે છે." *(અન્નજમ, ૫૩-૩)*

તો **જ્યારે ઈસ્લામના હુકમો અલ્લાહના ઉતારેલ કાનૂન છે ભલે તે કુર્આનથી હોય કે હદીષથી, તો તેમાં ચું કે ચા કરવાની કોઈ શક્યતા જ નથી. હવે જે આ હુકમો પર વાંધો ઉઠાવે છે જાણે તે પોતાના રબના હુકમો પર વાંધો ઉઠાવે છે અને જે રબના હુકમ પર વાંધો ઉઠાવે તે મુસલમાન કઈ રીતે રહી શકે ?!** હજુ ઘણીયે વાતો છે જે બયાન કરી શકાય, પરંતુ ઈમાન તથા સમજ ધરાવનાર માટે આટલું જ પૂરતું છે અને જેની પાસે આ બે વસ્તુઓ નથી તેના માટે દફતરોના દફતરો પણ બેકાર છે.

અલ્લાહ તઆલા પોતાના હબીબ ﷺના સદકામાં સૌને સારી ઈમાની સમજ આપે અને ઈસ્લામી મા બહેનોને બેહયાઈથી દૂર રહી પર્દામાં રહેવાની તૌફીક આપે. આમીન





લેખ હરીફાઈમાં
પ્રથમ આવનાર લેખ

# એલાને હક્ક઼ સંબંધે બુઝુર્ગોનો કિરદાર અને આપણે

**રજૂકર્તા : ખત્રી ઉષ્માનગની સુલેમાન-ડભોઈ** *(સ્ટુન્ડટ ઓફ એસ.એસ. કોલેજ ઓફ ફાર્મસી–બેંગ્લોર)*

એલાને હક્ક઼ કરવું એ બુઝુર્ગોની ખાસુલ ખાસ વિશિષ્ટતાઓમાંથી છે. એલાને હક્ક઼ કરવું, નેક કામોનો હુકમ આપવો અને બુરાઈઓથી રોકવું એ ઈસ્લામની બુનિયાદી વાસ્તવિક્તાઓમાંથી છે અને અલ્લાહ તઆલાએ નબીઓને આ જ કામ માટે દુનિયામાં મોકલ્યા હતા. આ જ કારણથી "અમ્ર બિલ મઅરૂફ વ નહી અનિલ મુન્કર"નું મહત્વ જાહેર કરવા માટે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્આનમાં ઈર્શાદ ફર્માવે છે : "અને તમારામાં એક જુથ (ગિરોહ) એવું હોવુ જરૂરી છે, જે લોકોને ભલાઈ તરફ બોલાવતુ રહે અને સારા કામ કરવાનો આદેશ આપતુ રહે અને બુરા કામોથી રોકતુ રહે." *(સૂરએ આલે ઈમ્રાન, ૨૩/૧૦૩)*

### ★ એલાને હક્ક઼ની જરૂરત ★

ઉપર વર્ણવેલ આયતે કરીમાથી એલાને હક્ક઼ની એહમિયત સાફ જણાઈ રહી છે કે તે ફર્ઝે કિફાયા છે અને તેનું કરવું જરૂરી છે. અન્ય એક જગા પર અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : "આ એવા લોકો છે કે જો અમો તેમને દુનિયામાં સત્તા આપીએ તો તેઓ નમાઝની પાબંદી કરે તથા ઝકાત આપતા રહે અને બીજાઓને ભલા (સારા) કામનો આદેશ આપે તેમજ બુરા કામથી રોકતા રહે." *(સૂરએ હજ્જ, ૨૨/૪૧)*

આથી જાણવા મળ્યું કે જ્યારે સમાજમાં ફિત્ના ફેલાઈ રહ્યા હોય, લોકો પબ્લિકને ખરાબ કામોની તરફ બોલાવતા હોય, કહેવાતા પીરે તરીક઼તો શરીઅત વિરુદ્ધ ચાલતા હોય અને શરીઅતને મજાક બનાવવામાં આવી રહી હોય, બદ્અક઼ીદગીની બુરાઈ ફેલાઈ રહી હોય, ક઼ૌમી એકતાના નામે સૂફી–સાધુની મિટિંગો થતી હોય અને તેમાં "રામ–રહીમ એક છે" એવી કુફ્રી વાણી બોલાતી હોય અને તેના પર હાજર મુસ્લિમો થકી તાળીઓ પડતી હોય ! અને ખુરાફાતનાં કામો તેમજ હરામ કામોને આમ કરી પબ્લિકને ગુમરાહ કરી દીનથી દૂર કરવાનો પ્રોપેગન્ડો થઈ રહ્યો હોય, ફાસિક઼ તથા સામાજિક અધઃપતન પામેલ, દીનથી અક઼ીદાથી બેપરવા ખુરશી ધર્મવાળા રાજકરણીઓને પોતાના "સરદાર" (નેતા) ગણી કહેવાતા દીની રહબરો થકી તેમની ખુશામદો થતી હોય, કહેવાતા પીરો, રહબરો એવાઓને ત્યાં શાદીઓમાં હાજરી આપી મુબારકબાદી આપતા હોય, કે જે શાદી બદ્મઝહબ સાથે થતી હોય, જેવું કે આજની સ્થિતિ છે. તો તેવા દૌરમાં દરેક મુસલમાનની અને ખાસ કરીને એવા લોકોની અહમ જિમ્મેદારી છે જેઓ ક઼ૌમના રહેબર પોતાને કહેવડાવે છે અને ક઼ૌમની ક઼યાદત તથા ઈમામત અને રહબરીની જિમ્મેદારી જેમના ખભાઓ પર છે, વળી આજના દૌરમાં કે જ્યારે કેટલાક કહેવાતા જિમ્મેદારો, મસ્જિદ મદ્રસાના ટ્રસ્ટીઓ તથા ક્યાંક મુફ્તીઓ અને આલિમો પણ હ઼ક્ક઼ વાત કહેવાથી ડરી રહ્યા છે અને ગોળ ગોળ વાત કરીને હક્ક઼ વાત છુપાવે છે ત્યારે તો

એ અતિ જરૂરી બની જાય છે.

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે મહબૂબે ખુદા ﷺનો ઈર્શાદ છે : મારી ઉમ્મતમાં સૌથી અફઝલ શહીદ તે શખ્સ છે જે જાલિમ હાકિમની સામે ગયો, તેને નેકીનો હુકમ આપ્યો અને બુરાઈથી રોક્યો અને એ કારણે શહીદ કરી દેવામાં આવ્યો તો એવા શહીદનું ઠેકાણુ જન્નતમાં હઝરત સૈયદના હમ્ઝા તથા સૈયદના ઈમામ જઅફર તૈયાર رضی اللہ عنہماના દરમ્યાન હશે. *(મુકાશફતુલ કુલૂબ–૧૨૦, બરકાતે શરીઅત)*

જાણવા મળ્યું કે જાલિમ બાદશાહ પણ ખોટુ કામ કરી રહ્યો હોય, શરીઅતની ખિલાફ વર્તી રહ્યો હોય, મઝહબમાં ખુરાફાત અને ખરાબ બિદઅતોને જન્મ આપતો હોય તો તેના ખિલાફ હક્ક઼ વાત કહેવી અને તેની સુધારણા કરવી એ બહુ મોટી નેકી છે અને તેના ઉપર ઘણો જ અજર તેમજ સવાબ છે અને એ કામ કરતાં શહીદ થનાર શહીદોમાં સૌના કરતાં પણ ઉત્તમ હોવાની ખુશખબરી છે.

હવે આવો જરા આ હદીષને અનુસરનારા પૂર્વજ બુઝુર્ગોની એલાને હક્ક઼ સંબંધે જિંદગી કેવી હતી તેના ઉપર જરા ધ્યાન દઈએ અને પોતાની ગલતીઓ સુધારવાની કોશિશ કરીએ.

### ★ મુસીબતના સમયે પણ સહાબીની હક્ક઼ ગોઈ ! ★

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! જ્યારે નજ્જાશી બાદશાહના દરબારમાં કાફિરોએ મુસલમાનોના ખિલાફ બાદશાહને બહેકાવ્યો અને ખોટી વાતો રજૂ કરી અને કહ્યું કે તેઓ (મુસલમાનો) અમારા મુજરિમ છે અને મક્કા છોડીને અહીં આવેલ છે તો તેઓને અમારા હવાલે કરો.

જ્યારે નજ્જાશી બાદશાહે મુસલમાનોના ગિરોહને દરબારમાં બોલાવ્યો તો હઝરત જા'ફર બિન અબી તાલિબ رضی اللہ عنہએ મુસલમાનોની આગેવાની કરી અને દરબારના નિયમ વિરુદ્ધ બાદશાહને સજદો કર્યા વગર દરબારમાં પ્રવેશ કર્યો જેથી લોકોએ તેમને ટોકયા અને કહ્યું કે આ અદબના વિરુદ્ધ છે. તો વાંચો અને ઈબ્રત હાંસલ કરો કે તેમણે પોતાના જાનની પરવા ન કરી અને એલાને હક્ક઼ બુલંદ કર્યું અને કહ્યું કે **અમોને અમારા રસૂલ ﷺએ અલ્લાહ સિવાય કોઈને સજદો કરવાથી મના ફર્માવેલ છે એટલે હું બાદશાહને સજદો નથી કરી શકતો.**

હે મુસલમાનો ! જાણો છો હઝરત જા'ફર رضی اللہ عنہના આ એલાને હક્ક઼ની અસર એ થઈ કે હબ્શનો એ નજ્જાશી બાદશાહ મુસલમાન થઈ ગયો અને તેના ઈન્તેક઼ાલ પર ખૂદ તાજદારે કાઈનાત ﷺએ તેની ગાઈબાના નમાઝે જનાઝા પઢી (હવે એ આપણા માટે જાઈઝ નથી) અને તેની મગફિરત માટે દુઆ કરી. *(સીરતે મુસ્તફા ﷺ)*

### ★ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની હક્ક઼ ગોઈ ! ★

જ્યારે બનૂ ઉમૈયાના દૌરમાં કૂફાનો ગવર્નર ખાલિદ બિન અબ્દુલ્લાહ જુમ્આના ખુત્બા માટે મિમ્બર પર બેઠો તો તક઼રીરમાં એવો મગ્ન (તલ્લીન) થઈ ગયો કે ઝોહરનો આખરી સમય આવી ગયો અને અસરનો સમય ઘણો જ નજીક થઈ ગયો. ત્યારે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ ગવર્નરની તરફ કાંકરીઓ ફેંકીને કહ્યું, "નમાઝ ! નમાઝ !"

જ્યારે ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ એલાને હક્ક઼ ગવર્નરની સામે બુલંદ કર્યું તો નમાઝ તો પઢી લેવામાં આવી પરંતુ તેની સજામાં ઈમામે આ'ઝમ رضی اللہ عنہને ગિરફતાર કરવામાં આવ્યા. અને ગર્વનરે પૂછયું કે તમે આવું શા માટે કર્યું ?! તો ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ હક્ક઼નો પરચમ કશાય ખચકાટ વિના અને બેખૌફ થઈને બુલંદ કર્યો અને ફર્માવ્યું કે નમાઝ કોઈનો ઈન્તેઝાર નથી કરતી, અલ્લાહની કિતાબ અને શરીઅતના ક઼ાનૂન પર અમલ કરવાનો આપને વધુ હક્ક઼ છે કારણ કે આપ ગર્વનર છો, જિમ્મેદાર છો, જો આપ જ તેને પાયમાલ કરશો તો લોકોની શી હાલત થશે ?! *(ઈમામે આ'ઝમ, રઝા એકેડેમી)*

### ★ "શહાબુદ્દીન હક્ક઼ ગો" લક઼બ શાથી ? ★

હઝરત મૌલાના શૈખ શહાબુદ્દીન ઈબ્ને મૌલાના ફખ્રુદ્દીન ઝાહેદીનો લક઼બ હક્ક઼ ગો છે. એનું કારણ એ

છે કે દિલ્હીના બાદશાહ મુહમ્મદ ઈબ્ને તગલક ઘણો જ જાલિમ હતો. પણ એકદમ તેના માથા પર એવુ ભૂત સવાર થઈ ગયું કે સૌ મને મુહમ્મદ "આદિલ" (ન્યાયી) કહે ! જેથી તેણે હઝરત મૌલાનાને દરબારમાં બોલાવ્યા અને કહ્યું કે તમે મને મુહમ્મદ "આદિલ" લકૃબ વડે પુકારો ! આ સાંભળીને આપે ખૂબ જ મુજાહિદાના લહેજામાં ઈર્શાદ ફર્માવ્યો કે, હું એક જાલિમને હરગિઝ હરગિઝ કદાપિ આદિલ નથી કહી શકતો ! બાદશાહે ગુસ્સે ભરાઈને જલ્લાદોને હુકમ આપી દીધો કે, તેમને કિલ્લાની દીવાલની નીચે ફેંકી દો. જેથી જલ્લાદોએ આપને કિલ્લાની દીવાલ પરથી નીચે જમીન પર ગબડાવી દીધા અને આપ શહીદ થઈ ગયા. આપની કૃબ્ર શરીફ કિલ્લાની નીચે જ બનેલી છે. આ પ્રસંગ બાદ લોકો આપને 'શહાબુદ્દીન હક્ક ગો' رحمۃ اللہ علیہ કહેવા લાગ્યા. *(અખ્બારુલ અખ્યાર, પેજ–૧૩૭, બહવાલા રૂહાની હિકાયત–૨)*

**★ નજાસત ન ખા ! શું બકે છે ?! ★**

દિલ્હીનો બાદશાહ મુહમ્મદ તગલક જાલિમ હોવા ઉપરાંત અતિશય ગુસ્તાખ તથા બેઅદબ પણ હતો અને પોતાની સલ્તનતના ઘમંડમાં કયારેક કયારેક શરીઅતના મસ્અલાઓમાં પણ ટીકા ટીપ્પણ, ખોડ ખાંપણ કાઢવા બેસી જતો હતો. જેમ કે એકવાર એણે એવું કહી નાખ્યું કે ખુદાનો ફયૂઝ કટ નથી થઈ શકતો તો પછી નબુવ્વતનો ફયૂઝ કટ થઈ શકે છે ? જો હજી પણ કોઈ નબુવ્વતનો દા'વો કરે અને મો'જિઝો બતાવે તો તેને સમર્થન કરશો કે નહીં ? મૌલાના અમ્માદે તે જ વખતે ભર્યા દરબારમાં એવું કહ્યું કે, **"પાયખાનુ (મળ) ન ખા ! શું બકી રહ્યો છે ?!"** મુહમ્મદ તગલકે હુકમ આપ્યો કે તેમને ઝુબહ કરીને જીભ ખેંચી લેવામાં આવે. જેથી જલ્લાદોએ આપને ઝુબહ કરીને આપની જીભ ખેંચી લીધી. *(અખ્બારુલ અખ્યાર, પેજ–૨૦૭, બહવાલા રૂહાની હિકાયત–૨)*

**સારાંશ** : મૌલાના શહાબુદ્દીન અને મૌલાના અમ્માદ رحمۃ اللہ علیہ વગેરે સેંકડો ઉલમાએ સલફ એવા થયા જેમણે હક્ક વાત (કલમાએ હક્ક) કહેવાને લીધે શહાદતનો જામ પીધો. ઈમામે હુસૈન તથા શોહદાએ કર્બલા رضوان اللہ تعالٰی علیہم اجمعین એ શા માટે શહીદી વહોરી ? એલાને હક્ક માટે જ તો ! બેશક ! આ મુકૃદસ હસ્તીઓ 'શોહદાએ હક્ક' છે જેઓ પોતે તો કપાઈ ગયા પણ હક્કને કપાવા ન દીધું, ખૂદ તો નાશ પામ્યા પણ હક્કને નષ્ટ થવા ન દીધું. યકીનન ! એમની કુર્બાનીઓના સબબે આખા વિશ્વમાં હક્કની બોલબાલા થઈ ગઈ. જાલિમ બાદશાહોની તલવારોથી આ હક્કાની શહીદોની ગરદનો તો કપાઈ ગઈ પણ તેમની હક્કાનિયતની સફેદ નસ ન આજ સુધી કપાઈ ન કૃયામત સુધીમાં કપાઈ શકે છે, બલ્કે કૃયામત સુધી તેમની હક્કાનિયત ઝિંદા રહેશે અને તેમની હક્કાનિયતનો પરચમ હમેશાં આકાશના વાતાવરણમાં લહેરાતો રહી કહેતો રહેશે કે :–

***ઝિંદા હૈ મિલ્લતે બયઝા શોહદાકે દમમેં***
***ઉન્કી રૂહોંપે હો સો બાર દુરૂદ ઔર સલામ***

**★ જાન જાય તો જાય પણ હક્ક બુલંદ રહે ! ★**

ઉપરાંત ઘણા બધા બલ્કે દરેક અલ્લાહવાળા બુઝુર્ગોની આવી જ શાન રહી છે કે જયારે પણ શરીઅતના ખિલાફ કોઈ કામ થતું તો તેઓ એ ન જોતા કે સામે કોણ છે ? બાદશાહ હોય કે પ્રજા, અમીર હોય કે ગરીબ, ખાસ હોય કે આમ દરેક જગ્યાએ તેઓએ એલાને હક્ક કરીને હક્કનો ઝંડો બુલંદ કર્યો છે.

જેમ કે જયારે કુર્આને મુકૃદસને મખ્લૂકૃ કહેવામાં આવ્યું તો ઈમામ અહમદ બિન હબંલ رضی اللہ عنہ એ એલાને હક્ક બુલંદ કર્યું અને બદલામાં કોરડાઓની સખત સજા પણ સહેવા તૈયાર થઈ ગયા.

જયારે જાલિમ અકબરે દીને ઈસ્લામની ખિલાફ સર્વ ધર્મ સમભાવવાળા મિશ્ર ધર્મ બનામે "દીને ઈલાહી"ની સ્થાપ્ના કરી તો મુજદિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ એ એલાને

હક્ક઼ બુલંદ કરી અકબરના ભેળસેળિયા ધર્મ દીને ઈલાહીની ધજ્જીઓ ઉડાડી દીધી.

**★ અંગ્રેજ જાલિમો સામે હક્ક઼ ગોઈ ! ★**

અધિક આગળ વધીએ તો જાણવા મળશે કે જ્યારે અંગ્રેજ હુકૂમત હિંદુસ્તાનને ગુલામ બનાવી જુલ્મ ફેલાવી રહી હતી અને તેઓના ગુલામ બની બેઠેલા અને આજે આ તકસાધુઓ પોતાના મોલ્વીઓને આઝાદીના લડવૈયા ગણાવે છે તેવા દેવબંદી પેશ્વાઓ ત્યારે તેમને પોતાની ઉપર અલ્લાહની રહમત કહેતા હતા, એવા ચેલેંજભર્યા દૌરમાં મર્દે મુજાહિદ હઝરત અલ્લામા ફઝલેહક્ક઼ ખૈરાબાદી رحمۃ اللہ علیہએ એલાને હક્ક઼ બુલંદ કર્યું અને ફર્માવ્યું કે અંગ્રેજોના ખિલાફ જેહાદ કરવો એ મુસલમાનો પર જરૂરી છે અને બદલામાં અંજામ શું થશે તેની પરવા ન કરી. અને જ્યારે તેમને અંગ્રેજોએ આંદામાન નિકોબારમાં કાલાપાનીની સજા કરી તે છતાં તેમણે પોતાનો ફેંસલો ફેરબદલ ન કર્યો બલ્કે હક્ક઼ને વળગી રહ્યા અને ત્યાં જ ઈન્તેકાલ ફર્માવ્યો.

**★ બરેલીના હક્ક઼ ગો મુજાહિદો પર લાખો સલામ ! ★**

હવે વધુ આગળ ન લખતાં આ જ સદી અને નજીકના જ વરસોનો ઈતિહાસ જો વાંચવામાં આવે તો માલૂમ થશે કે આ જ હિંદુસ્તાનમાં બરેલી શરીફની ધરતી પર પૈદા થનાર મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ નવા ફૂટી પડેલા વહાબી, ક઼ાદયાની વગેરે ફિર્ક઼ાઓ સમક્ષ તથા સર્વ બાતિલ ખયાલો સમક્ષ એલાને હક્ક઼ બુલંદ કરી ક઼ૌમે મુસ્લિમને કુફ્ર તથા ઈર્તેદાદમાં પડવાથી બચાવી એહલે સુન્નતનો ઝંડો લહેરાતો રાખ્યો, તેમજ મર્દે મુજાહિદ મુજદ્દિદ ઈબ્ને મુજદ્દિદ શાહ મુસ્તફા રઝાખાં હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની ઝાતે બાબરકત પણ આપણા માટે હિદાયતની રાહ ચિંધે છે કે જ્યારે ૧૯૭૭માં ઈંદિરા ગાંધીની ગર્વમેન્ટમાં નસબંધીનો ફિત્નો ઉઠયો અને મોટા ભાગના દારુલ ઈફતા વેચાઈ ગયા ત્યારે આ જ મર્દે મુજાહિદે ફત્વો જારી ફર્માવ્યો કે નસબંધી હરામ ! હરામ ! અને હરામ જ છે ! તેમણે ગવર્મેન્ટના પ્રેશરની પરવા ન કરી.

ઉપરાંત જ્યારે શુદ્ધિ સંગઠનની (મુસ્લિમમાંથી હિંદુ બનાવવાની) ચળવળ ચાલી અને મુસલમાનોને ઈસ્લામથી ફેરવીને કાફિર બનાવવાનું પ્લાનિંગ થયું ત્યારે ખૂદ હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ પગપાળા ચાલીને તબ્લીગી દૌરા કર્યા અને એક જગ્યાએ તો નિર્ણાયક ફૈંસલા માટે ગૈરના ધર્મગુરૂને ઉકળતા તેલમાં કૂદી પડવાની ચેલેંજ પણ કરી અને આ રીતે લોકોના ઈમાનને બચાવવા માટે પોતાની જાનની પણ પરવા ન કરી.

**★ આજની ઢીલી નીતિના કેટલાક નમૂના ★**

એક વખત બન્યું એમ કે એક જગ્યાએ જાહેરમાં માઈક પર એક મસ્જિદના ઈમામ સાહબ થકી એલાન કરવામાં આવ્યું કે રમઝાન ઈદની ઔરતોની નમાઝ ફલાણી જગ્યાએ ફલાણી સાહિબા (ઔરત) પઢાવશે. હવે આ એલાન પરથી સાફ જાહેર થાય છે કે "પઢાવશે"નો મતલબ એ જ થાય છે કે "ઈમામત" ફર્માવશે. જ્યારે એ હઝરતને પૂછવામાં આવ્યું કે ઔરતો માટે ઈદની નમાઝ કે ઈમામત છે ખરી ?! તો કહ્યું કે ઔરતો માટે ઈદની નમાઝનો હુકમ જ નથી ! ત્યારબાદ જ્યારે સવાલ થયો કે, તો પછી તમે જિમ્મેદાર વ્યક્તિ (ઈમામ) હોવા છતાં આવું એલાન શા માટે કર્યું ?! હવે ધ્યાનથી જવાબ વાંચો : કહ્યું કે, "મારે તો કરવું પડે નહીં તો મારી નોકરીનું શું ?!" વળી એક જગ્યાએ મુફતી સાહબે એલાન કર્યું કે, "જે ભાઈઓ આલિમા ફલાણા આપા સાહિબાનું બયાન સાંભળવા ચાહતા હોય તેઓ હોલ બહાર માઈક પર સાંભળી શકશે. બહાર માઈકો પર ઔરતનું બયાન ચાલુ રખાયું ! તેમણે પણ ટ્રસ્ટીના કહેવાથી આવું એલાન કરવું પડયું ! શા માટે ? નોકરી સાચવવા ! જ્યારે કે શરીઅતમાં ઔરતનો અવાજ પણ ઔરત છે.

એક મૌલાના સ્ટેજ પર તો દેવબંદીઓની ખુલ્લેઆમ રદ કરે છે અને જ્યારે સલામનો જવાબ

(દેવબંદીઓને) આપવો કે નહીં ? એમ પૂછવામાં આવ્યું તો હક્ક઼ વાત કહેવાને બદલે તેમણે કહ્યું કે ભાઈચારગીની બુનિયાદ પર આપવો જોઈએ ! શું શરીઅતમાં આવો હુકમ છે ?!

આજે વહાબીથી શાદી વિશે, દોસ્તી વિશે, તેમનું ઝબહ કરેલ, રાંધેલ ગોશ્ત હરામ હોવા વિશે, તેમની જનાઝાની નમાઝ ન પઢવા વિશે કેટલાક ઈમામો એટલા માટે નથી બોલતા કે નોકરીમાંથી છૂટા કરી દેવાશે અથવા લોકો નારાજ થઈ જશે ! અને તેવાના નિકાહ તથા જનાઝાની નમાઝ પણ પઢાવી આપે છે.

**★ બુઝુર્ગોના સ્વાગતમાં ફટાકડાના ધમાકા ! ★**

એક સમય હતો કે બુઝુર્ગો એવા હતા કે તેમની સામે શરીઅત વિરુદ્ધ કામ કરવા કોઈ હિંમત ન કરતું, જ્યારે આજે એવા કહેવાતા બુઝુર્ગો છે કે તેમનું સ્વાગત ક્યાંક બેન્ડબાજા સાથે તો ક્યાંક ફટાકડા ફોડીને થાય છે ! આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ''ફતાવા રઝવિય્યહ્ (૧૦/૭૭)''માં ફર્માવ્યું છે કે, **''ફટાકડા ફોડનારા શૈતાનના ભાઈ છે.''** કુર્આનમાં છે કે, ''ફુઝૂલખર્ચી કરનારા શૈતાનના ભાઈ છે.'' અને ફટાકડા–ટોટા ફોડવા ચાહે તે શાદી પ્રસંગે કે ઉર્સના પ્રસંગે, તો કોઈ પીરના સ્વાગતમાં કે મીલાદુન્નબી ﷺ વગેરે જુલૂસમાં ફોડવામાં આવે તો એ નાજાઈઝ તથા હરામ કાર્ય છે. પણ છતાં આજે આ બધુ થઈ રહ્યું છે ! હસ્તીઓ જોઈ રહી છે પણ કોઈ હક્ક઼ વાત કહેવા કે તેમને રોકવા તૈયાર નથી ! બલ્કે પોતાની બડાઈ સમજી મનમાં મલકાઈ રહી છે ! અવામ બેધડક શરીઅત વિરુદ્ધ મનમાની કરી રહી છે અને એને ન રોકવાથી, હક્ક઼ વાત ન સમજાવવાથી એ સમજે છે કે આ કામો જાઈઝ છે અને આ રીતે ગુમરાહીમાં દિન પ્રતિ દિન વધારો થઈ રહ્યો છે જેનો બેનિફિટ સીધો વહાબિયતને મળે છે.

**★ પહેલાં ''મુરીદ'' બનવા મહેનત પડતી હતી આજે રમત રમતમાં ''ખલીફા'' બનાય છે ! ★**

પહેલાંના બુઝુર્ગો પીરો કોઈને તત્કાલમાં મુરીદ પણ બતાવતા ન હતા, હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ તથા હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ વગેરેનું જીવન તપાસી લો. કેટલીય ઈબાદત તથા રિયાઝત પછી મુરીદ પણ બનાવતા હતા, પણ આજે માહોલ ઉલ્ટો જણાય છે, જાણે સૌ રસમો રિવાજ થઈ ગયું છે તથા દરેકને પોતાનુ વર્તુળ વિસ્તારવાની તથા મજબૂત કરવાની જાણે ફિકર છે, દીન સુન્નિયતની ખિદમતનો જાણે એમાં અભાવ જણાય છે. એક ભાઈ પોતાનો અનુભવ વર્ણવે છે કે એક શખ્સ એક પીર પાસે પહોંચ્યો, પ્રથમ જ મુલાકાત હતી અને તે શખ્સ તદ્દન જાહિલ હતો. તેણે પીર સાહબને કહ્યું કે હઝરત ! મારે આપના મુરીદ થવું છે ! તો પીર સાહબે કહ્યું, ''અરે ! મુરીદ શું ? હું તમને મારો ખલીફા જ બનાવી દઉં છું !'' અને બનાવી દીધો ! એ ભાઈ અત્યારે દેવબંદીઓના વચ્ચે રહીને બાપુગીરીનો ધંધો ધમકોધાર કરીને ઔરતોનાં ટોળામાં બેસી માલ કમાઈ રહ્યા છે અને સુન્નિયત બદ્નામ થઈ રહી છે.

હક્ક઼ તરફથી આંખો મીંચીને હાલમાં ઘણા બધા કહેવાતા પીરો ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ તરફ લોકોને વાળવાને બદલે પોતાના દીવાના બનાવવામાં સક્રિય છે અને પોતાનુ વર્તુળ વિસ્તારવાની ફિકરમાં વ્યસ્ત છે.

હાલ આમ રિવાજ છે કે ઘણે ઠેકાણે મુરીદો નાની નાની વાતો પોતાના પીરને પૂછતા રહે છે, એમાં કેટલાક પીરો શરીઅતનો ઈલ્મ શીખેલા હોતા નથી, આલિમ હોતા નથી જેથી આડેધડ જવાબો આપે રાખે છે, અને ક્યારેક શરીઅત વિરુદ્ધ વાતો બોલી નાખે છે, અને કોઈ આલિમ તેની વિરુદ્ધ શરીઅતનો સાચો હુકમ કહે તો તેને સ્વીકારવાને બદલે તેને ''ગુસ્તાખ! બેઅદબ !'' કહીને વગોવી નાખવામાં આવે છે ! આ જ માહોલ બનતો જઈ રહ્યો છે જે સુન્નિયતને અંધકાર પ્રતિ લઈ નહીં જાય તો શું થશે ? માટે ઉલમાએ આની સામે હક્ક઼ વાતો રજૂ કરવા નમ્રતાથી અદબ સાથે કોશિશો કરવી જ પડશે.

## ★ તડપતા દિલની ફરિયાદ ! ★

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! હે મારી કૌમના આલિમો ! હે મોહતરમ પીરો ! હે જિમ્મેદાર ટ્રસ્ટીઓ ! અને કૌમની રહબરીના દાવેદારો ! અને હે મારી ભોળી ભાલી સુન્ની કૌમ !

આજે આપણે જાગવાની જરૂરત છે. આજે ઈસ્લામ તથા અહલે સુન્નત વલ જમાઅતના વિરુદ્ધ ગૈર હોય કે પછી મુસલમાન હોવાનો દાવો કરનાર બદ્અકીદા મુનાફિક હોય, દરેક પોત પોતાની રીતે આપણને બરબાદ કરવા બેઠા છે. તેમણે ઈમાનની અઝીમ નેઅમતને લૂટવાની જાળો ઠેક ઠેકાણે બિછાવી છે, એવામાં જો આપણે હક્ક વાતને લોકો સામે રજૂ નહીં કરીએ તો આપણે આપણા રબને શું જવાબ આપીશું ? હક્ક વાત લોકો સુધી પહોંચાડવી એ આપણી અને આપણી જ જવાબદારી છે.

આજે તો હક્ક વાત કહેવાની આવે તો નોકરી, કારોબાર, સંબંધ, રિશ્તેદારીને તથા મુરીદો રૂઠી જવાની ધારણાને તથા સમયનો તકાઝો તથા "લોક માંગ"ને આડ બનાવી હક્ક વાતને, શરીઅતના હુકમને દબાવવાની કોશિશ કરવામાં આવે છે, પરંતુ એવા લોકો કયામતના દિવસે શું બહાનું બનાવશે ?! જરા આપણા પૂર્વજ બુઝુર્ગોની જિંદગીથી તો બોધ હાંસલ કરો ! તેઓની વિરુદ્ધમાં તો સમયના બાદશાહ હતા, વક્તના ગર્વનર હતા, કંઈ કેટલાય ગૃપો હતાં, અંગ્રેજોની જાલિમ હુકૂમત હતી, અકબર જેવા મુગલ બાદશાહની સલ્તનત હતી. અને આપણા બુઝુર્ગોને તો જાનનો પણ ખતરો હતો કે તે સમયે તો બાદશાહી હુકૂમત હોવાને કારણે એક જ વ્યક્તિ સર્વોપરી ગણાતી હતી, તે છતાં તે મુજાહિદોએ અલ્લાહના ખૌફને અગ્રિમતા આપી અને દુનિયાથી બેખૌફ થઈને દરેક વાતમાં હક્ક વાતને અગ્રિમતા આપી લોકો સામે રજૂ કરી ઈસ્લામને નફો પહોંચાડયો. એનું જ પરિણામ છે કે આજે પૂરી દુનિયામાં ન યઝીદ નામનો કોઈ છે ન યઝીદિયત છે, અકબરના દીને ઈલાહીનું નામો નિશાન નથી, કુર્આનને મખ્લૂક કહેનારાઓના મોં પણ બંધ થઈ ગયેલ છે, અંગ્રેજોની હુકૂમત ઉલળી ગઈ છે, શુદ્ધિ સંગઠનની ચળવળ પણ ના'બૂદ થઈ ગયેલ છે, નસબંધીને મામલે પણ મુસ્લિમો પર કોઈ જબરદસ્તી નથી, આ તે જ મુજાહિદોની હક્કગોઈનું તથા કુર્બાનીઓનું પરિણામ છે.

અને અફસોસ કે આજે આપણી ઢીલી અને પોલી નીતિને કારણે દેવબંદિયત, વહાબિયત, કાદયાનિયત, અહલે હદીષ જેવા નાપાક ફિર્કાઓ વધુને વધુ તેજીથી લોકોને બેઈમાન કરી રહ્યા છે, તથા દરગાહો પર એકતાના નામે કથાઓ તથા કુફ્રીવાણી વહેતી થઈ અને શહેરોમાં તા'ઝિયાદારી જેવા ખુરાફાતને લઈને સુન્નિયત બદ્નામ થઈ રહી છે. મર્દ–ઔરત કવ્વાલોના મુકાબલા તથા વાજિંત્રોવાળી કવ્વાલી હરામ છે છતાં તેની વિરુદ્ધ અવાજ ઉઠાવવાવાળો કોઈ નથી જણાતો ! સૌ ચૂપકીદી સાધી બેઠા છે. બલ્કે ત્યાં કેટલાક મોલ્વીઓ, ઈમામો શરમમાં હાજરી આપે છે ! ઔરતોની બેપર્દગી અને તેમની મઝારાત પર હાજરી પર બ્રેક લગાડવાનું સમજાવનાર કોઈ નથી જણાતો ! ઈલ્લા માશાઅલ્લાહ !

આજે પણ જો હક્ક કહેનારા ઉલમાએ કિરામ તથા સાચા પીરો મૌજૂદ છે જ, તેમના થકી આવી બદ્અકીદગી તથા બદ્અમલીઓ અને ખુરાફાત જે શરીઅતના ખિલાફ છે તથા ઈમાન બર્બાદ કરનાર છે તેના વિશે અવામને જાગૃત કરવામાં આવે તો આશા છે કે આપણી સુન્ની કૌમ ગુમરાહીથી પણ બચી જશે અને જહાલતથી નીકળીને ઈલ્મની રોશની તરફ આગળ વધીને અલ્લાહ તઆલા અને તેના પ્યારા મહબૂબ ﷺની રઝા હાંસલ કરવાની હક્કદાર બની જશે. (ઈન્શાઅલ્લાહ !)

અંતમાં દુઆ છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત હુઝૂર રહમતે આલમ ﷺના સદકા વ તુફૈલ તમામ મુસલમાનોને અને ખાસ કરીને મને હક્ક કહેવા તથા હક્ક સાંભળવાની અને હક્ક પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

આવા સત્તાધારી હોય તો જગતભરમાં અમ્ન છવાઈ જાય !

# અમીરૂલ મોમિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને તેમની સાદગી તથા ઉદારતા

રજૂકર્તા : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની સલ્તનત પોતાના યુગની એક અઝીમુશ્શાન સલ્તનત હતી જે દુનિયાના ઘણા મોટા વિસ્તારમાં ફેલાયેલી હતી. મિસ્ર, શામ, ઈરાક, ઈરાન પણ આપની સલ્તનતના વિવિધ હિસ્સા હતા. મદીના મુનવ્વરા એ અઝીમુશ્શાન સલ્તનતનું કેન્દ્ર હતું. પ્રજા ઘણા સુખ અને સમૃધ્ધિની જિંદગી વિતાવી રહી હતી. કેમ કે દુનિયાના દરેક હિસ્સાથી ખિરાજ (જમીન મેહસૂલ) અને મેહસૂલની સૂરતમાં બેશુમાર દૌલત મદીના મુનવ્વરામાં ભેગી થતી હતી, પરંતુ આવી અઝીમુશ્શાન સલ્તનતના ગવર્નર હોવા છતાં હઝરત ફારૂકે આ'ઝમની સાદગીનો એ આલમ હતો કે આપ ગરીબોની જેમ જિંદગી ગુજારતા હતા. એક મામૂલી કાચા પાકા મકાનમાં રહેતા હતા. થીંગડાં લાગેલાં વસ્ત્રો પહેરતા હતા. એક વેળા ઘરમાં મોડે સુધી રોકાઈ રહ્યા અને લોકો બહાર આપના ઈન્તેઝારમાં હતા. જ્યારે આપ બહાર તશરીફ લાવ્યા તો લોકોને માલૂમ થયું કે આપની પાસે પહેરવાનાં કપડાં ન હતાં. એટલા માટે પહેરેલાં કપડાં ધોઈને સૂકવવા માટે નાખ્યાં હતાં, જ્યારે તે કપડાં સૂકાઈ ગયાં તો તે જ કપડાં પહેરીને બહાર તશરીફ લાવ્યા. મોટાભાગે કમીસ (કફની) પહેરતા હતા. બરનસ એક જાતની ટોપી હતી જે સામાન્યતઃ ઈસાઈ દરવેશો પેહરે છે. મદીના મુનવ્વરામાં પણ લોકો તેનો ઉપયોગ કરવા લાગ્યા હતા એટલા માટે આપ પણ કદી કદી તેનો ઉપયોગ કરતા હતા. આપની મોજડી અરબી બનાવટની હતી જેમાં ચામડાની દોરી લાગેલી હતી. ખોરાક પણ ઘણો સાદો હતો. નિયમાનુસાર આપના દસ્તરખ્વાન પર રોટી અને ઝૈતૂનનું તેલ રહેતું હતું. રોટી મોટા ભાગે ઘઉંના આટાની રહેતી હતી જેને ચાળવામાં ન આવતો હતો, પરંતુ દુકાળના વરસે જવનો બંદોબસ્ત કરી લેવામાં આવ્યો હતો. કદી કદી વિવિધ વસ્તુઓ પણ દસ્તરખ્વાન પર રહેતી હતી, જેમ કે ગોશ્ત, ઝૈતૂન, દૂધ, સબ્ઝી, સિરકો વગેરે. કદી મેહમાન અથવા કોઈ દેશનો રાજદૂત આવી જતો તો તેમને ખાવામાં પરેશાની થતી હતી, કેમ કે તેઓ આવા સાદા અને સિમ્પલ ખોરાકની ટેવવાળા ન હતા.

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અઝીમુશ્શાન સલ્તનતના સરદાર હતા પરંતુ અલગથી આપનો બાકાઈદા કોઈ મહેલ ન હતો, બલ્કે આપનો મહેલ મસ્જિદે નબવી હતી, જ્યાં આપ ચટાઈ પર બેસી ફૈસલાઓ ફર્માવતા હતા. ચોકીદારી (સિક્યૂરીટી) માટે ન કોઈ ચોકીદાર હોતો અને ન કોઈ સૈનિક હોતો. દરેક વ્યક્તિ પોતાના પ્રશ્નોને લઈને વિના રોકટોકે આપની ખિદમતમાં હાજર થતા હતા, અને આપ બધાનાં પ્રશ્નો દર્દમંદી સાથે સાંભળતા હતા. રાજદૂતો જ્યારે અમીરૂલ મોમિનીનની સાદગી જોતા તો ચોંકી જતા હતા. જેમ કે ઉત્તરી આફ્રિકાનો એક ઈસાઈ

ગવર્નર જયારે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો તો આપની સાદગી જોઈ ઘણો જ આશ્ચર્યચકિત થયો અને કહ્યું કે મેં આજ સુધી કોઈ અઝીમુશ્શાન સલ્તનતના શહનશાહમાં આવી સાદગી નથી જોઈ, શાયદ મસીહ (હઝરત ઈસા علیہ السلام)એ જે આસ્માની બાદશાહતનો અમોને પૈગામ આપ્યો છે તે આજ છે. હવાજના ગવર્નર હરમુજાને તો હઝરત અમીરૂલ મોમિનીનની સાદગી જોઈને ઈસ્લામ સ્વીકારી લીધો ! તેની ઘટના આમ છે કે જયારે હવાજને ફતહ કરી લીધા પછી હરમુજાનને ગિરફતાર કરી હઝરત અમીરૂલ મોમિનીનની ખિદમતમાં પેશ કરવામાં આવ્યો તો તે વેળા હઝરત ફારૂકે આ'ઝમ મસ્જિદે નબવીમાં બિરાજમાન હતા. હરમુજાને જોયું કે ખલીફએ વક્તે થીંગડાં લાગેલાં વસ્ત્રો પહેરેલાં છે અને મસ્જિદે નબવીમાં ચટાઈ ઉપર આરામ કરી રહ્યા છે. હરમુજાન આપની સાદગીને જોઈ ઘણો પ્રભાવિત થયો અને કહ્યું કે આ શાન બાદશાહોની નથી, બલ્કે આ સાદગીમાં તો પેગમ્બરીની ઝલક દેખાઈ રહી છે ! ત્યાર પછી તુરંત ઈસ્લામ સ્વીકારી લીધો. (સુબ્હાનલ્લાહ !)

અહિંયા એ વાત યાદ રહેવી જોઈએ કે અમીરૂલ મોમિનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની આ સાદગીનો મતલબ એ ન હતો કે આપ રહબાનિયત (સન્યાસી જીવન)ના આગ્રહી હતા અને તેને પસંદ ફર્માવતા હતા. તેનો અંદાઝો સારી રીતે નીચેની ઘટનાથી થઈ જશે.

ઘટના એ છે કે એકવાર એક વ્યક્તિ જેને આપે યમનનો ગવર્નર નક્કી કરી મોકલ્યો હતો તે સારો લિબાસ પહેરીને અને વાળોમાં તેલ નાખીને આપને મળવા માટે આવ્યો, હઝરત ફારૂકે આ'ઝમ તેને ઉમદા વસ્ત્રોમાં જોઈ ઘણા નારાજ થયા અને તુરંત તે કપડાં ઉતારીને જાડાં કપડાં તેને પહેરાવ્યાં, પછી તે જ વ્યક્તિ બીજી વેળા મળવા આવી તો તેના વાળ વિખરેલા હતા અને કપડાં ફાટેલાં અને જૂનાં હતાં. તેની આ સ્થિતિ જોઈ આપે ફર્માવ્યું, આવું પણ ન થવું જોઈએ કે આદમીના વાળ વિખેરાયેલા હોય અને ન પટ્ટીયો લગાવવી જોઈએ, એટલે કે વાળોને બે ભાગમાં વહેંચી માથાની બંનેવ બાજુ જમાવવા ન જોઈએ. વાતનો નિચોડ એ કે હઝરત ફારૂકે આ'ઝમ ન એકદમ શણગાર અને સજાવટને પસંદ ફર્માવતા હતા અને ન રાહિબો (સન્યાસીઓ)ની જેમ જિંદગી ગુજારવાને પસંદ ફર્માવતા હતા. હકીકતમાં હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની એ સાદગીનું કારણ એ હતું કે આપને એક સમય સુધી રહમતે આલમ صلی اللہ علیہ وسلمની સોહબતમાં અને તર્બિયતમાં બેસવાનો શર્ફ પ્રાપ્ત થયો હતો જેથી આપે કદાપિ ખિલાફતે ઈસ્લામિયાને પોતાની સલ્તનત ન સમજી. બલ્કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની તાલીમાત અને હિદાયતના મુજબ હમેશાં ઈસ્લામી ખિલાફતને અલ્લાહ અને તેના બંદાઓની અમાનત સમજી, અને પોતાને હાકિમ નહીં બલ્કે અલ્લાહની હુકૂમતના અમીન સમજ્યા, અને એ જ હૈસિયતથી ખિદમત આપી. એ જ કારણે હઝરત ફારૂકે આ'ઝમ હમેશાં તહજ્જુદની નમાઝ પછી રડી રડીને અલ્લાહની બારગાહમાં દુઆ માંગ્યા કરતા હતા કે હે અલ્લાહ ! ખિલાફતની જિમ્મેદારીમાં મને પૂરેપૂરો ખરો ઉતારજે ! હું તાકત સુધી તારી મખ્લૂકની ખિદમત કરવા ઈચ્છુ છું પરંતુ જો કદી ભૂલ થઈ જાય તો માફ અને દરગુઝર ફર્માવજે, નહીં તો હું ક્યાંયનો પણ નહીં રહીશ !

આપ બૈતુલમાલમાંથી એટલું જ લેતા હતા જેટલું એક મજદૂરના ગુજારા માટે હોય છે. બીજા શબ્દોમાં એવું સમજે કે કેવળ એટલુ લેતા હતા જેનાથી મુશ્કેલીથી આપનું અને આપનાં કુટુંબીજનોનું ભરણ પોષણ થઈ શકે. એક વેળા આપે ખુત્બાના દરમ્યાન ફર્માવ્યું, લોકો ! મને તમારા માલમાં કેવળ એટલો જ હક્ક છે જેટલો યતીમ બાળકના માલમાં તેના પાલવવાળાને હોય છે. દૌલત હશે તો કશુ પણ નહીં લઉં અને જરૂરત પડશે તો પેટ ભરવાના જેટલું લઈશ, તેના સિવાય મારા ઉપર તમારા બધાના વિવિધ હક્કો છે જેના વિશે તમારે મારાથી પૂછપરછ કરવી જોઈએ. એક એ કે દેશનો મેહસૂલ અને માલે ગનીમત બેકાર જમા ન કરવો જોઈએ અને એ કે

જ્યારે મારા હાથમાં ખિરાજ અને માલે ગનીમત આવે તો એને બેકાર ખર્ચ ન કરું અને એ પણ કે હું તમારું દિવસનું મેહનતાણુ વધારી આપું, સરહદોની હિફાઝત કરું અને તમોને ખતરામાં ન નાખું.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنه આજના હાકિમોની જેમ ન હતા કે કહે કાંઈ અને કરે કાંઈ ! બલ્કે જે કાંઈ ફર્માવતા હતા તેના પર સખ્તીની સાથે અમલ પણ કરતા હતા. એક વેળા માલે ગનીમત આવ્યો. આપની પુત્રી હઝરત હફસા رضي الله عنها જેમને રસૂલે અકરમ ﷺની બીવી હોવાનો શર્ફ પણ હાંસલ હતો. ગનીમતનો માલ આપવાની ખબર સાંભળી આપની બારગાહમાં હાજર થયાં અને અર્ઝ કરી, અમીરૂલ મોમિનીન ! હું નજીકના રિશ્તેદારોમાંથી છું, મને આ માલમાંથી કાંઈક અર્પણ કરો ! હઝરત ઉમર ફારૂકે આ'ઝમે જવાબમાં ફર્માવ્યું, તમારો હક્ક ખાસ મારા માલમાં છે, આ તો આમ મુસલમાનોનો માલ છે ! અફસોસ ! તમે બાપને ધોકો આપવાનું વિચાર્યું ?!

એક વેળા આપ બીમાર થઈ ગયા તો ડોક્ટરે ઈલાજ માટે મધની સલાહ આપી. હવે પરહેઝીનો આલમ જુઓ કે બયતુલમાલમાં મધ મૌજૂદ હતું પરંતુ આમ મુસલમાનોની ઈજાઝત વિના આપે તેમાંથી એક ટીપુ પણ ઉપયોગમાં ન લીધું.

એક વેળા આપની બીવી ઉમ્મે કુલ્સૂમ رضي الله عنهاએ રોમના બાદશાહની બીવી પાસે તોહફાના તૌર પર અત્તરની થોડી શીશીઓ મોકલી. કૈસર બાદશાહની બીવીએ તે શીશીઓમાં જવાહેરાત ભરીને મોકલ્યાં. આ વાતનો ઈલ્મ જ્યારે હઝરત ઉમર ફારૂકે આ'ઝમને થયો તો આપે ફર્માવ્યું, ભલે ને એ અત્તર તમારું હતું પરંતુ જે કાસિદ લઈને ગયો હતો તે સરકારી હતો જેને બયતુલમાલમાંથી પગાર આપવામાં આવે છે, એટલા માટે આ જવાહેરાત તમારા નથી થઈ શક્તાં ! આવું કહીને આપે કૈસરની બીવીએ મોકલેલાં બધાં જવાહેરાત બયતુલમાલમાં જમા કરી દીધા.

એક વેળા એક સહાબીએ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنهને મહોબ્બતથી અર્ઝ કરી, અમીરૂલ મોમેનીન ! આપની ખિદમતમાં દુનિયાના વિવિધ દેશોથી રાજદૂતો અને બાદશાહો આવે છે. આપે આપની વેશભુષા બદલી કાઢવી જોઈએ અને થીંગડાં લાગેલાં કપડાં પહેરવાનું ત્યાગી દેવું જોઈએ, આટલી મોટી સલ્તનતના ખલીફા માટે આવાં કપડાં પહેરવાં મુનાસિબ અને લાયક નથી. તેમના જવાબમાં આપે ફર્માવ્યું, **"આપણી ઈજ્જત ન સલ્તનતથી છે અને ન કપડાંઓથી, આપણા માટે સૌથી વધુ ફખ્રની વાત ઈસ્લામ છે. જો આપણે ઈસ્લામના તરીકા ઉપર કાયમ છીએ તો દીન અને દુનિયા બંનેવમાં આપણી ઈજ્જત થશે અને જો આપણે એ માર્ગથી હટી જઈશું તો તબાહ અને બરબાદ થઈ જઈશું."**

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنه સાથે કદી ગવર્નરો એ રીતનો વર્તાવ કરતા જેનાથી તેમનામાં અને આમ લોકોમાં તફાવત નજર આવતો, તો સખ્ત નારાઝગી અને ક્રોધ પ્રદર્શિત કરતા હતા. જેમ કે એક વેળા હઝરત ઈબ્ને મરકદ رضي الله عنهએ આપની ખિદમતમાં એકદમ અસામાન્ય અને ટેસ્ટી ખાવા બનાવીને મોકલાવ્યું. આપે પૂછયું, શું બધા મુસલમાનો આવું જ ખાવા ખાય છે ?! અર્ઝ કરવામાં આવી, ના ! તો આપે ફર્માવ્યું, ઉમરમાં અને આમ લોકોમાં કોઈ તફાવત નથી ! હું એ જ ખાઈશ જે આમ લોકો ખાય છે. આમ કહીને આપે તે ખાવાને પાછુ મોકલી આપ્યું. એ જ રીતે એક વેળા એક પ્રસંગે અમુક લોકો આપની તાઝીમ માટે ઉભા થઈ ગયા, તો આપે ફર્માવ્યું, શું તમો લોકો મને કૈસર અને કિસરા બનાવવા ઈચ્છો છો ?! (આ તેમની આજીજી હતી, નહીં તો બુઝુર્ગોનું સરદારનું માન સન્માન કરવું જોઈએ)

અમીરૂલ મોમિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنه જાતે તો એકદમ સાદી અને સાવધાની સાથે જિંદગી ગુજારતા હતા અને હાકિમોની પસંદગી તથા નિગરાનીમાં પણ અસામાન્ય સાવધાની અને સખ્તીથી

કામ લેતા હતા. અને મોટા મોટા હાકિમોને નક્કી કર્યા પછી તેમનાથી વાયદો લેતા હતા કે તેઓ તુર્કી ઘોડા પર સવારી નહીં કરે, બારીક કપડાં નહીં પહેરે, ચાળેલો આટો નહીં ખાય, દરવાજા ઉપર ચોકીદાર નહીં રાખે, બલ્કે જરૂરતમંદો માટે પોતાનો દરવાજો હમેશાં ખુલ્લો રાખશે. આપ હમેશાં ફર્માવતા રહેતા હતા કે હું ડરું છું કે જો કોઈ ગર્વનરની પસંદગીમાં મારાથી ભૂલ થઈ ગઈ અને તે ગવર્નરે કોઈ અલ્લાહના બંદા પર જુલ્મ કર્યો તો જેવી રીતે કયામતના દિવસે એ ગવર્નરની પૂછપરછ થશે તેવી જ રીતે મને પણ પકડવામાં આવશે.

આપ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ (رضی اللہ عنہ) પોતાના ખુત્બાઓ અને પત્રોમાં હમેશાં પોતાના ગવર્નરોને એ ફર્ઝોથી બાખબર કરાવતા. એક ખુત્બામાં ગવર્નરોને ભાષણ આપતાં ફર્માવ્યું, **ખબરદાર ! મેં તમને અમીર અને સત્તાધારી બનાવીને નથી મોકલ્યા બલ્કે ઈમામ બનાવીને મોકલ્યા છે કે લોકો તમારાથી હિદાયત પ્રાપ્ત કરે. તમે લોકો મુસલમાનોના હક્કો અદા કરો અને તેમની મારપીટ ન કરો જેથી ગલતીમાં પડો અને ન તેમના માટે પોતાના દરવાજા બંધ રાખો જેથી બળવાન કમજોરને સતાવે, અને ન તેમના ઉપર કોઈ વાતમાં પોતાને અગ્રતા આપો કે જેનાથી તે તેમના ઉપર જુલ્મ કરે.**

અહિંયા હઝરત ફારૂકે આ'ઝમના પત્રોમાંથી એક પત્રના અમુક વાક્યોનું વર્ણન કરવું ઘણું અનિવાર્ય ગણાશે જે તેમણે હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહને લખ્યો હતો. સ્પષ્ટ થાય કે હઝરત અબૂ ઉબૈદાને આપે હઝરત ખાલિદ બિન વલીદના સ્થાને દમિશ્કની લડાઈમાં કમાન્ડર બનાવ્યા હતા :

**"તમારે દુનિયાની શાનો શૌકતથી પોતાની આંખો બંધ કરી દેવી જોઈએ અને પોતાના દિલને તેની લાલચથી પ્રભાવિત ન થવા દેવું જોઈએ. દુનિયાની લાલચ અને લોભથી પોતાની જાતને બચાવવી જોઈએ, એટલા માટે કે દુનિયાની મહોબ્બતે જેવી રીતે આગલી કૌમને તબાહ તથા બરબાદ કરી દીધી છે એવી જ રીતે એ તને પણ નષ્ટ કરી શકે છે."**

એવી જ રીતે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہના નામે લખ્યું :–

"સ્પષ્ટ થાય કે **અલ્લાહની નજરમાં સૌથી વધુ સફળ અને નસીબદાર હાકિમ એ છે જેની ખિદમતથી જનતાને સુખ અને આરામ મળે.** અને ખુદાની બારગાહમાં એ હાકિમ સૌથી વધુ બદબખ્ત છે જેના બુરા કરતૂતોથી જનતા તબાહ અને બરબાદ થાય." *(રસાઈલે ઉમર, પેજ–૧૪૦)*

એવી જ રીતે સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہને લખ્યું : "હે સઅદ ! જ્યારે અલ્લાહ કોઈ માણસને ચાહે છે તો તેને લોકોને લાડલો બનાવી દે છે. **જ્યારે તમે એવું માલૂમ કરવા ચાહો કે અલ્લાહ તમને કેટલો ચાહે છે, તો જુઓ કે જનતા તમને કેટલી ચાહે છે ?** યાદ રાખજો ! તમે અલ્લાહની જેટલી ફર્માબરદારી કરશો એટલો જ અલ્લાહ તમને ચાહે છે. *(હવાલો ઉપર મુજબ, પેજ–૯૬)*

સાદગીથી સંતોષપૂર્વક અને સાવધાનીની સાથે પોતાના પદ સંબંધી ફર્ઝોને પૂરા કરવા માટે ગવર્નરો અને અફસરોને ન કેવળ હિદાયત કરવામાં આવતી બલ્કે પદ સોંપતાં પહેલાં તેમનો માલ સામાન તૈયાર કરી રાખી લેવામાં આવતો હતો અને જ્યારે કોઈ ગવર્નર વિશે તેની દૌલત અને જિંદગી ગુજારવામાં સામાન્ય વધારાની ખબર મળતી તો તેની સખ્તીની સાથે તપાસ કરવામાં આવતી અને તેને ફરી હિદાયત કરવામાં આવતી. ઉદાહરણના તૌર પર ફાતેહે ઈરાન હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસે ભૂલથી ઈરાનના ગવર્નરોની જેમ પોતાના માટે શાનદાર મહેલ તૈયાર કરાવ્યો હતો. હઝરત ઉમર ફારૂક (رضی اللہ عنہ)ને જ્યારે તેના વિશે બતાવવામાં આવ્યું તો આપ ઘણા નારાજ થયા, ત્યાં સુધી કે પોતાના માણસોને મોકલીને તે મહેલમાં આગ લગાવી દીધી ! અને હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસને હિદાયત કરી કે **તે એકદમ મામૂલી જિંદગી અપનાવે અને ચામડાના તંબૂમાં**

**રહે જેથી દરેક પ્રકારના લોકો તેમના સુધી વિના સંકોચે પહોંચી શકે અને પોતાની જરૂરીયાતો તેમનાથી બયાન કરી શકે.**

આજ ઘટના "રસાઈલે ઉમર"માં આ રીતે છે : આપે હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસને લખ્યું કે મને ખબર મળી છે કે તમે એક મહેલ બનાવ્યો છે જેમાં જનતાથી અલગ થલગ રહી રહેવા લાગ્યા છો, અને તેનું નામ સઅદ (સઅદનો મહલ) છે ! અને તમોએ પોતાની અને પ્રજાની વચ્ચે એક ફાટક પણ લગાવી દીધી છે ?! હું સમજું છું **આ તમારો મહેલ નથી બલ્કે આ તમારા દિમાગની કમજોરીનો મહેલ છે.** આ મહેલના કેવળ એક ભાગમાં રહેવાસ રાખો અને તે હિસ્સો બૈતુલમાલથી મળેલો હોય અને વધારાના રૂમો બંધ કરી દો. મહેલમાં કોઈ ફાટક ન લગાડો જેથી જનતાને અંદર આવી પોતાની જરૂરતો તમારી સમક્ષ રજૂ કરવામાં રુકાવટ ન થાય. *(રસાઈલે ઉમર, પેજ–૭૨)*

આ ઘટનાની એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના દૌરમાં ગવર્નરો વર્તમાન કાળના ગવર્નરોની જેમ આઝાદ ન હતા કે સત્તા હાથમાં આવતાં પબ્લિક સાથે જેવો વ્યવહાર કરવા ચાહે કરે બલ્કે તેઓની સખ્ત નિગરાની કરવામાં આવતી હતી અને ગલતીઓ પર સખ્ત પૂછપરછ કરવામાં આવતી હતી. સાથે સાથે એ પ્રકારની અમુક ઘટનાઓ પણ આપણે જોઈએ.

હઝરત અયાઝ બિન ગનમ رضی اللہ عنہ જે મિસ્રના ગવર્નર હતા તેમણે પોતાના દરવાજા પર ચોકીદાર રાખ્યો હતો અને બારીક કપડાંઓનો ઉપયોગ કરવા લાગ્યા હતા. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને જ્યારે તેની ખબર મળી તો આપે તેમને બોલાવી તેમનાં બારીક કપડાં ઉતારી લેવાડયાં અને ઉનનાં જાડાં કપડાં પહેરાવી જંગલમાં બકરીઓ ચરાવવા માટે મોકલી દીધા. ઈસ્લામી લશ્કરના સેનાપતિ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہની ઝાતથી દરેક વ્યક્તિ વાકેફ છે. આપે ઈસ્લામી ખિલાફત માટે કેટલાય દેશો ફતહ કરી ઈસ્લામી ખિલાફતની બુનિયાદોને મજબૂત કરી હતી. આપનાં આવાં અઝીમુશ્શાન કાર્યોના લીધે આપને સૈફુલ્લાહનો લકબ મળ્યો હતો. પરંતુ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તેમને માત્ર એટલા માટે કમાન્ડરના ઉચ્ચ હોદ્દા પરથી બરતરફ કરી દીધા હતા કે તેમણે એક શાયર (કવિ)ને ઈનામ રૂપે થોડી રકમ આપી દીધી હતી ! હઝરત ઉમર ફારૂકે આ'ઝમે નવા કમાન્ડરને લખ્યું કે **જો ખાલિદે આ ઈનામ પોતાના ખિસ્સામાંથી આપ્યું છે તો ફુઝૂલખર્ચી કરી અને બયતુલ માલમાંથી આપ્યું છે તો ખયાનત કરી, બંનેવ પ્રકારમાં તે બરતરફ કરવાના લાયક છે.** અઝીમુશ્શાન સહાબીએ રસૂલ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી કોણ અજાણ છે ? આપ બસરાના ગવર્નર હતા. એક લોંડી આપની ઘણી મહબૂબ હતી એટલા માટે એના માટે સવાર સાંજ એવું ઉત્તમ ખાવા મોકલતા હતા જેવું સામાન્ય લોકોને નસીબ ન થતું હતું. હઝરત ફારૂકે આ'ઝમની બારગાહમાં જ્યારે આ શિકાયત પહોંચી તો તે લોંડી તરત જ તેમનાથી અલગ કરી દેવામાં આવી.

અમીરૂલ મોમેનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જ્યાં એક બાજુ ગવર્નરોને સાદગી અને ઉદારતાની હિદાયત આપતા હતા ત્યાં જ બીજી બાજુ તેમને અધિકારો અને સત્તાઓ પણ આપતા હતા. આ વાતને નીચેની ઐતિહાસિક ઘટનાઓથી સારી રીતે સમજી શકાય છે.

આપની ખિલાફતના આરંભમાં ઈસ્લામી લશ્કરે દમિશ્કનો ઘેરાવ કરી લીધો હતો એ સમયે દમિશ્ક ઉપર યુનાનીઓનો કબ્જો હતો. એક લાંબી નાકાબંધી પછી તેમના કમાન્ડર "તોમા"એ ઈસ્લામી લશ્કરના ચીફ કમાન્ડર હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ رضی اللہ عنہની સાથે એ શર્ત ઉપર સુલહ કરી લીધી હતી કે મુસલમાન તેઓને શહેરથી ચાલ્યા જવાની ઈજાઝત આપી દેશે. એ વાત ઉપર પણ કરાર થયો હતો કે યુનાની સાથે જે લઈ જવા ચાહે લઈ જશે અને તેમને નીકળવાના ત્રણ દિવસ સુધી તેમનો કોઈ મુસલમાન પીછો કરશે નહીં. પરંતુ હઝરત ખાલિદ બિન વલીદ તે કરારના વિરુધ્ધ હતા. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ મુજરિમો માટે સજાઓ નક્કી કરતી વેળા પણ ઈન્સાફ અને ઉદારતાનો સર્વોત્તમ અમલી નમૂનો પેશ કરતા હતા અને તેના વિશે નાના મોટા, પોતાનાં અને બહારના લોકોમાં કોઈ ભેદ ન રાખતા હતા. ઉદાહરણ રૂપે એક વેળા આપના સાહબઝાદા અબૂ શહમા رضی اللہ عنہની શરાબ પીવાની શિકાયત આવી તો આપે જાતે પોતાના હાથ વડે પોતાના છોકરાને ૮૦ કોરડા માર્યા, ત્યાં સુધી કે એ સજાની તકલીફથી તે વિસાલ કરી ગયા. એક વાર આપના સાળા કુદામા બિન મતઉન એ શરાબ પીધી તો તેમને ૮૦ કોરડા માર્યા.

અમીરૂલ મોમેનીન ગૈર મુસ્લિમો સાથે પણ બરાબરી અને ઉદારતાનો ખાસ ખયાલ ફર્માવતા હતા. આપે તેમની જાન માલને મુસલમાનોની જાન માલની જેમ બરાબર ઠરાવી દીધા. જો કોઈ મુસલમાન કોઈ ઝિમ્મી (સુરક્ષા માટેનો ટેક્સ આપનાર) ગૈર મુસ્લિમને કત્લ કરી દેતો હતો તો હઝરત ઉમર ફારૂકે આ'ઝમ તુરંત તેના કિસાસ (બદલો લેવો) રૂપે તે મુસલમાનને કત્લ કરાવી દેતા હતા. "અદ્દિરાયહ ફી તખરીજે અહાદીષિલ હિદાયહ" પેજ–૨૬૦ ઉપર છે :–

હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہએ રિવાયત કરી છે, કબીલા બક્ર બિન વાઈલના એક વ્યક્તિએ હિરાના એક ઈસાઈને કત્લ કરી દીધો. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ સંદેશો મોકલ્યો કે કાતિલ (કત્લ કરનાર)ને મકતૂલ (કત્લ પામનાર)ના વારસોને સોંપી દેવામાં આવે. જેથી તે વ્યક્તિ મકતૂલના વારસોને જેનું નામ હનીન હતું તેમને સોંપી દેવામાં આવ્યો અને તેમણે તેને કિસાસ (ખૂનના બદલા) રૂપે કત્લ કરી દીધો.

ગૈર મુસ્લિમોના માલ અને જાયદાદની હિફાઝત એ રીતે કરવામાં આવી કે જેટલી જમીનો તેમના કબજામાં ફતહ (વિજય) પહેલાં હતી તે જમીનો વિજય પછી પણ તેમના કબજામાં રાખવામાં આવી, ત્યાં સુધી કે મુસલમાનો માટે તે જમીનોને ખરીદવાનું જાઈઝ ઠરાવવામાં આવ્યું.

رضی اللہ عنہને તેમના વિરોધની ખબર મળી તો આપે હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને લખ્યું કે જંગ અને સલામતીના મામલામાં તમારી અને ખાલિદ વચ્ચે જે મતભેદ છે તેમાં ચીફ કમાન્ડર હોવાના લીધે તમારો ફેંસલો ચાલશે અને તમે દમિશ્કવાસીઓ સાથે જે કરાર કર્યો છે તે હર હાલમાં લાગુ થવો જોઈએ.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ઉદારતાની આ પધ્ધતિ પણ દિલચસ્પ અને વર્ણનને લાયક છે કે એક બાજુ પોતાના ગવર્નરો પર કડક નજર રાખતા હતા અને ભૂલો પર સખ્ત પકડ કરતા હતા, તો બીજી તરફ પોતાના વિશે એટલી છૂટ આપી હતી કે ભરી મેહફિલમાં એક વૃધ્ધ સ્ત્રી પણ ટોકી દેતી હતી. અને આપ બધા વાંધાઓના ઘણી નમ્રતાથી જવાબો આપતા હતા અને વાંધા ઉઠાવનારને રાજી કરી દેતા હતા. જો કોઈ વ્યક્તિ વાંધો ઉઠાવનારને રોકવાની કોશિશ કરતો તો આપ તરત તેને રોકી દેતા હતા અને ફર્માવતા હતા કે જો આ લોકો મારા પર વાંધા નહીં ઉઠાવે તો મને ડર છે કે હું ક્યાંક ગુમરાહ ન થઈ જાઉં !

એક વેળા એક વ્યક્તિએ ભરી મેહફિલમાં વાંધો ઉઠાવ્યો તો કોઈ વ્યક્તિએ તેને ટોક્યો અને કહ્યું કે આ અમીરૂલ મોમિનીન છે ! તેમની કોઈપણ વાત ઉપર આલોચના કરવી અશિસ્તતા છે. તેના પર હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તુરંત જ ઈર્શાદ ફર્માવ્યો, એ જે કાંઈ કહે છે કહેવા દો ! દરેક વ્યક્તિને આલોચના કરવાનો પૂરો હક્ક પ્રાપ્ત છે. જો તમો બધા અમારી ઉપર આલોચના નહીં કરો તો અમે રસ્તાથી ભટકી જઈશું. અને પછી ઘણી નરમીથી તે વાંધો ઉઠાવનાર વ્યક્તિની આલોચનાનો જવાબ આપી તેને સંતુષ્ઠ કરી દીધો.

એક વેળા એક વ્યક્તિએ કેટલી વાર આપને સંબોધીને કહ્યું, "હે ઉમર ! અલ્લાહથી ડરો !" ત્યાં ઉપસ્થિત લોકોમાંથી એક વ્યક્તિએ તેને રોકવા વિચાર્યું પરંતુ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું, તેને કહેવા દો !

ધાર્મિક બાબતો અને કાર્યોમાં પણ ગૈર મુસ્લિમ લઘુમતીઓને પૂરી આઝાદી પ્રાપ્ત હતી જેથી તેઓ દરેક જાતની ધાર્મિક રસ્મો (રીત રિવાજ) અદા કરતા હતા. ક્રોસ કાઢતા હતા, નાકૂસ (શંખ) વગાડતા હતા, દરેક પ્રકારના મેળાઓનું આયોજન કરતા હતા. તેમના ધાર્મિક ગુરુઓને જે અધિકારો પ્રાપ્ત હતા એ સંપૂર્ણ રીતે ક઼ાયમ રાખવામાં આવ્યા. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنه અમીરૂલ મોમિનીન અને ઈસ્લામી ખિલાફતના ગવર્નર હોવાના લીધે ઈસ્લામને ફેલાવવાની પૂરતી કોશિશ કરતા હતા. પરંતુ જુલ્મ તથા જબરદસ્તીથી નહીં બલ્કે વઅઝ તથા નસીહત વડે આપ અધિક એ ખ્યાલ કરતા હતા કે ''ધર્મને સ્વીકારવામાં કોઈ વ્યક્તિને મજબૂર નથી કરી શકતા.'' તબક઼ાતે ઈબ્ને સઅદ, ભાગ–૫, પેજ–૪૯ ઉપર છે : અસ્તીક આપનો એક ઈસાઈ ગુલામ હતો. આપ હમેશાં તેને ઈસ્લામ સ્વીકારવા પ્રેરણા આપતા હતા, પરંતુ તેણે જ્યારે ઈન્કાર કરી દીધો તો આપે ફર્માવ્યું : **''ધર્મમાં કોઈ જબરદસ્તી નથી.''**

ગૈર મુસ્લિમ લઘુમતીઓ સાથે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنهની હમદર્દી અને ઉદારતાનું આનાથી વધુ શું ઉદાહરણ હોઈ શકે છે કે તેઓથી જિઝયો તથા જમીન મહેસૂલના સિવાય કોઈ પ્રકારનો ટેક્સ તેમનાથી ન લેવામાં આવતો હતો, જ્યારે કે એથી ઉલ્ટુ મુસલમાનો પાસેથી ઉશ્ર (ખેતિની ઝકાત)તો લેવામાં આવતીં જ હતી તથા સોના, ચાદી, રકમ વગેરેની ઝકાત પણ લેવામાં આવતી હતી, જેની સંખ્યા જિઝયો તથા મહેસૂલ બંનેવથી વધુ થતી હતી. બૈતુલમાલમાંથી વોલિન્ટરોને ઘર બેઠાં જે પગારો આપવામાં આવતા હતા તેમાં પણ ગૈર મુસ્લિમો બરાબરના શરીક (ભાગીદાર) હતા. સૌથી મોટી વાત તો એ કે જેવી રીતે એ મુસલમાનો માટે જ લુલા, લગડાં કમજોર હોય, મેહનત મજૂરી વડે રોજી પ્રાપ્ત ન કરી શક્તા હોય, બૈતુલમાલમાંથી તેમનો વઝીફો નક્કી થઈ જતો હતો, બરાબર એવી જ રીતે બલ્કે એનાથી પણ વધુ છૂટછાટ એ પ્રકારના ગૈર મુસ્લિમો સાથે કરવામાં આવતી હતી. એ પ્રકારનું એક દિલચસ્પ ઉદાહરણ એ છે કે, એક વેળા પોતાના ખિલાફતના યુગમાં જોયું કે એક વૃધ્ધ યહૂદી માંગતો ફરે છે. આપે તેને બોલાવી પૂછયું કે તું માંગતો કેમ ફરે છે જ્યારે કે કાયદેસર તેની મનાઈ છે ? તેણે કહ્યું કે મારી ઉમર નેવુ વરસની છે અને મારી ઔલાદ, બીબી, બાળકો બધાં મરી ગયાં છે. મદદ કરનાર કોઈ નથી અને હું જાતે કોઈ કામના લાયક નથી તો સવાલ ન કરું તો પેટ કઈ રીતે ભરું ? આપે તે સમયે આદેશ આપ્યો કે બૈતુલમાલમાંથી એનો વઝીફો નક્કી કરી દેવામાં આવે. લોકોએ કહ્યું કે હુઝૂર ! એ તો યહૂદી છે ! આપે ફર્માવ્યું, યહૂદી છે તો શું થયું ! અમારી પ્રજામાંથી તો છે ! ઈસ્લામી ખઝીનામાંથી દરેક વ્યક્તિને મદદ કરવામાં આવશે ચાહે મુસ્લિમ હોય કે પછી ગૈર મુસ્લિમ, અમે તેની પાસેથી જિઝયો (વાર્ષિક ટેક્સ) વસૂલ કર્યો તો હવે વૃધ્ધ વયે તેની મદદ કેમ ન કરવામાં આવે ?! ગૈર મુસ્લિમો સાથે આપની હમદર્દીની હદ તો એ છે કે અંતિમ સમયે પણ આપ તેમને ન ભૂલ્યા, જેથી આપે આ વસિયત ફર્માવી : ''હું મારા જાનશીનને ખુદા અને રસૂલના ઝિમ્માની વસિયત કરું છું કે ઝિમ્મીઓ (ગૈર મુસ્લિમો)ના ક઼રારોને પૂરા કરે, તેમના ઉપર જો કોઈ હુમલો કરે તો તેમની તરફદારી અને બચાવમાં લડે અને તેમને કોઈ પ્રકારની તકલીફ ન આપે.

અમીરૂલ મોમિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنهની સાદગી અને ઉદારતાના નમૂનાઓથી ઈતિહાસની કિતાબો ભરપૂર છે. લખાણ લંબાવાના ભયથી અહિંયા અમુક જ નમૂનાઓ રજૂ કરવામાં આવ્યા છે. ખુલફાએ રાશિદીન અને બીજા મુસ્લિમ હાકિમોની હુકૂમતોના સોનેરી ક઼ાનૂન અને ક઼ાયદાઓને વારંવાર રજૂ કરવાની જરૂરત છે જેથી વર્તમાન યુગના ઈસ્લામ અને મુસલમાન વિરૂધ્ધ ઝહેર ઓક્તા હાકિમો ઈસ્લામ અને મુસલમાનોની વ્યર્થ તથા નિરર્થક ઉશ્કેરણીજનક વાતોથી રોકાઈ જાય.

*–(પયામે હરમ, ફેબ્રુઆરી–૨૦૧૦, જમદાશાહી)*

# હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ના
## ઈશ્કની નિરાલી કૈફિયત

રજૂકર્તા

**મૌલાના મુહમ્મદ સઈદ મિસ્બાહી પીપલીયાવાળા**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બુખારિયા ફૈઝુર્રસૂલ–ચાંચવેલ)*

ઈશ્ક એ મહોબ્બતના અંતિમ સ્વરૂપનું નામ છે જેનાથી પૂરો લગાવ એક જાત સુધી સીમિત રહે છે. એટલે કે એનું કેન્દ્ર એક મુખ્ય હસ્તી સુધી રહે છે, અને આલમ એ હોય છે કે :–

*આઈ જો ઉનકી યાદ તો આતી ચલી ગઈ*

ઈશ્કના મોતી જ્યારે માણસની રગમાં સમાઈ જાય છે તો તે તાકાત એવી મૌજના સ્વરૂપમાં ફેરવાઈ જાય છે કે તે દરિયાઓની લહેરોથી રમતાં રમતાં અને તોફાનોથી ટકરાઈને, જંગલો તથા પહાડોને પાર કરીને અને માર્ગમાં આવતી કોઈપણ અંતરાય, ત્યાં સુધી કે મહાનથી મહાન તાકાતથી મુકાબલો કરતાં કરતાં પોતાના ઈશ્કની મંઝિલ તરફ આગેકૂચ કરતી રહે છે.

ઈશ્કની નકારાત્મક અને હકારાત્મક બંનેવ દિશાઓ રહે છે. એની નકારાત્મક દિશા દુનિયવી ઈશ્ક છે. એટલે કે ભૌતિક ઈશ્ક જેમ કે લૈલા મજનૂનો ઈશ્ક, શીરીં ફરહાદનો ઈશ્ક. અને આ ઈશ્કથી બર્બાદીના સિવાય કાંઈ પ્રાપ્ત થતું નથી. પણ ઈશ્કની હકારાત્મક દિશા એટલે આ ઈશ્ક અલ્લાહની દૈન છે, અલ્લાહ તઆલાની એક નેઅમત છે. આ તે ઈશ્ક છે કે મહોબ્બતનો પાકીઝા પહેરવેશ પહેરીને પોતે અલ્લાહ તઆલાએ એને અપનાવવાનો આદેશ આપ્યો છે, અને એના પર પોતાની મહોબ્બત નિર્ભર કરી છે. કુર્આનમાં છે : "જો તમે અલ્લાહથી મહોબ્બત રાખો છો તો મારી પયરવી (ઈત્તેબાઅ) કરો." અહિંયા શબ્દ ઈત્તેબાઅ ઈશ્કના રહેઠાણ સુધી પહોંચેલો શબ્દ છે. ઈત્તેબાઅ એને કહેવામાં આવે છે કે આકા આદેશ આપે કે આગમાં કૂદકો મારી જા ! દરિયામાં કૂદકો મારી જા ! આગમાં સળગીને રાખ થઈ જા ! આ આદેશ થયો અને એના પર અમલ અનિવાર્ય છે. આશિક મહેબૂબના ઈશારા પર પોતાનું બધુ જ ત્યાં સુધી કે પોતાના વજૂદને ફના કરી આપે. અને આ મહોબ્બત એની જ મહોબ્બત છે, આ ઈશ્ક એનો જ ઈશ્ક છે જે અલ્લાહ તઆલાનો હબીબ છે, જે દુનિયાનો તબીબ છે, અને સાચુ એ જ છે કે તે દુનિયાનો મેહબૂબ છે, તેના પર ઈમાન હોય અને એના પર બધુ જ કુર્બાન છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે, "હે નબી ! ﷺ તમે ફર્માવી આપો, હે લોકો ! તમારા બાપ, તમારા પુત્રો તમારી બીવીઓ, તમારુ કુટુંબ તમારી કમાઈનો માલ અને એ સોદો જેમાં તમને નુકસાનનો ભય છે, અને તમારી પસંદનાં મકાન એમાંની કોઈ વસ્તુ જો અલ્લાહ અને અલ્લાહના રસૂલ અને એના માર્ગમાં ખર્ચ કરવાથી વધારે પ્રિય છે તો રાહ જુઓ કે અલ્લાહ પોતાનો અઝાબ ઉતારે."

અલ્લાહના મહબૂબ પોતે જ ઈર્શાદ ફર્માવે છે, "તમારામાંથી કોઈ શખ્સ મોમિન નથી થઈ શકતો જ્યાં સુધી મને પોતાના માતા પિતા, ઔલાદ તથા બીજા લોકોથી વધારે પ્રિય ન રાખે."

આ ઈશ્કના દર્શનની વ્યવસ્થા ક્યાં નથી ? યુદ્ધના મેદાનમાં જેહાદ કરવાવાળો અને મોઅઝ્ઝિનની અઝાનમાં, ઈબાદતના ખંડમાં, આલિમોની દર્સગાહમાં, અવલિયાની ખાનકાહોમાં, શરીઅતની દિશામાં, તરીકતના સફરમાં, ઈબાદતના પરિશ્રમમાં, જદો જેહદ કરવાવાળાઓના માર્ગમાં અને બુઝુર્ગોના નવીકરણના કામોમાં, સારાંશ કે જ્યાં જ્યાં અલ્લાહનો ડર છે ત્યાં ત્યાં ઈશ્કે રિસાલતનો વૈભવ છે, જ્યાં પાકીઝગી છે ત્યાં ઈમાની કિરણો છે, એ ઈશ્કની દર્શન વ્યવસ્થા છે. ઈશ્કે મુસ્તફા ચૌદવી સદી હિજરીમાં આ ઈશ્કનો નારો રૂહાની ઈલ્મો ઈર્ફાનની ધરતી બરેલીથી પણ ગુંજ્યો હતો :–

*જાને હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફૂઝું કરે ખુદા*
*જિસકો હો દર્દ કા મઝા નાઝે દવા ઉઠાએ ક્યું*
*અય ઈશ્ક તેરે સદકે જલનેસે છૂટે સસ્તે*
*જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હૈ*

આ ઈશ્કની તાકતથી ઈમામ અહમદ રઝાએ બદમઝહબો તથા ગુમરાહોના તુફાનોના ચૂરેચૂરા કરી આપ્યા. આ ઈશ્કની આગ છે, પણ આ અંગારો નૂરે ઈલાહીમાં બદલાઈને મોટામાં મોટી આગ એટલે કે દોઝખની આગને ઠંડી કરી આપવાવાળી આગ છે, આ ઈશ્કના અંગારાના કષ્ટથી મોમિન માણસે પણ પોતાને અનમોલ બનાવી લીધો છે.

હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના ઈશ્કની કલ્પના સૂરજના કિરણોની જેમ પ્રકાશિત છે. અને તે મહોબ્બતે રસૂલ જ અલ્લાહ તઆલાની મહોબ્બત છે, જો આ મહોબ્બતે રસૂલ ﷺ નથી તો અલ્લાહ તઆલાની મહોબ્બતનો દાવો બેકાર છે. નબીયે કરીમ ﷺના ચાહવાવાળાઓથી મહોબ્બત અને તેમની ગુસ્તાખી કરવાવાળાઓથી દુશ્મની એ મહોબ્બતની સાચી નિશાની છે.

## ઈશ્કનો જ્વલંત વિજય !

હજ ફર્ઝ થઈ ગયો છે પણ એને અદા કરવામાં શરીઅતનો હુકમ સામે છે કે ફોટો હરામ છે, અને ૧૯૪૭ પછી બનવાવાળા કાયદાના અનુસાર, ઉપરાંત બીજા દેશોએ એ કાનૂન લગાડયો કે પાસપોર્ટ અને વિઝા પર ફોટો લગાડયા વગર કોઈ માણસ બીજા દેશની યાત્રા નથી કરી શકતો. સઊદી હુકૂમતે પણ હાજીઓ માટે વગર ફોટોએ વિઝા આપવા પર પાબંદી લગાડી આપી.

હઝરત હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ફરજ હજ અદા કરવા માટે આતૂર હતા પણ અલ્લાહનો કાયદો તોડીને અલ્લાહના ઘરનો તવાફ કેવી રીતે કરતા ?! ''મુસ્તફા જાને રહમત'' ﷺની શરીઅતને પીઠ પાછળ નાખી મુસ્તફા જાને રહમત ﷺની બારગાહમાં હાજર થવા કેવી રીતે નીડર થતા ? આકા ﷺની શરીઅત પર અમલ ન કરીને તેમની ઝિયારતનું સૌભાગ્ય કેવી રીતે હાંસલ કરતા ?! પોતાના આકા ﷺને કેવી રીતે મોઢુ દેખાડવું ? યા અલ્લાહ ! ભારતના પ્રથમ પ્રધાન મંત્રી પંડિત જવાહરલાલ નેહરૂના વડા પ્રધાનના જમાનાથી લઈને લાલ બહાદુર શાસ્ત્રીના જમાના સુધી સર્વ પ્રયત્ન નિષ્ફળ થઈ ગયા હતા હવે ઈંદિરા ગાંધી ભારતની પ્રધાન મંત્રી હતી. હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના પ્યારા મુરીદ 'બેકલ ઉત્સાહી' શરૂથી જ હુઝૂર હાફિઝે મિલ્લતના હજ વ ઝિયારત જવા માટે દોડધામ કરી રહ્યા હતા. અંતિમ પ્રયત્ન રંગ લાવ્યો. ફેંસલો કરનાર હાકિમે પોતાની મુખ્ય સહીથી હઝરત હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہને વગર ફોટોએ હજ તેમજ ઝિયારતની આજ્ઞા આપી. સઊદી અરબથી મંજૂરી મળી ગયા પછી હિંદુસ્તાનની હુકૂમતે આજ્ઞા આપી દીધી અને મોગલ લાઈન દરિયાઈ જહાઝની સીટ બુક કરી લીધી.

હવે આગળ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہથી હઝરત હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના ઈશ્કની કહાની જોઈ લો, હઝરત રઈસુલ કલમ લખે છે કે :–

કાર્યવાહીના અંતિમ ચરણમાં પહોંચતાં જ આખા દેશમાં આ ખબર વીજળીવેગે ફેલાઈ ગઈ. મુગલ લાઈનની આપેલી તારીખ પર જયારે હઝરત ઉસ્તાઝુલ ઉલમા તૈયાર થઈને મુંબઈ પહોંચ્યા તો અચાનક એ ખબર જાણવા મળી કે સઊદી ગવર્નમેન્ટનો મુંબઈ સ્થિત કાઉન્સિલર વિના ફોટોએ વિઝા આપવા તૈયાર નથી, તો દિલો પર જાણે વિજળી પડી ! અરમાનોનું ખૂન થઈને રહી ગયું. દાસ્તાનનો આ જ તે હિસ્સો છે જેને અમે ''ફતહે મુબીન''થી તા'બીર કરેલ છે.

ઊંડાણથી તપાસ કરતાં ભાળ મળી કે દેવબંદી ગૃપના તમામ વર્ચસ્વવાળા માણસોએ એક થઈને સઊદી હુકૂમતની કાઉન્સિલને દરખાસ્ત કરી કે સઊદી ગવર્નમેન્ટ સાથે અમારી જમાઅતનો લાંબા કાળથી નિયાઝમંદાના હાલ તમારાથી છુપો નથી પરંતુ આ અસામાન્ય સંબંધ છતાં અમારી જમાઅતના અમુક

અસર ધરાવતા વડીલોની અતિશય જદ્દો જેહદ પછી પણ હજ્જની સફર માટે ફોટો વિના પરવાનગી ન આપવામાં આવી. હવે આ બહુમાન એક "બિદઅતી મોલ્વી"ને આપવામાં આવી રહ્યું છે ! જે નજદી અકીદાઓનો સૌથી મોટો હરીફ છે. જો આ બહુમાન પાછુ લેવામાં ન આવ્યું તો અમે ક્યાંય મોઢું દેખાડવાને લાયક રહીશું નહીં !

કાઉન્સિલ પર દેવબંદી પ્રપંચીઓની એટલી ભારે અસર પડી હતી કે તેણે પોતાની તરફથી વીઝા ન આપવાનો પાકો નિર્ધાર કરી લીધો. કેટલાયે દિવસો સુધી બહાનાંઓ બનાવીને ટાળતો રહ્યો એટલે સુધી કે તે તારીખ આવી ગઈ કે જે દિવસે જહાઝ છૂટવાનું છે. હવે અંતરની ગણત્રી કલાકોમાં રહી ગઈ પરંતુ હજી સુધી વીઝા ન મળી.

આ જ તે નાઝુક ઘડી હતી કે જયારે મુંબઈવાસીઓએ ખુલી આંખો વડે એક સાચા નાઈબે રસૂલની રૂહાની ઉચ્ચતાનો તમાશો જોયો. જ્યારે બે કલાક બાકી રહી ગયા તો અમુક ભોળા નિયાઝમંદોએ મશ્વરો આપ્યો કે હવે ફોટો પડાવી લો ! કામ બને એમ જણાતુ નથી ! એ સાંભળીને જલાલના આવેશમાં હઝરતની આંખો લાલ થઈ ગઈ ! કાચી નીંદમાંથી જાગનાર ઉમંગોના તોફાનને ફરીથી સૂવડાવી દેવું હવે શક્ય ન હતું. હવે ભૌતિક કોશિશોનો સમય ખત્મ થઈ ચૂક્યો હતો. દિલદ્રાવક બેચૈનીઓના આલમમાં હઝરતે પોતાનો કમરો ખાલી કરાવીને અંદરથી દરવાજો બંધ કરી લીધો.

પલક ઝપકતાં જ આહોનો કાફલો મદીના પહોંચી ગયો, હવે દીવાનું દિલ કૌનૈનના સુલ્તાનની ચૌખટ પર હતું. પુરસોઝ આશિકે શું ફરિયાદ કરી અને સરકારે વરસતી આંખો પર કેવી રહમતથી આસ્તીન રાખી ?! આ સર્વ માજરો રહસ્યના કિલ્લામાં છે. બહાર ઉભી રહેલી ભીડને કેવળ એટલું જ માલૂમ થઈ શક્યું કે જ્યારે કમરાનો દરવાજો ખુલ્યો તો હઝરત બેકલ ઉત્સાહી વીઝા લઈને ઉભા હતા !

લાગણીઓના આવેશમાં તે કેવળ એટલુ કહી શક્યા કે, "નવી દિલ્હીથી સઊદી સફીરનો ટેલીફોન આવ્યો કે શૈખુલ હદીષને તાત્કાલિક વિઝા આપી દો." એકદમ કદમોમાં પડી ગયા. હઝરતે તેમને ઉઠાવીને સીનાથી લગાડયા. દોસ્ત તો દોસ્ત પણ દુશ્મનોએ પણ એ હકીકતનો સ્વીકાર કરી લીધો કે **જે ખાકનશીનોના તરફદાર ગુંબદે ખદરાના તાજદાર છે તેમના પર વિજય પામવો મુશ્કેલ છે.**

*નિગાહે યાસ મેરી કામ કર ગઈ આખિર*
*રુલાકે ઉઠે થે વો મુસ્કુરા કે બૈઠ ગયે*

*(ઈશ્ક઼ કી ફતહે મુબીન, અઝઃ અલ્લામા અર્શદુલ ક઼ાદરી, રિસાલા હાફિઝે મિલ્લતકા ફૈઝાન, પેજ ૪૦ થી ૪૩)*

બંધ ઓરડામાં પોતાના આક઼ા ﷺ ના ઈશ્કે઼ ફરિયાદ કરતાં કેવી ફરિયાદ કરી કે આક઼ાએ ગુલામને મુખ્ય ઈન્આમથી નવાઝી આપ્યો અને જમાનાએ ઈશ્ક઼ના આ જવલંત વિજયને જોયો. અને આ ઈશ્કે઼ એક નવો ઈતિહાસ રચી આપ્યો. આ સરકાર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના ઈશ્ક઼ની તાક઼ાત હતી જેને દીનના દુશ્મનોના સર્વ નાપાક પ્રયત્નો અને નિરર્થક કાવતરાઓના ચૂરેચૂરા કરી આપ્યા.

કેટલાય સમયથી ફરિયાદ કરવાવાળા સાચા આશિક઼ હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની ફરિયાદ અલ્લાહના હબીબે સાંભળી અને તેમની આ ઈચ્છાને પૂરી કરી આપી.

*દિખા દે યા ઈલાહી વો મદીના કૈસી બસ્તી હૈ*
*જહાંપે રાત દિન મૌલા તેરી રહમત બરસ્તી હૈ*

અને પછી મદીના શરીફની હાજરીનું સૌભાગ્ય આપીને સરકાર નૂરે મુજસ્સમ ﷺએ તેમની આ ઈચ્છા પૂરી કરી આપી.

*વો દિન ખુદા કરે મદીના કો જાએં હમ*
*ખાકે દરે રસૂલ કા સૂરમા લગાએં હમ*

મદીના તયબાહમાં હાજર થતા ત્યારે મસ્જિદે નબવીમાં બાબે જિબ્રઈલ علیہ السلامના પાસે મુશ્કિલથી થોડી માટી ઉઠાવી હઝરતે પોતાની આંખો પર લગાડી. અને એની સ્પષ્ટતા બયાન કરી કે આ દિવસ

નસીબ થતા પહેલાં હું દુઆમાં આ શેર વાંચન કરતો રહેતો હતો :–

*વો દિન ખુદા કરે મદીના કો જાએઁ હમ*
*ખાકે દરે રસૂલ કા સૂરમા લગાએઁ હમ*

જ્યારે મદીના શરીફ પહોંચીને મેં આ તમન્ના પૂરી કરી લીધી અને એની તસ્દીક઼ (સમર્થન) પણ થઈ ગઈ કે મારા ઉપરના શેઅરને વાંચન કરવું કેવળ શાયરી ન હતું !

દરે રસૂલ ﷺની માટી શિફાની માટી છે, ફાયદાકારક છે, રહમતો નૂરનું ફૂલ છે, રહમતો નૂરનો લિબાસ છે અને તે પ્રિય વાણીના મુતાબિક઼ કે :–

*દરે જાના કી મુઝે ખાક લા દેના સબા*
*રહમતો નૂર કી પોશાક તો લા દેના સબા*

સૂરમો લગાડવો સરકાર ﷺની સુન્નત છે. હઝરત હાફિઝે મિલ્લત આ સુન્નત પર અમલ કરવાવાળા હતા અને દરરોજ રાત્રે સૂતી વખતે આંખોમાં સૂરમો લગાડતા હતા. સિત્તેર વર્ષ પછી પણ તેમની આંખોની રોશની એવી જ હતી જેવી કે યુવાન માણસની હોય છે. અને જ્યારે આંખોના ડોકટર તેમની આંખોની ચમક અને જોવાની તાક઼ત જોતા તો આશ્ચર્યમાં પડી જતા ! અલ્લાહ ! અલ્લાહ ! આ રસૂલે કરીમ ﷺનો જ રાસાયણિક નુસ્ખો હતો અને તેનું જ પરિણામ હતું, તેમની સુન્નત પર અમલ કરવાનું. હુઝૂર હાફિઝે મિલ્લત પોતે જ કહેતા હતા, **"રાત્રે સૂતી વખતે હું સૂરમો ઈસ્તેમાલ કરું છું અને મારું યકીન છે કે આ નુસ્ખાથી બેહતર આંખો માટે દુનિયામાં કોઈ દવા નથી."** હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના વ્યવહારમાં દરેક ચીજમાં હુઝૂર ﷺની સીરતે પાક જોવા મળે છે. તેમની કિતાબોમાં રસૂલે પાક ﷺની સીરતે મુબારકાનું લખાણ હતું, "તાજદારે મદીના ﷺના ઈશ્ક઼ો અક઼ીદતના હવાલાથી એક મો'મિન માણસ, એક રસૂલ પર કુર્બાન થવાવાળો, સરકાર ﷺથી સ્પર્શ થવાવાળી દરેક વસ્તુથી મહોબ્બત કરે છે, તેમના દરની માટી તથા કાંટાથી પણ પ્યાર રાખે છે."

સરકાર ﷺની દરેક અદાને અપનાવે છે અને હુઝૂર ﷺની દરેક અવાજ (હુકમ) પર લબ્બેક કહે છે. મદીના શરીફની ઝિયારત કરવાવાળો પણ સન્માનને પાત્ર થઈ જાય છે. ચૌદવી સદીના મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે ઈશ્ક઼ો મહબ્બત સૈયદના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો એક દસ્તૂર હતો કે જ્યારે કોઈ સુન્ની હજ્જ અદા કરીને આવતો તો આપ તેનાથી પૂછતા કે સરકાર ﷺની ઝિયારતથી સૌભાગ્યવંત થયા કે નહીં ?! એનો જવાબ નકારમાં મળતો તો તેના તરફ ચહેરો પણ ન કરતા ! અને જવાબ હા માં મળતો તો તે માણસના હાથો બલ્કે ત્યાં સુધી કે તેના પગોને પણ ચૂમી લેતા !

નમાઝ અદાએ મુસ્તફા ﷺનું નામ છે, નમાઝ એક અહમ ફર્ઝ છે, આ હઝરત મુહમ્મદ ﷺનો બારગાહે ખુદાવંદીથી લાવેલો તોહફો છે, નમાઝ હુઝૂર ﷺની આંખોની ઠંડક છે, નમાઝ મો'મિનની મેઅરાજ છે. અને એ પણ સાચુ છે કે નમાઝ હુઝૂર ﷺની અદાઓનું નામ છે. પોતે જ હુઝૂર ﷺ ફર્માવે છે, જેવી રીતે મને નમાઝ પઢતાં જુઓ તેવી જ રીતે પઢો.

હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ શરીઅત પર પૂરી રીતે અમલ કરવાવાળા હતા અને મુસલમાનોને શરીઅત પર અમલ કરાવવાવાળા હતા. શરીઅતને સમજાવવાવાળા શરીઅતના રહેબર હતા. તે સફર હોય કે મુક઼ામ પર નમાઝ અદા કરવા માટે ચુસ્ત વ્યવસ્થા કરતા. સફરમાં આપ બસ અથવા ટ્રેનમાં નમાઝના ટાઈમની પાબંદી સાથે અને નમ્રતાની સાથે અદા કરતા.

મૌલાના કાઝિમ અલી સાહબ અઝીઝી رحمۃ اللہ علیہ લખે છે, ટ્રેનમાં ખૂબ જ ભીડ હતી. ડબ્બો મુસાફિરોથી ખચાખચ ભરેલો હતો, ઉભા થવાની પણ શક્યતા ન હતી. રાત્રિનો સમય હતો, જેમ તેમ રાત પસાર થઈ. ભીડની તે જ હાલત હતી કે અંદરથી બહાર અને બહારથી અંદર જવાની કોઈ શક્યતા ન હતી પણ

હઝરત તેનાથી બેપરવા થઈને બહાર નીકળ્યા અને વુઝૂ કર્યું અને પ્લેટફોર્મ પર ફજરની નમાઝ પઢવા માટે ઊભા થઈ ગયા. આ તરફ ટ્રેને સીટી આપી. હઝરત મૌલાના કાઝિમ અલી સાહબ હેરાન તથા પરેશાન ! શું કરવું ?! સાંકળ ખેંચવાનો પ્રયત્ન કર્યો પરંતુ હાથ રોકી લીધો. ટ્રેને સિગ્નલ પાર કરી લીધો અને તેની ઝડપ પકડી લીધી. પણ થોડીક વાર પછી અચાનક ટ્રેન ઊભી થઈ ગઈ અને ડ્રાઈવરના સર્વ પ્રયત્નો પછી પણ ગાડીએ આગળ જવાનું નામ ન લીધું અને તેમને મજબૂર થઈને ટ્રેનને પાછળ લાવવી પડી. હવે ટ્રેન પ્લેટફોર્મ પર પાછી લાવી અને તેમની બોગી ત્યાં આવી જયાં પહેલાં હતી. હઝરત તશહ્હુદમાં બેઠા હતા. રેલ્વે સ્ટાફ ગાડીને જોવા લાગ્યા પણ કોઈ ખરાબી ન દેખાઈ, જયારે હઝરત ડબ્બામાં તશરીફ લાવ્યા (નમાઝ અદા કરીને) ત્યારે ટ્રેન ચાલવા લાગી ! યાત્રીઓ પુકારવા લાગ્યા, કુર્બાન તમારા ઉપર દિલો જાન ! તે ગોદડીમાં આટલો કિંમતી હીરો છુપાયેલો હતો. કેટલીયેવાર સુધી મુસાફરો પ્રશંસા કરતા રહ્યા. *(હાફિઝે મિલ્લત નંબર, પેજ : ૪૫૦ થી ૪૫૧)*

એક તરફ ફર્ઝ હજજની અદાઈગી અને સરકાર ﷺના દરબારની હાજરીની તમન્ના બીજી તરફ શરીઅતનો ખ્યાલ અને હિફાઝતની ભાવનાઓ.

*દિખા દે યા ઈલાહી વો મદીના કૈસી બસ્તી હૈ*
*જહાં પર રાત દિન મૌલા તેરી રહમત બરસ્તી હૈ*

અંતિમ સાચો ઈશ્ક઼ રંગ લાવ્યો. અને એ જે એવી રીતે કરિશ્મો દેખાડયો કે શરીઅત પર આંચ ન આવવા દીધી અને મુદ્દતોની આરઝૂ એ રીતે પૂરી થઈ કે જમાનો આશ્ચર્યમાં પડી ગયો અને હાફિઝે મિલ્લત વગર ફોટાએ હજજ યાત્રાની તથા ઝિયારતથી સૌભાગ્યવંત થઈ એક તારીખી કાર્ય અંજામ આપ્યું. મદીનામાં અદબ તથા સન્માનના સર્વ આદાબની સાથે બરકતોથી માલા માલ થતા રહ્યા અને કામયાબ થઈને પાછા આવ્યા.

બીજું કે કોઈ પણ હાલતમાં નમાઝની અદાઈગી અને આ અહમ ફર્ઝને અદા કરવા માટે ટ્રેનને છૂટી જવાની ફિકર વિના અને નબીએ કરીમ ﷺની દરેક અદાને અપનાવવી અને દરેક અદા પર ફિદા થવાની ભાવનાઓએ ટ્રેનને પાછી લાવી તેને પગો પાસે ફરી ઊભી કરી દેવી, આ કરામતનું જાહેર થવું રસૂલ ﷺના ઈશ્ક઼નો સદક઼ો છે. સરકાર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની જિંદગીથી જોડાયેલ આ ઘટનાઓ ઈશ્ક઼ની કૈફિયતનો મઝહર (પ્રકટ થવાનું સ્થાન) છે.

ઈલ્મે દીન જ ઈલ્મે નબવી છે અને આ ઈલ્મની ઉન્નતિથી જ રસૂલ ﷺની સહાયક જમાઅત તૈયાર થાય છે અને આ જ ઉલમા આગળ આવતી પેઢી માટે દીનને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાનો ફરીઝો અંજામ આપે છે. હઝરત હાફિઝે મિલ્લતે આ જ ઈલ્મે દીનની ઉન્નતિ, દીનની તબ્લીગ અને ફેલાવા એટલે કે ઈસ્લામની મજબૂતી માટે પૂરી જિંદગી વક઼ફ કરી દીધી હતી. એમણે પોતાના માટે પોતાના સીનામાં કોઈ આરઝૂ ન રાખી ન કોઈ ઈચ્છાઓ ઉછેરીને મોટી કરવાની, હા ! કોઈ ઈચ્છા તથા તમન્ના હતી તો ''બાગે ફિરદોસ''ને જવાનીનો ભપકો આપવાની ! મિસ્બાહુલ ઉલૂમથી ઈલ્મી ચિરાગોને રોશન કરીને જમાનામાં ફેલાવીને ઈસ્લામનાં કિરણોને ફેલાવી અને તેમના ઈમાનને મજબૂતી આપવાના ઈરાદાનો ઉત્સાહ અને ઈશ્ક઼ની તાક઼તે આ તમન્નાને પૂરી કરી આપી. અને આજે ''અલ્ જામિઅતુલ અશરફિયા-મુબારકપુર'' નૂરનો મિનારો બની સીધા માર્ગના યાત્રીઓ અને ઈલ્મ તલબ કરવાવાળાઓને સીધો માર્ગ દેખાડી રહેલ છે.

આ પણ હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના ઈશ્ક઼ની કલ્પનાની એક ખૂબસૂરત અને પ્રભાવશાળી દિશા છે. હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના ઈશ્ક઼ની કૈફિયત સિદ્દીક઼ી ઈશ્ક઼નો પડછાયો છે, એમાં ઈશ્કે બિલાલીનો રંગ ઝળકે છે, ઉવૈસી ઈશ્ક઼ની ખૂશ્બૂ મહેકે છે અને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ઈશ્ક઼ના કિરણોનું પ્રતિબિંબ છે. *(અશરફિયા ઉર્દૂ માસિક-મુબારકપુર, જુલાઈ-૨૦૦૯, અઝ : ડો. અ.નઈમ અઝીઝી)*

# વર્તમાન યુગમાં બદ્‌મઝહબિયતની
## પ્રગતિના સબબો અને તેનો ઈલાજ

**રજૂકર્તા : મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

*''અહલે સુન્નત વ જમાઅત''ની પ્રગતિ સામે શું શું અવરોધો છે તેના સંબંધે આપણી સુન્ની જમાઅતના ચિંતન કરનારા ઉલમાના થકી વિવિધ ખયાલો તથા તે અવરોધોને નાબૂદ કરવાના વિવિધ ઉપાયો અમો અવારનવાર એટલા માટે રજૂ કરીએ છીએ કે કદાચ કૌમના જાગૃત યુવાનો, વડીલોના દિલમાં અમારી વાતો અસર કરી જાય અને ક્યાંયથી પણ સુધારણાની ક્રાંતિ ઉઠી જાય જેનાથી સુન્નિયતનો બેડો પાર થઈ જાય ! **શાયદ કે ઉતર જાએ કિસી કે દિલમેં યે તીર !** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

નબીએ અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : ''બેશક ! બની ઈસરાઈલ ૭૨ સમુદાયોમાં વહેંચાઈ ગયા અને મારી ઉમ્મત ૭૩ ફિર્ક઼ાઓમાં વહેંચાઈ જશે તેમાં એકના સિવાય બધા જહન્નમી હશે. સહાબાએ કિરામે પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ એ કયો ફિર્કો છે ? ફર્માવ્યું, તે ફિર્કો (જમાઅત) એ છે જેના પર હું અને મારા સહાબા છીએ.''

આ રીતે રસૂલુલ્લાહ ﷺનું આ ફર્માન મો'જિઝો સાબિત થયું અને આપના જાહેરી વિસાલ પછી જ આ ઉમ્મતમાં ફાટ ફૂટ થવા લાગી. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ રضی اللہ عنہના સમયમાં મુસૈલમા કઝ્ઝાબ અને ઝકાતના મુન્કિરોનો ફિત્નો, પછી હઝરત અલી رضی اللہ عنہના દૌરમાં ખારજીઓ અને રાફઝીઓનું અસ્તિત્વ, તેના પછી મોઅતઝલા, જબરિયા, ક઼દરિયા, મુરજિયા, વગેરે જમાઅતોનું અસ્તિત્વ, અઢારમી સદીમાં વહાબિયત અને ક઼ાદયાનિયતનો ફિત્નો, આ બધા ફિત્નાઓ પોતાના સમયમાં ઘણા પ્રસિધ્ધ થયા પરંતુ જે ફેલાવો વહાબી ફિત્નાનો થયો તેવો કોઈનો ન થયો અને હજુ સુધી ચાલુ છે. એ ફિર્કાનો બાની (પાયો નાખનાર) મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદી છે જેણે પોતાના બનાવટી મઝહબ થકી તૌહીદના નામ પર ઘણી બધી ઈસ્લામી નિશાનીઓને નષ્ટ કરવાનું શરૂ કર્યું. આજે આ ફિર્કો અહલે સુન્નત વલ જમાઅતને ઉધઈની જેમ ખાઈ રહ્યો છે, સીધા સાદા મુસલમાનોને ધોકાથી જાળમાં ફાંસી રહ્યો છે, દિવસે દિવસે એ ફિર્કાના અનુયાયીઓની સંખ્યાનું પ્રમાણ વધતુ જાય છે. ભારતમાં એ ફિર્કાના મુબલ્લિગો મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી, નઝીર હુસૈન દહેલ્વી હતા. એ ફિર્કાની કૂખેથી અનેક ફિર્કાઓએ જન્મ લીધો. દેવબંદી, ગૈરમુક઼લ્લિદ, જમાઅતે ઈસ્લામી આ બધા એ જ ફિર્કાની ઔલાદ છે. બદમઝહબીની પ્રગતિ ખૂબ થઈ રહી છે જેથી આપણે તેનાં કારણો જોઈએ.

બાતિલ ધર્મની પ્રગતિનું પહેલું કારણ તો એ છે કે તેના અનુયાયીઓનું લક્ષ્ય પોતાના મઝહબને પ્રગતિ આપવાનું હોય છે, જેને પાર પાડવામાં તેઓ રાત દિવસ એક કરી દે છે, અને ફળીયે ફળીયે, ગામડે ગામડે ચક્કરો મારી પોતાની વિચારધારા અને અક઼ીદાઓને ફેલાવતા રહે છે. એ પ્રયાસમાં તેમના આલિમો તથા અવામ બંનેવ રહે છે, અને આ કામ આપણા અહલે સુન્નત વલ જમાઅતથી નથી થતું ! અહીં તો પોતાના દીનની જ ફિકર નથી એવી રીતે લોકો જીવે છે ! બદ મઝહબોની મહેનત, મીઠી વાતો અને દીનમાં જાહેરી દિલચસ્પી જોઈને સીધા સાદા મુસલમાનો તેમના ચક્કરમાં આવી જાય છે. આ રીતે આ સિલસિલો ચાલતો રહે છે ત્યાં સુધી કે આખાને

આખા ગામડાઓ બદ મઝહબોના વર્તુળમાં અને જાળ માં આવી જાય છે.

બીજુ કારણ એ છે કે તેમના મુબલ્લિગો લોકોના સામે ઘણી સુશીલતાથી પેશ આવે છે, સંજોગોવસાત કોઈ મોટા કામની જિમ્મેદારી પોતાને માથે લઈ લે છે, લોકો સાથે હમદર્દીનો દેખાવ કરે છે, નિખાલસતા અને ખુલૂસનો સબક઼ આપે છે, લોકોને ઘણી નરમીની સાથે પોતાની વાત સમજાવે છે, તેઓને તેમના ઉજ્જવળ ભવિષ્યના બાગ દેખાડે છે, જેનાથી જાહિલ અને અજ્ઞાન અવામ (જનતા) ધોકો ખાય તેમની જાળ માં ફસાઈ જાય છે. આપણા અહલે સુન્નતની સુસ્તીના લીધે આ કામ નથી થઈ રહ્યું જેથી બદમઝહબી વધતી જાય છે. બદમઝહબો પોતાના તબ્લીગી મિશનમાં એટલા વ્યસ્ત છે કે જો કોઈના ત્યાં મૌત થાય ભલે ને એ કોઈ પણ ફિર્કાનો હોય પણ તેઓ બોલાવ્યા વિના પહેલાથી ત્યાં હાજર રહેશે, કુટુંબીજનોને જૂઠી તસલ્લી આપશે, જ્યારે આપણામાં આ જઝબો નથી. આપણે દા'વત વિના ક્યાંય નથી જતા ! આ આપણી સૌથી મોટી કમી છે. અજ્ઞાન ભોળી અવામનું દિલ છેવટે કોની બાજુ કેન્દ્રિત થશે ? તેની જ સમક્ષ જે તેમની સાથે હમદર્દીનો વ્યવહાર કરે, ભલે પછી તે ગમે તેવા અકીદાનો હોય !

અવામ તેમની બનાવટ અને ઢોંગ જોઈને પણ પ્રભાવિત થાય છે. પોતાની ઉઠેલી પેશાનીઓ અને ઝુકેલી નજરો વડે લોકોના ઉપર ઘણો પ્રભાવશાળી દેખાવ કરે છે, તેમની જાહેરી ઈબાદત અને જાહેરી કઠોર પરિશ્રમ જોઈ લોકો ઘણા પ્રભાવિત થાય છે અને તેઓને હક઼ પર સમજી બેસે છે. ધાર્મિક પોગ્રોમોમાં વધુ પડતા તેઓ વિના બોલાવ્યે પહોંચી જાય છે, એથી વિશેષ એ કે નઝરાણુ પણ નથી માંગતા, એટલા માટે લોકો તેમનાથી પ્રભાવિત થાય છે અને તેમની વાતો ઉપર અમલ કરે છે. આપણા અમુક આલિમોએ પોતાની કારકિર્દી થકી માહોલને એટલો અસ્તવ્યસ્ત કરી દીધો છે કે અવામમાં મશ્હૂર છે કે ઉલમાએ અહલે સુન્નત નઝરાણા પર જ કામ કરે છે, મોટાં મોટાં નઝરાણા નક્કી કરે છે, અને બેજવાબદારીથી આડેધડ બયાન ઝાટકી ચાલ્યા જાય છે. જ્યારે તેમના સિવાય બીજા ફિર્કાવાળા નઝરાણુ નથી લેતા જેનાથી અવામ (જનતા) નિરાશ થાય છે અને અધકચરા લોકો બદમઝહબોથી નજીક થઈ જાય છે.

બદમઝહબીની પ્રગતિનો એક મોટો સબબ એ પણ છે કે તેમની બધી સહાયતા તથા ભંડોળની રકમ દા'વત અને તબ્લીગમાં જ વપરાય છે. સ્પષ્ટ વાત છે કે વિવિધ માધ્યમો વડે એક જ વસ્તુ ઉપર ધ્યાન દેવામાં આવે તો એ જરૂર વિકસિત થશે.

આપણા ત્યાં પણ આવકનાં માધ્યમો ઘણા છે, આવકના સાધનો ખૂબ છે, પરંતુ આપણે તેને નકામાં ગૈર જરૂરી કાર્યો પર અધિક ખર્ચ કરીએ છીએ. જેમ કે ઈદે મીલાદમાં શાને મુસ્તફામાં તકરીરો કરાવવાને બદલે તથા ગરીબો બીમારોને ઈદે મીલાદની ખુશીમાં મદદને બદલે ફટાકડાબાજી, બેન્ડબાજા તથા ઉર્સોમાં ક઼વ્વાલીઓમાં ફાસિક સિંગરો તથા રૂપાળી લલનાઓ બોલાવી ક઼વ્વાલીના મુકાબલા તે પણ એક બુઝુર્ગ, અલ્લાહના વલીના મઝારની સામે જ ! તથા અન્ય ફુઝૂલ ખર્ચી થાય છે. **આપણે મઝારોના ગુંબદ ઉપર સંગેમરમર તો લગાડીએ છીએ પરંતુ આપણી અંદર એ જઝબો નથી કે મઝારવાળા વલીના પૈગામને આમ કરીએ ! તેમની તવારીખ, તેમની દીની ખિદમતો, તેમની શરીઅતની પાબંદી કે તેમના જીવન પર કિતાબ છાપી તેમના સંદેશને ફેલાવીએ.** ચાદરો સાથે એટલી બધી અકીદત છે કે તેને જરૂર ચૂમીએ છીએ પરંતુ બાજુમાં રાખેલું કુર્આન શરીફ નથી અડકતા ! કિંમતી ચાદરો ચઢાવી પોતાની અકીદતનો તો સુબૂત દઈએ છીએ પરંતુ તે બુઝુર્ગની કે અન્ય બુઝુર્ગની લખેલી કોઈ દીની કિતાબને છપાવવાનો ભાર નથી ઉઠાવી શકતા ! ગૈર જરૂરી અને બેકાર કાર્યોમાં આપણે દૌલત ખર્ચ કરી શકીએ છીએ પરંતુ કોઈ તાલિબે ઈલ્મનું ભરણપોષણ નથી કરી શકતા. મોટાભાગે હસ્તીઓ, રહબરો તથા આલિમો જોવામાં આવે છે કે બીજાઓથી તો ચંદો વસૂલ કરે છે પરંતુ પોતાની પાસેથી કશું નથી કાઢતા ! (ઈલ્લા માશાઅલ્લાહ !)

આ બધાં કારણોના લીધે મઝહબે એહલે સુન્નતથી જ દીની રીતે અજ્ઞાન વચેટયા તથા અધકચરા લોકો નફરત કરવા લાગે છે ! અને બદમઝહબીને સહીહ સમજીને ગળે લગાડી બેસે છે.

બદમઝહબીની પ્રગતિમાં આપણા બુરા રીતરિવાજોનો પણ ઘણો મોટો રોલ છે. આપણે એટલા બધા આળસુ અને સુસ્ત બની ગયા છીએ કે એક કદમ ચાલવાનુ સહન નથી કરતા, એટલા માટે કે આપણી ઈજ્જત ઉપર ધબ્બો આવશે, લોકો શું વિચારશે ! આ ગલત વિચાર આપણા દિમાગમાં બેસી ગયો છે, જેના લીધે ઘરેથી એક કદમ બહાર કાઢવા નથી માંગતા. આ જ કારણે બદમઝહબી દિવસે દિવસે તરક્કી કરી રહી છે. આપણા સમાજમાં જાહિલ અને અજ્ઞાન અવામના અમુક બુરા રીતરિવાજો પણ બદમઝહબીની પ્રગતિમાં મદદરૂપ થયા, જેમ કે વર્તમાન તા'ઝિયાદારી, કેટલાકનું મઝારો સમક્ષ સજદા જેમ માથુ ટેકવી દેવું, મઝારો પર યુવાન યુવાન ઔરતોએ જવું, આ બધી નકામી વાતોને જોઈ એક તટસ્થ સ્વભાવની તથા અજ્ઞાન વ્યક્તિના દિમાગમાં તુરંત એ વાત આવે છે કે આ રીતરિવાજો વહદાનિય્યત અને ઈસ્લામના વિરુધ્ધ છે, આ એકદમ ગલત છે ! એને માનનારા અને કરનારા બંનેવ ગલત છે. (આ નકામી વાતો પર લોકોના વિના રોકટોક સતત થતા અમલે કેટલાક લોકોને એ વિચારવા પર મજબૂર કરી દીધા કે આ અહલે સુન્નત વલ જમાઅતના અકીદાઓમાંથી છે !) જયારે કે ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہએ સખ્તીની સાથે આવી બધી બિદઅતો અને બુરા કાર્યોથી મના કર્યું છે અને આ બધી વસ્તુઓની મનાઈ બાબતે કાયદેસર અલગ અલગ કિતાબો લખી છે. તાઝીયાદારીના નિષેધમાં "રિસાલએ તાઝીયાદારી", ઔરતોને મઝાર પર હાજરીથી રોકવા માટે 'જબલુન્નૂર' જેવી કિતાબો લખી. ઉલમાએ કિરામ પર જરૂરી છે કે અવામને આ ગુમરાહીથી હિકમતપૂર્ણ રીતે રોકે અને લોકોના સમક્ષ ઈમામે એહલે સુન્નતના લખેલા સહીહ સુન્ની અકીદાઓ અને દષ્ટિકોણને સ્પષ્ટ કરે. કેમ કે વહાબીઓ ભોળાભાળા લોકોને બહેકાવવા આ જ વાતો તેમના સમક્ષ રજૂ કરે છે અને કેટલાક તેમની વાતોમાં ભોળવાયને તેમના થઈ જાય છે. બદમઝહબીની પ્રગતિ કિતાબો અને લિટરેચર થકી ખૂબ થઈ રહી છે. ઠેર ઠેર તેમનાં કિતાબ ઘરો ઉપસ્થિત છે અને તેઓ પોતાના ગંદા અકીદાવાળી કિતાબો પણ ખૂબ લખે છે, નાની નાની કિતાબો અને લેખો લખી મફત વહેંચે છે, જેના કારણે તે લોકો જેઓ દીનનું જ્ઞાન નથી ધરાવતા તેઓ તેમની કિતાબો પઢીને તેમના થઈને રહી જાય છે.

બદમઝહબોએ પોતાના અકીદાઓની તબ્લીગ અને મસ્લકે અહલે સુન્નતથી બેઝારીનું જે હથિયાર અપનાવ્યું તે ખૂબ જ પ્રભાવશાળી હતું, તેમણે એના વડે પણ પોતાના અકીદાઓને ફેલાવ્યા કે બરેલ્વી કબ્ર પૂજક છે, બિદઅતી છે. અને દષ્ટાંત રૂપે બે ચાર મશ્હૂર મઝારોને રજૂ કરી દીધાં, અધિક્તર ઝિયારત કરનારા તો કબ્ર પર માથાં રાખીને તેને ચૂમતા જ રહે છે જેને સજદો કહીને તેઓ જાહિલ અવામને ભમાવે છે જેથી અજ્ઞાન વ્યક્તિના દિલમાં સુન્નિયતથી જ નફરત પૈદા થવી કોઈ મોટી વાત નથી. આ પ્રકારના ગલત પ્રચારોથી બદમઝહબી વધુ ફેલાયી. એના સિવાય પણ આપણામાં અમુક એવા આંતરિક અને બાહ્ય સબબો છે જેના લીધે બદમઝહબીની પ્રગતિ થઈ રહી છે.

આજે આપણા ઉપર જરૂરી અને અનિવાર્ય થઈ ગયું છે કે બદમઝહબીના વધતા પ્રવાહને રોકીએ અને અહલે સુન્નત વલ જમાઅતની પ્રગતિ માટે ભેગા મળીને કામ કરીએ. બાતિલ ફિર્કા આપણી ગફલતનો ખૂબ ફાયદો ઉઠાવી રહ્યા છે. આપણા માટે અનિવાર્ય છે કે આપણે દા'વત અને તબ્લીગમાં આપણી કાર્યવાહી તેજ કરી દઈએ. મઝહબે એહલે સુન્નત વલ જમાઅતની પ્રતિષ્ઠા માટે બનતો પ્રયાસ કરીએ. અજ્ઞાન અવામમાં ધુંવાધાર રીતે નહીં પણ કુર્આન, હદીષ, બુઝુર્ગોના કથનો ટાંકી નમ્રતાથી તકરીરો કરી પોતાના મઝહબની હક્કાનિયત અને બદમઝહબોના ચેહરા ઉપરથી બનાવટનો પર્દો ઉઠાવીએ અને હકીકત રજૂ કરીએ. રસૂલુલ્લાહ ﷺ, અહલે બૈતે કિરામ, સહાબાએ એઝામની અઝમત બયાન કરીને

અવામના દિલોમાં તેમની મહોબ્બત જાગૃત કરીએ, પઢેલા અને જ્ઞાન ધરાવનાર વર્ગોમાં કિતાબો અને લિટરેચર વડે બાતિલ ફિર્કાઓના અસલ મઝહબને સ્પષ્ટ કરીએ, તેમની ગુસ્તાખીઓનો પર્દો ઉઠાવીને મઝહબે એહલે સુન્નતની સદાકત અને હક્કાનિયતને જાહેર કરીએ.

તેના માટે એ પણ જરૂરી છે કે આપણી કલમી પ્રવૃતિઓને ગતિમાં લાવીએ, આ યુગમાં તબ્લીગ કલમ વડે જ અધિક જોશ પકડી રહી છે. આપણે કલમી ક્ષેત્રે વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરત છે, એટલા માટે કે અજ્ઞાન અવામમાં તો તકરીર વડે આપણે પોતાની વાત પેશ કરી શકીએ છીએ પરંતુ એજ્યુકેટેડ લોકોમાં આપણે આપણી વાત નથી રજૂ કરી શકતા, એટલા માટે કે અમુક મુકર્રિરોના તકરીરના અંદાઝથી એજ્યુકેટેડ વર્ગ એટલો નારાજ થઈ ગયો છે કે કદાચ જ કોઈ ધાર્મિક જલ્સામાં તેઓ આવતા હશે.

આપણે કુર્આનના કાનૂન અને કાયદા પ્રમાણે તબ્લીગ કરવી જોઈએ. અલ્લાહ તઆલાએ દા'વત તથા તબ્લીગનો અંદાઝ આ રીતે બયાન ફર્માવ્યો : "પોતાના રબની રાહ તરફ હિકમત અને સારી નસીહત સાથે બોલાવો." *(સૂરએ નહલ-૧૨૫)*

આ આયતે કરીમાથી સાબિત થયું કે મુબલ્લિગ માટે સુશીલ અને નરમ સ્વભાવવાળા હોવું અનિવાર્ય છે. સખ્તી અને ખરાબ સ્વભાવ આ રસ્તામાં ઉલ્ટી અસર કરે છે. નરમીની સાથે વાતચીત અને વાતચીતમાં મધૂરતા તબ્લીગનો બુનિયાદી હિસ્સો છે. વાતચીતમાં મીઠાશથી મોટા મોટા સખ્ત દિલોને મીણની જેમ નરમ બનાવી શકાય છે. દીનની પ્રગતિ પ્રતિ આપણુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. ફુઝૂલ ખર્ચી તથા ગૈરજરૂરી ચીજોમાં ખર્ચ કરવાના બદલે તેને જરૂરી ધાર્મિક કાર્યમાં ખર્ચ કરવાની જરૂરત છે, જેમ કે કોઈ તાલિબે ઈલ્મનું ભરણપોષણ કરવું, મદ્રસો ચલાવવો, લોકોની જરૂરતો પૂરી કરવી, પોતાના સમાજમાંથી કુરિવાજો ખત્મ કરવા અતિશય જરૂરી છે. તા'ઝિયાદારીની ગલત રસ્મોને બદલે લોકોને બીજા ધાર્મિક કામો તરફ પ્રોત્સાહિત કરવા. ઉલમાએ કિરામે પોતાના ઈલ્મ પર અમલ કરવાની જરૂરત છે જેથી તેમની વાતોની લોકોના દિલો પર અસર થાય. લોકોને બદઅકીદાઓ સાથે સગાઈ, સંબંધ, દોસ્તી કરવાથી રોકવામાં આવે, પરંતુ ફત્વાના તેવરમાં નહીં બલ્કે સુધારણાના અંદાઝમાં સમજાવીને, જેથી રોકવાનું કારણ તેની સમજમાં મજબૂત રીતે સમાય જાય અને તે બદ્‌મઝહબોથી સંબંધ કટ કરે.

કૌમના રૂપિયાને ગૈરજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ કરવાના બદલે મદ્રસાઓ ખોલવામાં અથવા તબ્લીગી સંસ્થાઓ બનાવવામાં ખર્ચ કરવા જોઈએ, અને મદ્રસાઓમાં લોકોને દા'વત તથા તબ્લીગથી નજીક કરવા માટે દા'વત અને તબ્લીગનો વિભાગ કાયમ કરવો જોઈએ તેમજ વર્તમાનયુગના તકાદા પ્રમાણે લેખન અને સંપાદકીય વિભાગ પણ ખોલવો જોઈએ જેથી ભવિષ્યમાં આવનારી પેઢીની કલમ અને લેખન કાર્ય પ્રત્યે દિલચસ્પી વધે અને જમાનાની દોડમાં પાછળ ન રહી જાય. સમયની માંગ જોતાં ઉલમાએ કિરામને ઉચિત નઝરાણા આપી કિતાબો અને લિટરેચરો લખાવવામાં આવે અને તેને મફત અથવા સસ્તી કિંમતમાં લોકોમાં વહેંચવામાં આવે, કેમ કે આ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہના દસ મુદ્દાના કાર્યક્રમનો મહત્વનો હિસ્સો છે. આપણે દરેક કાર્ય નિખાલસતાપૂર્વક કરવું પડશે, દીની તથા દુનિયવી તા'લીમ સાથે સ્કૂલો કરીને લોકો સાથે ભાઈચારા અને હમદર્દીનો વ્યવહાર કરવો પડશે, તેમનાં દુઃખ દર્દમાં કામ આવવું પડશે.

જો આપણે આ બધી ખૂબીઓ અને ટેવો અપનાવી લઈએ તો કોઈ કારણ અથવા સબબ નથી જેથી એહલે સુન્નત વલ જમાઅતની પ્રગતિ ન થાય અને બદમઝહબીનો કિલ્લો ધ્વસ્ત ન થાય. ઉલમાએ એહલે સુન્નતે કૌમના રહબર અને રેહનુમાની દષ્ટિએ દા'વતી તથા તબ્લીગના મેદાનમાં આવવાની બેહદ જરૂરત છે. *(કન્ઝુલ ઈમાન, મે-૨૦૦૯, અઝ : મુહમ્મદ શહાબુદ્દીન રઝવી, લેખન સંપાદન વિભાગ, અલમજમઉલ ઈસ્લામી-મુબારકપુર)*

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

## બરકાતે ખ્વાજા (માસિક)ની કામગીરી પ્રશંસનીય !

★ મોહતરમ જનાબ શબ્બીરભાઈ ! સલામ બાદ, "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા" તથા "બરકાતે ખ્વાજા" (માસિક)–દયાદરા થકી મઝહબી ક્ષેત્રે તથા સામાજિક ક્ષેત્રે સારી એવી કામગીરી થઈ રહી છે ટૂંકા ગાળામાં "બરકાતે ખ્વાજા" તથા સંસ્થાએ સારી એવી દીની સેવા કરી સારી લોકચાહના અવામમાં મેળવેલ છે. આપની કામગીરી પ્રશંસનીય તથા સરાહનીય, સુંદર, અનુકરણીય તથા અભિનંદનીય છે. આપના તંત્રી લેખો ખૂબ જ ચોટદાર, અસરકારક અને અનુભવી કલમે સુંદર અસરકારક ભાષા શૈલીમાં રજૂ થતા હોય છે જે વાંચકોને વાંચવા ખૂબ જ પસંદ પડે છે. તમામને સુંદર કામગીરી બદલ ખૂબ ખૂબ મુબારકબાદી. *–અ. હબીબ તરકવાડીયા (જસદણ)*

★ ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ્, મુહિબ્બે એહલે સુન્નત, નાશિરે મસ્લકે આ'લા હઝરત, શૈખે કલમ, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મોહતરમ જનાબ હાજી શબ્બીર અલી રઝવી (તંત્રી બરકાતે ખ્વાજા) સાહબ સલામ બાદ આપનુ "બરકાતે ખ્વાજા" માસિક દર મહીને સમયસર મળી જાય છે. આપનું માસિક ખરેખર ગૌષો, ખ્વાજા વ રઝાની બરકાત લૂટાવી રહ્યું છે. હું આ સિવાય બીજા ઘણા માસિકો પઢુ છું. પરંતુ તેમાં આપનું માસિક અલગ તરી આવે છે. આ માસિકમાં સચોટ સમયને અનુરૂપ ઈન્કિલાબી લેખો વાંચવા મળે છે. તેમાં મારી સામે મે–૨૦૧૦નું માસિક છે તેમાં આવેલ દરેક લેખો ખૂબ સુંદર સચોટ અને ઈન્કિલાબી છે. તંત્રી લેખ તો હમેશાં જ અનોખો હોય છે પરંતુ બાકીના લેખોમાં પણ કોની તારીફ કરવી એ મુઝવણમાં મૂકે છે. તેમ છતાં દા'વત તથા તબ્લીગના માટે ખાનકાહી નિઝામ કેટલો અસરકારક અને મૌલાના સૈયદ મુહમ્મદ અશરફ અશરફી કછૌછવીથી મુલાકાત ખૂબ જ અસરકારક અને અમલમાં લેવા જેવા લેખો છે. અંતમાં દુઆ છે કે અલ્લાહ તઆલા હુઝૂરે પાક ﷺના સદકામાં આપનાથી આ જ રીતે દીનની ખિદમત લે અને આપની ઉમ્રમાં અને ઈલ્મમાં બેપનાહ બરકતો અતા કરે અને આપના છોકરાઓને પણ આ રીતે દીની ખિદમત કરવાની તૌફીક અતા કરે. આપ મારા માટે પણ દુઆ કરજો અલ્લાહ તેના હબીબ ﷺના સદકામાં ઈલ્મો અમલમાં બેપનાહ બરકતો અતા કરે. (આમીન)

*લિ. દુઆનો હકદાર : ગુમનામ ચાહક*

**કામસોલી** : (તા. તીલકવાડા)થી હાફેઝ સાજિદ હસન ટંકારીબંદરવાળા જણાવે છે કે આજરોજ તા. ૫/૫/૨૦૧૦ના રોજ મદ્રસાએ ફૈઝાને રઝા કામસોલી ખાતે તલબા અને તાલિબાતની વાર્ષિક પરીક્ષા મૌલાના હાફિઝ મોહસિન રઝા નૂરીના હસ્તે લેવામાં આવી જેમાં તલબા અને તાલિબાતે કુર્આન શરીફ, આયતો, કલમા અને ઉર્દૂ કિતાબ, ઉર્દૂ લખાણ અને દીનિયાતની પરીક્ષા આપી. પ્રથમ ત્રણ નંબર આવેલાનાં નામ નીચે મુજબ છે : (૧) રેશ્માબાનુ ઝાકિરહુસૈન ઘોરી, (૨) રેશ્માબાનું નસરૂલ્લાહખાન રાઠોડ, (૩) કલીમુદીન મુહમ્મદ હુસૈન ઘોરી, ઉપરાંત મદ્રસાએ ફૈઝાને રઝાના તમામ તલબા અને તાલિબાતને ઈનામો વિતરણ કરવામાં આવ્યાં. *–હાફેઝ સાજિદ હસન (ટંકારી)*

**જૂનાગઢ** : અહી સુન્ની બોરવાડ યંગ ગૃપ તરફથી સુન્ની બોરવાડ ખાતે તા. ૨/૪/૨૦૧૦ શુક્રવારે રાત્રે ઈશાંની નમાઝ બાદ સુન્ની બોરવાડમાં હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہની યાદમાં જશ્ને સરકારે ગૌષુલવરા શેહઝાદએ હુઝૂર અમીરે મિલ્લત પીરે તરીકત હઝરત મૌલાના ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવી ગાદીનશીન ખાનકાહે રઝવિય્યાહના પ્રમુખ સ્થાને શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામી હઝરત મૌલાના હાફિઝ મુહમ્મદ શાકિર રઝવી સાહેબ તથા હઝરત મુફતી હસીબુર્રહમાન સાહેબે શાનદાર તકરીર ફર્માવી હતી. તથા જામનગરના મશહૂર નાતખ્વાં મૌલાના સૈયદ છોટે સલીમમિયાં બાપુએ તેમના મધુર કંઠે નાતે રસૂલ પેશ કરી હતી. આ ઉપરાંત આ જલ્સામાં ઉલમાએ કિરામ, સાદાતે એઝામએ હાજરી આપી હતી. સલાતો સલામ, દુઆએ ખૈર બાદ આમ ન્યાઝનું પણ આયોજન કરવામાં આવેલ હતું. *–સુન્ની બોરવાડ યંગ ગ્રુપ (જૂનાગઢ)*

## શાદી મુબારક

**નડિયાદ** : આલે રસૂલ હઝરત સૈયદ ઝૈનુલ આબિદીન શૌકતઅલી કાદરીયુલ જીલાની જામેઅ મસ્જિદ રોડ–સૈયદવાડા (પેટલાદ)ના ભાઈ સાહબ પીરઝાદા સૈયદ મુહમ્મદ ઝુબૈરની નિકાહ ખ્વાની ૪–રબીઉલ આખર

૧૪૩૧ હિ. તા. ૨/૩/૨૦૧૦ રવિવારે સુમૈયા ફાતિમા અઝહરી સાથે રાખવામાં આવી. સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં જોડાને તથા કુટુંબીજનો બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)–*તંત્રી* : બરકાતે ખ્વાજા (માસિક)

**ભૂજ** : નિવાસી મર્હૂમ ઈસ્માઈલ હસન લોહાર વાઢાના નેક ફરઝંદ મુહમ્મદ રફીકની શાદી રેહાનાબાનુ (D/o. લોહાર વાઢા મુહમ્મદ અલી અબૂબક્ર–અંજાર) તથા બરકાતે ખ્વાજા (માસિક) તથા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાના નિઃસ્વાર્થ સફીર ઈમ્તિયાઝભાઈની શાદી અફસાબાનુ (D/o. લોહર વાઢા સાલેમામદ હુસૈન–ભૂજ)ની સાથે તા. ૧૮/૪/૨૦૧૦ રવિવારે રાખવામાં આવી. સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! સૌ આબાદ રહો, ફૂલો ફલો અને દીનની ખિદમત કરો એવી દુઆ. (આમીન) –*તંત્રી*

**ટુંડાવ** : જનાબ સૈયદ સાબિર હુસૈન ઈસામુદ્દીન સાહબ જણાવે છે કે આપની નેક દુખ્તર સૈયદા અંજુમનિસાના નિકાહ સૈયદ મુહમ્મદ શોએબ (S/o. સૈયદ શબ્બીર હુસૈન–હરવાટ) સાથે આપના બડેભાઈ સૈયદ ઈસામુદ્દીનના નેક ફરઝંદ હાજી જાવિદ હુસૈનના નિકાહ સૈયદા યાસ્મિન (D/o. સૈયદ શબ્બીર હુસૈન–હરવાટ) સાથે અને આપના ભાણ્યા સૈયદ હાજી કમાલુદ્દીન તમીમુદ્દીનના નિકાહ સૈયદા ફરહતજહાં (D/o. સૈયદ ફરીદ હુસૈન–વલણ) સાથે તા. ૨૪/૪/૨૦૧૦ તથા ૨૫/૪/૨૦૧૦ના રોજ ટુંડાવ તથા વડોદરા મુકામે રાખવામાં આવ્યા. દુલ્હા–દુલ્હનો તથા કુટુંબીજનો ખૂબ ખૂબ મુબારકબાદ ! –*તંત્રી*

## શાદી પ્રસંગે મેહફિલે નઅતો–બયાન

**દયાદરા** : ખાતે મર્હૂમ યાકૂબ અહમદ ભટાના નેક ફરઝંદ હઝરત મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ની હાફેઝ શબ્બીર અહમદ પટેલ રઝવી (સારણવાળા) વડોદરાની નેક દુખ્તર શાહેદાબાનુ સાથે તા. ૫/૫/૨૦૧૦ બુધવારે સવારે દયાદરા ખાતે અકુજી કોમ્યુનિટી હોલમાં કુર્આનની તિલાવત હાફેઝ ફહદ (કાવી) પછી કસીદા બુર્દા શરીફ અબ્દુર્રઉફ (પાલેજ) પઢયા પછી નિકાહ હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ (આમોદી) સાહબે પઢાવ્યા છેવટે સલાતો સલામ બાદ સૈયદ સાહબે દુઆ કરી. એના નિમિત્તે તા. ૪/૫/૨૦૧૦ની રાત્રે ઈશા બાદ કન્યાશાળા પાસે શાનદાર સુન્ની ઈજતેમા રાખવામાં આવ્યો જેમાં જનાબ સૈયદ મોઈનુદ્દીન સાહબ–મુંબઈ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી) એ શાનદાર નઅતોના ગુલદસ્તા પેશ કર્યા, સેહરો સરસ અંદાઝમાં દુલ્હાને પેશ કર્યો. છેવટમાં મુકર્રિરે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીનુદ્દીન કાદરી (નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ) સાહબે પોતાના અનોખા અંદાઝમાં નિકાહની ઈસ્લામી હિકમતો, નિકાહ કોની સાથે કરવામાં આવે તથા બદમઝહબો વહાબી દેવબંદીથી નિકાહ નથી થતા છતાં નામના નિકાહ કરવાનો શું વબાલ છે તે તથા નિકાહ પઢાવી દેનારાઓ વિશે શું હુકમ છે તે વગેરે મુદલલ્લ બયાન કર્યું હતું. ખાસ્સી સંખ્યામાં આવેલ સુન્ની અવામને નસીહતો કરી અંતમાં સલાતો સલામ દુઆ બાદ ઈજતેમા ખત્મ થયો હતો. દુલ્હા–દુલ્હન તથા બંનેનાં કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં જોડાંને હમેશાં ખુશીઓથી નવાઝે, બંને જહાનની નેઅમતોથી માલામાલ કરે. (આમીન) –*તંત્રી*

**વડોદરા** : મુહમ્મદ જમાલભાઈ સુલેમાન શેખના નેક ફરઝંદ મુહમ્મદ હારૂનની નિકાહખ્વાની તા. ૮/૫/૨૦૧૦ના રોજ વીણા મુકામે (તા. નડિયાદ) મર્હૂમ હુસૈનમિયાંની નેક દુખ્તર આબેદાબાનુ સાથે રાખવામાં આવી. એ નિમિત્તે તા. ૬/૫/૨૦૧૦ના રોજ જુમેરાતે ઈશા બાદ તેમના નિવાસ સ્થાને ખત્રીવાડ–હાથીખાના વડોદરા ખાતે મેહફિલે નઅત સજાવવામાં આવી હતી. સૌને મુબારકબાદ ! રબ્બે કરીમ બંને જહાનની બરકતોથી નવાઝે. (આમીન) –*તંત્રી*

**કલમ** : (તા. વાગરા) યાકૂબ (બાબુ) ઈબ્રાહીમ ઝંઘારીયાની નેક દુખ્તર અસ્માબાનુની શાદી તા. ૧૧/૫/૨૦૧૦ મંગળવારે (૨૬–જમાદેઉલ અવ્વલ–૧૪૩૧)ના રોજ મૂલેર નિવાસી આદમ (બાબુ) અહમદ ઉમરના નેક ફરઝંદ નૂર મુહમ્મદ (સઈદ) સાથે રાખવામાં આવી. ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ સૌને આબાદ રાખે. (આમીન) –*તંત્રી*

## દીવમાં જશ્ને ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ

દીવ ખાતે તા. ૮–૫–૨૦૧૦ શનિવારે હાજી અ. શકૂર અબ્દુલ્લાહ વોરાને ત્યાં ૧૧ મી શરીફની ન્યાઝનો મગરિબ બાદ પ્રોગ્રામ હતો અને ઈશા બાદ "જશ્ને ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ" મનાવાયો જેમાં મુબલ્લિગીને સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ હાફિઝ અબ્દુર્રહીમ નાપાડવાળા તથા જનાબ મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામીએ નઅતે પાક–મન્કબત બાદ શાનદાર ઈમાન અફરોઝ બયાનો કર્યાં હતાં.

**વેરાવળ** : જૂની મામલતદાર ઓફિસ પાસે "જશ્ને રહમતે આલમ" ﷺનું આયોજન તા. ૧૬–૩–૨૦૧૦ (૨૯–રબીઉન્નૂર–૧૪૩૧)ના રોજ મૌલાના નઝમુલ હુદા રઝવી (ખતીબ : અરબ ચોક મસ્જિદ)ની નિઝામત હેઠળ ઈશા બાદ હઝરત અલ્લામા મુફતી અલ્હાજ સૈયદ વલીઉલ્લાહ ચિશ્તી સજ્જાદા ખાનકાહે શફીપુર શરીફ, યુ.પી. તથા હઝરત મૌલાના હાફિઝ જાવેદ રઝવીએ બયાન ફર્માવેલ. *–રજૂકર્તા : હાજી કાલુ કરવત રઝવી (અલ બરકાત ગૃપ–વેરાવળ)*

**રાજકોટ** : મુકામે તા. ૧/૫/૨૦૧૦ શનિવારના રોજ હઝરત મૌલાના સૈયદ કેશર રઝા (મન્નાન રઝા) મહેબૂબી, કાદરી, ખલીફએ હુઝૂર મહેબૂબે મિલ્લત ઈન્તેકાલ ફર્માવી ગયા છે તેમને સુપુર્દે ખાક જામનગર ઈદગાહ કબ્રસ્તાનમાં કરવામાં આવેલ છે. મર્હૂમો મગફૂરે જમાઅત માટે તન મન ધનથી દીનની ખિદમત કરેલ છે. મસ્લકે આ'લા હઝરતના તે સાચા સિપાહી હતા. રબ્બે કદીર તેમની ઉપર રહમો કરમની વર્ષા કરે. આમીન. *અબ્દુલસત્તાર રઝવી તસ્નીમી (ખાદિમે દારૂલ ઉલૂમ ફૈઝે મુફતીએ આ'ઝમ–વઢવાણ)*

**દયાદરા** : ખાતે રફીક અલી જીકરીવાળાનાં વાલિદા હુરીબેન અલી જીકીવાલાનો ઈન્તેકાલ તા. ૨૮–૪–૨૦૧૦ના રોજ થયો છે.

**નબીપુર** : જનાબ હાફેઝ ગુલામ મરચીના વાલિદ સાહબ સુલેમાન અહમદ મરચી ઉર્ફે રૂસ્તમભાઈ ઈન્તેકાલ ૨૮–૪–૨૦૧૦ના રોજ ઈન્તેકાલ કરી ગયા.

રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં ઉપરોક્ત મર્હૂમોની મગફેરત ફર્માવે, કુટુંબીજનો, સગાંને સબ્રે જમીલ આપે. સૌના માટે "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા" આમોદ ખાતે કુર્આન ખ્વાની કરાવી દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ડાભા** : (તા. જંબુસર)ના જનાબ અકબરભાઈ પેન્ટર રઝવીના પત્ની આયશાબેન તા. ૭–૫–૨૦૧૦ના સૂરત મુકામે અચાનક ઈન્તેકાલ કરી ગયાં. મર્હૂમાની દફનવિધિ ડાભા મુકામે તા. ૮–૫–૨૦૧૦ના રોજ થઈ. મર્હૂમાના સવાબ અર્થે અકબરભાઈ તરફથી રૂા. ૩૦૦/– બે "બરકાતે ખ્વાજા" (માસિક)ના ગ્રાહકો માટે મળ્યા છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે, પાછલી ઔલાદની હિફાઝત કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મસ્જિદ તા'મીર કે લિએ ઈમદાદ કી ટહેલ !

સૂરતસે મુહમ્મદ ઈસ્માઈલ એ. સક્કરવાલા ઠે. સલાબતપુરા મોમનવાડ જો હઝરત "વલી સાહબકી મસ્જિદ" તથા દરગાહ ટ્રસ્ટ કે ટ્રસ્ટીકી આપસે અર્ઝ યે હૈ કિ ઈસ મસ્જિદ કી તવારીખ હિજરી સન ૧૧૯૨મેં તામિર હુઈ. પુરાની મસ્જિદોંમેં સે એક હૈ, મસ્જિદ કે આજુબાજુ હિંદુઓંકી બસ્તી હૈ, રોડ પર મસ્જિદ આઈ હુઈ હૈ, મસ્જિદકા એરિયા બઢાના હૈ, મસ્જિદકા વિસ્તાર, ઔર નયે રૂપસે બાંધકામ કરના હૈ. જિસમે રૂા. ૩૦ લાખકા ખર્ચ હોનેકી ગુંજાઈશ હૈ. મસ્જિદ તામીરી ખર્ચ કી રકમ કે લીયે ઈમદાદ જરૂરી હૈ. તો સખી હઝરાત ખાસ તવજ્જોહ કરે.

*લિ. મુહમ્મદ ઈસ્માઈલ એ. સક્કરવાલા–સૂરત મો. ૯૮૨૫૫ ૫૧૦૮૨, ૯૭૨૪૮ ૧૧૪૩૭*

**ત્રાજ** : (તા. માતર, જિ. ખેડા)માં આવેલી મસ્જિદનુ બાંધકામ બહુ પહેલાં થયેલું અને હમણા તેને શહીદ કરીને નવેસરથી બાંધકામ ચાલુ છે. જેમાં કુલ ૨૦ લાખ રૂા.નો ખર્ચ છે. અને આ ગામમાં મુસલમાનોના ૩૫ ઘરો છે અને આ ગામના મુસલમાનો એ ખર્ચ ઉઠાવી શકે તેમ નથી. જેથી સખીદાતા પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે ભરપૂર મદદ કરી જન્નતમાં પોતાનો મહેલ ઉભો કરાવે.

**સંપર્ક કરો** : (૧) મૌલાના યાકૂબ સુબ્હાની (મો. ૯૭૩૭૨ ૨૨૫૭૫) (૨) શરીફખાન પઠાણ (મો. ૯૮૯૮૮ ૭૩૪૩૨) પ્રમુખ : સુન્ની નૂરાની મસ્જિદ ત્રાજ, તા. માતર, જિ. ખેડા

**સૂરત** : અડાજણ દરગાહ મસ્જિદ ખાતે મસ્જિદની "કાયમની આવક" માટે એક જૂનુ મકાન મળ્યું છે જેને ઉકેલી ચાર માળનું બાંધતાં ચાર ભાડુઆત તેમાં રહી શકશે જેનાથી મસ્જિદનો નિભાવ ખર્ચ ઉભો થઈ જશે. તો આ નેક કામમાં મર્હૂમોના સવાબ અર્થે સહાય કરવા નમ્ર અપીલ છે.

**સંપર્ક કરો** : અઝીઝભાઈ પટેલ મછાસરાવાળા (મો.) ૯૮૯૮૭૦૯૨૪૧

### લેખ હરીફાઈનું પરિણામ......

## વિષય : **એલાને હક્ક સંબંધે બુઝુર્ગોનો કિરદાર અને આપણે**

**પ્રથમ નં** : ખત્રી ઉષ્માગની સુલેમાન-ડભોઈ
*(S.S. College of Pharmacy-Banglore)*

**બીજો નં.** : મુહમ્મદ ઉવૈસ અમીન બકાલી
*(દારુલ ઉલૂમ મિસ્કીનિયા–ધોરાજી)*

**ત્રીજો નં.** : મુહમ્મદ અનીસ રિફાકતી
*(દારુલ ઉલૂમ ગૌષે સમદાની–પીપળીયારાજ)*

**ચોથો નં.** : અબ્દુર્રઉફ યાકૂબ પટેલ-પાલેજ
*(દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**પાંચમો નં.** : અબ્દુર્રહમાન દાઉદ પટેલ-પારખેત
*(દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

### હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!

## ઈસ્લામમાં જૂઠ તથા વાદાખિલાફીની બુરાઈ અને આપણો માહોલ

જૂઠ તથા વાદા ખિલાફીની બુરાઈ સંબંધે કુર્આન, હદીષ તથા ઉલમાના અકવાલ તેમજ હુઝૂર ﷺ, સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીનના પાકીઝા કિરદારની રોશનીમાં આ વિષયે સચોટ લેખ લખવામાં આવે તથા વર્તમાન માહોલની શું સ્થિતિ છે અને તેની સુધારણા માટે શું કરવું જોઈએ એ સંબંધે દલીલયુક્ત, અસરકારક લખાણ જલ્દીથી લખી મોકલાવા તલબાને નમ્ર ગુજારીશ છે. ઉલમા હઝરાત તલબાનું રસ લઈને માર્ગદર્શન કરી લખે લખવા પ્રોત્સાહિત કરે એવી નમ્ર દરખાસ્ત છે. *–તંત્રી*

**તા. ૧૦–૦૭–૨૦૧૦ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.** *-તંત્રી*

### અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીના ઈન્કિલાબી બયાનોની CD મંગાવો

અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના હાફિઝ કારી મુહમ્મદ શાકિર રઝવી નૂરી**નાં લેટેસ્ટ બયાનોની CD મંગાવી જીવનમાં દીની ઈન્કિલાબ પેદા કરો !

**★ હયાતે ઈન્સાનીમેં કુર્આન કી અષરઅંગેઝી ★ રિઝ્કે હલાલ કી અહમિયત**
**★ જન્નત કી નહરેં ★ જન્નત કે ફલ ★ તેહત્તરમેં એક કૌન ?.... વગેરે બયાનો તથા**

મુફક્કિરે ઈસ્લામ **હઝરત અલ્લામા કમરુઝ્ઝમાં આ'ઝમી સાહબ** (સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન) તેમજ **હઝરત મૌલાના સૈયદ અમીનુદ્દીન કાદરી માલેગાંવી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)નાં લાજવાબ બયાનોની CD મંગાવો. તેમજ **અલ્હાજ કારી રિઝવાન સાહબ** તથા **સૈયદ અહમદ રઝા–મુંબઈ**ની નઅતોની CD પણ મંગાવો. કારોમાં રીક્ષાઓમાં ફિલ્મી ગીતો તથા મ્યુઝિકને બદલે આ CD રાખો અને બેબરકતથી બચી બરકતો હાંસલ કરો.

**સંપર્ક કરો :–** સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) C/o. બોનાન્ઝા **STD PCO,** મોટા ચકલા,
મુ.પો. **દયાદરા,** તા. જિ. ભરૂચ, ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૭૪ ૩૭૫૯૦

### શિફા માટે દુઆની અપીલ

**હઝરત અલ્લામા મૌલાના પીર સૈયદ કમરૂદ્દીનબાવા એ. દરિયાઈ રિફાકતી અશરફી કારંટવી** (ખલીફાએ મુફતીએ કાનપુર વ સરકારે કલાં) સાહબની તબીયત આજકાલ નાદુરુસ્ત ચાલે છે. હાર્ટના પ્રોબ્લેમને કારણે આપે તા. ૧૬/૩/૨૦૧૦ના રોજ અમદાવાદ મુકામે બાયપાસ સર્જરીનું ઓપરેશન કરાવવું પડયું છે. તો સૌ સુન્ની ભાઈઓ બહેનોને અપીલ છે કે હઝરતની સેહત વ તંદુરસ્તી માટે દુઆ ગુઝારશો. હઝરતની બીમારીની ખબર પડતાં ઘણા લોકો આપના ચાહકો, મુરીદો, શાગિર્દો રૂબરૂ કારંટા શરીફ પણ ખબર લેવા ગયા તથા ફોન પર પણ દેશ વિદેશથી ચાહકોએ ખબર અંતર પૂછી દુઆઓ આપી તે સૌનો હઝરત પણ તહેદિલથી આભાર માને છે એવો અમને સંદેશ આપ્યો છે. સૌને રબ્બે કરીમ જઝાએ ખૈર આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*

## છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!

**નુઝહતુલ કારી શરહે બુખારી** એટલે **''બુખારી શરીફની શરહ (ભાગ-૨)''** જૂન સુધીમાં છપાઈને આવી જવાની ઉમ્મીદ છે. (ઈન્શાઅલ્લાહ !) તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત ખર્ચ **રૂા. ૩ લાખ** (૫૦૦૦ કોપી) છે તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/-** ભરી **''અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા''**ના મેમ્બર થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે.

**સંપર્ક કરો :-** તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



## *ગુજરાતી લિપિયાંતર* : કુર્આન મજીદ તર્જુમા : કન્ઝુલ ઈમાન, તફસીર : ખઝાઈનુલ ઈર્ફાન

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ શ્રેષ્ઠ તર્જુમો તથા સદરુલ અફાઝિલ હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ તફસીર સાથે (પેજીસ : ૮૯૫) એક જ જિલ્દમાં ''અરબી સામે તર્જુમો, નીચે તફસીર સાથે સરસ ઉમદા પ્રકાશન છે જરૂરથી મંગાવો. પ્રકાશક : **કલીમ બુક ડેપો**, ત્રણ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ હદિયો : નથી લખ્યો ! સંપર્ક કરો :- (ફોન) : ૦૭૯૨૫૩૫૦૦૫૬

આ કુર્આન દરેક સુન્નીના ઘરમાં હોવું તથા વંચાવું જરૂરી છે. ઉર્દૂ બોલી ગુજરાતી (શબ્દોમાં) લિપિ છે જેની માંગ ઘણી રહે છે. તમો પણ જરૂરથી મંગાવો, દીકરીઓને પણ શાદી પ્રસંગે ભેટ રૂપે આ જ કુર્આન આપો. પ્રકાશકને મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## *કંથારીયા (તા. ભરૂચ) પાસે કોઈ ગુસ્તાખે અવલિયાનું*
## બુઝુર્ગની કબર તોડવાનું દુષ્કૃત્ય !

**કંથારીઆ :** (તા. જિ. ભરૂચ) પાસે ઘરમિયા નાળા પાસે, ફાતમા પાર્કથી આગળ ખેતરમાં હઝરત પીર સૈયદ મુહમ્મદ કુત્બુદ્દીન રિફાઈ رحمۃ اللہ علیہ ઉર્ફે પાપડીયા પીરનો મઝાર શરીફ આવેલો છે જેની આસપાસ હવે સોસાયટીઓ ઉભી થઈ રહી છે, તો કોઈ બદબખ્ત વહાબીની ઔલાદે રાતના સમયે મઝાર શરીફનો ઓટલો તેમજ કબર શરીફને બુલડોઝર વડે તોડી ઈંટો વેર વિખેર કરી નાખી જેની પાછળથી સુન્ની પબ્લિકને જાણ થતાં રાતમાં જ ત્યાં ભરૂચ શહેરમાંથી તથા આસપાસમાંથી પુષ્કળ લોકો ભેગા થઈ ગયા અને પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી તથા તા. ૨૭/૪/૨૦૧૦ના રોજ કલેક્ટર સાહેબ ભરૂચને આ દુષ્કૃત્યના વિરૂદ્ધમાં તથા આ કુકર્મ કરનારને પકડીને તેના પર સખત રીતે કાયદાકીય પગલાં ભરવામાં આવે જેથી ફરી કોઈ અવલિયાનો ગુસ્તાખ આવી હિંમત ન કરી શકે એ માટે આવેદન પત્ર આપવામાં આવ્યું. આવેદન પત્ર ભરૂચ જિલ્લાના સુન્ની મુસ્લિમો વતી હાફેઝ મુહમ્મદ રિફાકતી (ગુલશને દારુલ ઉલૂમ અજમેર-ભરૂચ), મૌલાના કલીમુલ્લાહ નિઝામી, યુસુફભાઈ શેખ (ફુરજા-ભરૂચ), યુસુફભાઈ માંચવાળા, મુશ્તાકભાઈ અલી ટોપીવાળા-વાગરા, પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરા, હાફેઝ ગુલામ મોહયુદ્દીન નબીપુરી તથા બુઝુર્ગના ખાનદાનના સાદાત વગેરે સંગાથે આપ્યું હતું. આ પ્રતિનિધિમંડળે ભરૂચ જિલ્લા ડી. એસ. પી. સાહબની પણ આ બાબતે મુલાકાત કરી હતી અને તેમણે સત્વરે કાર્યવાહીની ખાત્રી આપી હતી. હજી સુધી કોઈની ધરપકડ થઈ નથી પણ નજીકમાં જ મુજરિમો પકડાવાની શક્યતા જણાય છે, અને જો એવું નહીં થાય તો એની સામે જોરદાર અહિંસક આંદોલન ભરૂચ જિલ્લાના સમગ્ર સુન્નીઓને જમા કરીને મોટા પાયે ચલાવવામાં આવશે. મઝકૂર બુઝુર્ગનો ઈતિહાસ જેમને જાણવો હોય તેઓ ખૂદ દેવબંદી દારુલ ઉલૂમ-કંથારીયાનું પ્રકાશન નં. ૧૧૦ ''અવલિયાએ ગુજરાત'' પેજ નં. ૧૪૬ નો અભ્યાસ કરી લે. *-તંત્રી*

# સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સુન્ની શાહ યુવતી** : ઉંમર ૨૯ વર્ષ, ઊંચાઈ : ૫. ૫', એજ્યું. B. Com (SR), વર્ણ ગોરો, કોમ્પ્યુટર, ઈંગ્લિશ મીડિયમ, ભાષા : અંગ્રજી, ગુજરાતી, હિંદી, મરાઠી, ઉર્દૂ જાણકાર, મુંબઈ (વસઈ) મો. ૯૩૨૧૭ ૪૭૮૪૨.

**૨. શેખ યુવતી** : ઉંમર ૨૬ વર્ષ, ઊંચાઈ : ૫. ૩', M. A. Bed., સંસ્કારી–દીનદાર યુવતી માટે દીનદાર યોગ્ય પાત્રના વાલી તરફથી બાયોડેટા આવકાર્ય. (વડોદરા) મો. ૯૯૯૮૫ ૬૫૮૫૬.

**૩. શેખ યુવતી** : ઉંમર : ૨૪ વર્ષ, ઊંચાઈ : ૫. ૬', S. S. C., I. T. I., ટેલરીંગ કરેલ, સંસ્કારી દીનદાર યુવતી માટે યોગ્ય પાત્ર. મો. ૯૯૯૮૫ ૬૫૮૫૬ (વડોદરા)

**૪. શેખ યુવતી** : ઉંમર : ૩૦ વર્ષ, ઊંચાઈ : ૫. ૨', વજન–૫૦ kgs, વાન ઘઉં વર્ણો, એજ્યુ. ગ્રેજ્યુએટ (હિન્દી) એસ. એન. ડી. ટી. યુનિ., નોકરી : વુમન પોલીસ કોન્સટેબલ, કોમ્પ્યુટર ઓપરેટર, સરકારી નોકરીયાત કે બિઝનેસમેન સૌરાષ્ટ્ર વિસ્તારમાં પસંદગીને પાત્ર. મો. ૯૮૭૯૫ ૬૪૭૯૫ (અમરેલી તરફ)

**૫. મલેક યુવક** : ઉંમર : ૪૨ વર્ષ, વિધુર–નિઃસંધાન, ધંધો : નોકરી પગાર રૂા. ૫૦૦૦ માસિક, નિઃસંતાન, બેવા, ત્યક્તા, કુંવારી, ઉ. વ. ૩૦ થી ૪૦ની આસપાસની નેક ઘર રખુ યુવતીની તલાશ. મો. ૯૮૯૮૦ ૧૧૪૫૯ (વડોદરા તરફ)

**નોંધ** : વધુ માટે **'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**નઅતે પાકની છે નૂરાની મેહફિલો !**

**વાગરા** : (જિ. ભરૂચ) ખાતે **૪–૬–૨૦૧૦** બરોઝ જુમ્આ ઈશા બાદ જનાબ મખ્દૂમ અલીભાઈ ટોપીવાળાની શાદીના મુબારક અવસર નિમિત્તે તેમજ.......

**વડોદરા** : મુક઼ામે તા. **૮–૬–૨૦૧૦** મંગળવારે ઈશા બાદ "મચ્છી પીઠ" પાસે જનાબ સુલ્તાન રઝા મુઈની (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–વડોદરા)ની શાદીના મુબારક પ્રસંગ નિમિત્તે.....

મેહફિલે નઅતનો શાનદાર સુન્ની ઈજતેમા થશે જેમાં હિંદના મશ્હૂર નઅતખ્વાં બુલબુલે બાગે મદીના **અલ્હાજ ક઼ારી મુહમ્મદ રિઝવાનખાન** *(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)* મુંબઈથી તશરીફ લાવી આ નૂરાની મેહફિલોને સજાવશે. તો તમામ સુન્ની હઝરાત હાજરી આપી સવાબે દૌરન હાંસલ કરશો.


## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે**



3 X 2 લકઝરી બસ

**આખી ટીકીટ** રૂા. ૪,૫૦૧/–

**અડધી ટીકીટ** રૂા. ૨,૫૦૧/–

**પ્રવાસ દિવસ** ૧૫

અજમેર શરીફ સાથે ઉદેપુર, કપાસણ, ચિત્તોડગઢ, સરવાડ શરીફ, ફતેપુર, સીક્રી, આગ્રા, મકનપુર, કીછોછા, બહેરાઈચ, દેવા શરીફ, લખનઉ, બરેલી, કલીયર, હરિદ્વાર, મસુરી, દિલ્હી, જયપુર, પરત ધોળકા.

**બસ ઉપડવાની તારીખ** : ૨૩/૦૬/૧૦, રાત્રે ૧૦.૦૦ કલાકે

**નોંધ** : **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૨/૫/૧૦ અને ૨૮/૫/૧૦ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. **૩.** હરિદ્વારથી મસુરી સ્વખર્ચે જવાનું રહેશે. **૪.** મસુરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે.

**બસ ઉપાડવાનું સ્થળ** : તાલુકા પંચાયત, સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા, જિ. અમદાવાદ

**આયોજક** : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૫૦૯૫૨૫૪, ૯૭૨૪૬૫૯૮૫૩